
# શ્રી ગુરુજી : એક જીવનયજ્ઞ



# શ્રી ગુરુજી : એક જીવનયજ્ઞ



મૂળ લેખક
પ્ર. ગ. સહસ્રબુદ્ધે

ભાવાનુવાદ
નલિન છો. પંડ્યા

શ્રી ગુરુજી : એક જીવનયજ્ઞ

• પ્ર. ગ. સહસ્રબુદ્ધે
ભાવાનુવાદ
• નલિન છો. પંડ્યા

પાંચમી આવૃત્તિ : ૨૦૧૩

પ્રકાશક :
સાહિત્ય સાધના ટ્રસ્ટ
રામનિવાસ, બળિયાદેવના મંદિર પાસે
કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૮
દૂરભાષ : (૦૭૯) ૨૫૪૩૪૫૪૯

મૂલ્ય : રૂ. ૩૦

મુદ્રક
ભગવતી ગ્રાફિક્સ
સિટી મિલ કમ્પાઉન્ડ
કાંકરિયા રોડ
અમદાવાદ ૩૮૦ ૦૨૨
દૂરભાષ : (૦૭૯) ૨૫૪૬ ૪૯૯૨

# પ્રસ્તાવના

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક પરમ પૂજનીય શ્રી માધવરાવ સદાશિવરાવ ગોળવલકરના જીવન પ્રસંગો વર્ણવતું, વિશેષ રૂપે બાળકો અને કિશોરોને નજરમાં રાખીને લખાયેલું, આ એક સરળ જીવનચરિત્ર છે.

આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું નામ સમગ્ર દેશમાં ફેલાયેલું છે અને દુનિયાભરમાં એ ગૂંજી રહ્યું છે. આ કાર્યવિસ્તારનું અધિકતમ શ્રેય શ્રી ગુરુજીના નેતૃત્વને ફાળે જાય છે. એમનું જીવન ત્યાગમય હતું, તપસ્યામય હતું. તેઓ બુદ્ધિમાન હતા, અધ્યાત્મના જ્ઞાતા હતા અને વ્યવહારકુશળ પણ હતા. તેઓ મૂળગ્રાહી હોવા છતાં વાણી અને વ્યવહારમાં મૃદુ અને નમ્ર હતા. એ રીતે આધુનિક યુગના તેઓ એક અસામાન્ય મહાપુરુષ હતા.

આ મહાન દેશસેવકનું જીવનચરિત્ર બાળકો, કિશોરો અને નવયુવકો સરળતાથી વાંચે, એમના મહત્ત્વપૂર્ણ જીવનપ્રસંગોને ગ્રહણ કરે, એનું મનન ચિંતન કરે અને એને આધારે તેમનું જીવન સુવિકસિત અને સદ્ગુણસંપન્ન બનાવી પોતાનું જીવનપુષ્પ ભારતમાતાને ચરણે અર્પિત કરવાની એમનામાં ઈચ્છા પ્રગટે તે હેતુથી લખવાનો પ્રયાસ કર્યો છે. આબાલવૃદ્ધ પાઠકોને એ ગમશે એવી મને આશા છે.

આ નાનકડું પુસ્તક લખવા માટે મેં અનેક મોટા ગ્રંથો અને લેખોમાંથી સામગ્રી પ્રાપ્ત કરી છે. એ દૃષ્ટિએ હું શ્રી હ. વિ. દાત્યે, શ્રી ચં. પ. ભિશીકર તથા સ્વ. શ્રી નાના પાલકરનો અત્યંત ઋણી છું. સાત ખંડોમાં વહેંચાએલ 'શ્રી ગુરુજી સમગ્ર દર્શન' ગ્રંથનો પણ મેં ભરપૂર ઉપયોગ કર્યો છે. આ પુસ્તકના લેખન માટે મને પ્રોત્સાહિત કરનારા અને પ્રકાશનમાં યોગદાન આપનારા મહાનુભાવો સર્વશ્રી મોરોપંત પિંગળે, સુદર્શનજી, બાપુરાવ વહાડપાંડે તથા રંગનાથરાવ વગેરે સન્માનનીય મિત્રોનો હું ખૂબ ખૂબ આભારી છું.

વિજયાદશમી, દિનાંક ૨૭ - ૨ - ૮૪      **પ્ર. ગ. સહસ્રબુદ્ધે**

## ૧

# પવિત્ર મૂર્તિ

'આપણા આદ્ય સરસંઘચાલકજીની ઈચ્છાનુસાર શ્રીમાન્ માધવરાવજી ગોળવલકર આજથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પદે બિરાજે છે. હવે તેઓ આપણા માટે ડૉક્ટરજી સમાન જ વંદનીય છે. આપણા આ નવનિયુક્ત સરસંઘચાલકજીને હું મારા પ્રથમ પ્રણામ સમર્પું છું.'

નાગપુર પ્રાંતસંઘચાલક મા. શ્રી બાબાસાહેબ પાધ્યેજી ઉપર્યુક્ત ઘોષણા કરી શ્રી ગુરુજીને પ્રણામ કરી સ્વસ્થાને બેસી ગયા. તે પછી શ્રીમાન્ આબાજી હેડગેવાર બોલવા ઊભા થયા. તેઓ ડૉક્ટરજીના કાકા તથા વયોવૃદ્ધ હતા. તેમણે કહ્યું, 'યાદ રાખો, આપણા ડૉક્ટરજી ગુજરી ગયા નથી. આપણા સુપરિચિત માધવરાવજી ગોળવલકર જ આજથી આપણા ડૉક્ટરજી બની ગયા છે. તેમના આદેશોને ડૉક્ટરજીના જ આદેશો માની આપણે તેનું તત્પરતાથી પાલન કરવું જોઈએ.'

આ પ્રવચનો રેશમબાગ સંઘસ્થાન પર થઈ રહ્યાં હતાં. ૩ જુલાઈ, ૧૯૪૦ના દિવસે ત્યાં એક મહત્ત્વપૂર્ણ સમારોહ યોજાયો હતો. સંઘના હજારો સ્વયંસેવકો તથા નાગપુરના નાગરિકો એ અભૂતપૂર્વ કાર્યક્રમમાં હાજર હતા.

વર્ષાકાળ શરૂ થઈ ગયો હતો. એ દિવસે પણ વરસાદ વરસ્યો હતો. આકાશમાં ગાઢાં કાળાં વાદળ છવાઈ ગયાં હતાં. વચ્ચે વચ્ચે વરસાદ પડી જતો હતો, તો પણ આવા વાતાવરણની સહેજ પણ પરવા કર્યા વિના ગણવેશધારી

હજારો સ્વયંસેવકો રેશમ બાગના ચિરપરિચિત સંઘસ્થાન પર એકત્રિત થયા હતા. અન્ય નગરો અને પ્રાંતોના અનેક સ્વયંસેવકો પણ આ કાર્યક્રમ માટે ખાસ આવ્યા હતા.

સંઘના આદ્ય સરસંઘચાલક ડૉક્ટર હેડગેવારજીનો દિ. ૨૧ જૂન, ૧૯૪૦ ના દિવસે સ્વર્ગવાસ થયો હતો. આજે તેમનું તેરમું હતું. પોતાના પરમપ્રિય તેમજ પરમ શ્રદ્ધેય દિવંગત નેતાને શ્રદ્ધાંસુમન સમર્પિત કરવાનો તથા એ અવસરે નૂતન સરસંઘચાલકજીને કાર્યભાર સોંપવાનો આ મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ હતો. સંઘનો અધિકાંશ અધિકારીગણ ત્યાં ઉપસ્થિત હતો. પ્રાંત તથા નગરો પ્રમાણે પ્રમુખ હરોળો રાખવામાં આવી હતી. નાગપુર નગરના સ્વયંસેવકો શાખાશઃ ઊભા હતા. સામે સાદો, સુંદર તથા ભવ્ય મંચ હતો. મંચ પર પ્રાંત સંઘચાલક બાળાસાહેબ પાધ્યે, વર્ધા જિલ્લા સંઘચાલક અપ્પાજી જોશી, શ્રીમાન્ આબાજી હેડગેવાર, શ્રીમાન્ માધવરાવ સદાશિવ ગોળવલકર આદિ પ્રમુખ વ્યક્તિઓ બિરાજી હતી. જમણી બાજુ ઊંચા ધ્વજસ્થંભ પર પરમપવિત્ર ભગવો ધ્વજ અત્યંત શાનદાર રીતે લહેરાઈ રહ્યો હતો. સામે જ ડૉક્ટર સાહેબની કર્મભૂમિ તથા એમની દાહભૂમિ હતી. એ દૃશ્ય માત્રથી જ ભાવનાશીલ સ્વયંસેવકોના મનમાં અનેક પુરાણી યાદો તાજી થઈ રહી હતી.

સ્વયંસેવકો ન હતા તેવા અનેક ગણમાન્ય નાગરિકો પણ આ સમારોહમાં ઉપસ્થિત હતા. તેમનામાંના કેટલાક લોકોના મનમાં સંઘ વિશે આદરભાવ હતો, કેટલાક તો કેવળ ઉત્સુકતાવશ જ ત્યાં ઉપસ્થિત રહ્યા હતા. વાદળોને લીધે કાંઈક અસ્વસ્થતા તેમજ ખિન્નતા પ્રસરી ગઈ હતી. અનેકોના મનમાં આશંકા હતી. તેઓ વિચારતા હતા, ‘હવે આ સંઘનું શું થશે ? એના નિર્માતા, એના સૂત્રધાર,

એના સર્વેસર્વા ડૉક્ટર હેડગેવારજી તો ગયા... હવે એ સંઘ ચાલશે ખરો ? હવે સ્વયંસેવકો એકદિલે કામ કરશે ખરા ?...'

અનેકોના મનમાં આ પ્રકારના અનેક પ્રશ્નો ઉદ્ભવી રહ્યા હતા; પરંતુ અત્યારે તેઓ જે કાંઈ જોઈ રહ્યા હતા તેનાથી તેમની આશંકાઓ દૂર થતી જતી હતી... કેટલો મોટો કાર્યક્રમ હતો ! કેટલો ભવ્ય ! કેટલો અનુશાસન બદ્ધ ! કેવી શાંતિ ! સર્વ સમસ્યાઓનું નિરાકરણ અહીં આપોઆપ થઈ જાય છે. જુઓ... સ્વયંસેવકોની ચાલ જુઓ... છાતી કાઢીને કેવા ચાલી રહ્યા છે ! તેમના દરેક ડગમાં દૃઢતા અને આત્મવિશ્વાસ છે. આ કાર્યક્રમ બતાવી રહ્યો છે કે સંઘમાં વ્યક્તિનિષ્ઠા નહિ, ધ્યેયનિષ્ઠા શીખવવામાં આવે છે. ભ્રાતૃપ્રેમ, નિરપેક્ષ ત્યાગ, સેવાભાવ, પરિશ્રમ અને તપશ્ચર્યા... આ બધા ગુણોના આધારે આ કાર્ય અત્યાર સુધી ચાલતું આવ્યું છે અને એના જ ભરોસે આગળ પણ તે જ ગતિએ પ્રગતિ કરતું રહેશે. આ વાતાવરણમાં આ આશ્વાસન દરેકના હૃદયમાં અંકિત થઈ ગયું હતું.

પાધ્યેજીએ નૂતન સરસંઘચાલક મહોદયનું નામ જાહેર કરી તેમને પ્રણામ કર્યા, ત્યારે ચારેકોર આનંદની લહેરખી ફેલાઈ ગઈ. નૂતન સરસંઘચાલકજી બોલવા માટે ધ્વનિવર્ધક યંત્ર પાસે આવ્યા. તેમના લાંબા કાળા વાળ તેમના ખભા પર વિખરાયેલા હતા. નાનીશી દાઢી અને સ્ફૂર્તિમાન કાયા ! અત્યંત તેજસ્વી મુખમુદ્રા ! જાણે હિમાલયમાંથી ઊતરી આવેલ કોઈ તરુણ તપસ્વી અહીં આવી હાજર થઈ ગયો છે ! આ મૂર્તિને જોતાં જ સ્વયંસેવકોનાં મન ખીલી ઊઠ્યાં. શરીર રોમાંચિત થઈ ગયાં. સઘળા લોકો ખૂબ તલ્લીનતાપૂર્વક તેમનું ભાષણ સાંભળવા લાગ્યા.

## ૨

# સિંહાસન : વિક્રમાદિત્યનું

શ્રી ગુરુજીનું સરસંઘચાલકપદેથી આપેલું એ પહેલું પ્રવચન હતું. તે સીધું સાદું, આકર્ષક તથા પ્રભાવશાળી હતું. પ્રવચનનો સારાંશ આવો હતો :

'આપ સૌ સમક્ષ હું કાંઈ બોલી શકીશ કે નહિ એ મને ખબર નથી. મારું મન ખૂબ દુ:ખી છે અને વળી મારા ઉપર એક મહત્ત્વપૂર્ણ જવાબદારી આવી પડી છે. ડૉક્ટરજી હવે રહ્યા નથી, એ કલ્પના જ આપણા માટે અસહ્ય છે; પરંતુ આપણું કાર્ય કેવળ કોમળ ભાવનાઓ પર આધારિત નથી. એ તો વિચારો અને સિદ્ધાંતો પર આધારિત છે. આપણું આ કાર્ય વાસ્તવિકતા પ્રત્યે સંપૂર્ણ ધ્યાન આપી ચાલનારું છે.'

'આપણા ડૉક્ટરજી મહાન દ્રષ્ટા હતા. તેઓ ત્યાગી અને પરિશ્રમી હતા. તેમણે પોતાના જીવન દ્વારા આપણી સમક્ષ એક મહાન આદર્શ રજૂ કર્યો હતો. આપણે તેમનામાં માતાનો સ્નેહ, પિતાની દક્ષતા અને શિક્ષકનું કૌશલ્ય પામતા હતા. તેઓ મારા આરાધ્ય દેવ હતા. તેમનું પૂજન મારા જીવનની સૌથી વધુ આનંદદાયક ઘટના હતી. અહીં એક વાત કરી દેવી યોગ્ય ગણાશે. તેમના પૂજનથી કોઈને પણ ક્યારેય વ્યક્તિપૂજાનો દોષ લાગશે નહિ. તેમનું કોઈ વ્યક્તિગત જીવન જ ન હતું. તેમનું સંપૂર્ણ જીવન શ્રેષ્ઠ તત્ત્વોથી ભરપૂર હતું. તેમનું જીવન ત્યાગમય, સેવામય, તપોમય તેમજ સમર્પિત જીવન હતું.'

'તેમનું પૂજન કરતી વેળા આપણે 'શિવો ભૂત્વા શિવં યજેત્' વચનનું પાલન કરવું પડશે. શિવરૂપ બની શિવનું પૂજન કરો એ એનો અર્થ છે. આપણે ડૉક્ટરજીનું પૂજન કરવું હશે તો, આપણે તેમના જેવા બનીને જ તેમનું પૂજન કરવું પડશે. તેમનું સ્વદેશ ચિંતન કેવું હતું ? ભારતની ઉન્નતિ માટે તેમનો આત્મા કેવો તડપતો હતો ? આપણે તેમનું આ વ્રત પાળવું પડશે. પોતાનું બલિદાન આપી સંપૂર્ણ આકાશ તેજોમય કરી દેવું - એ

નિઃસંદેહ મહાન ઘટના છે. તેને હૌતાત્મ્ય કહે છે; પરંતુ દરરોજ બળતા રહેવું, ચંદનની જેમ ઘસાઈ ઘસાઈ પોતાના જીવનને સમાપ્ત કરી દેવું, એ સૌથી મોટી વાત છે. તેનું પોતાનું અલગ તેમજ સ્થાયી મહત્ત્વ છે. તે ખૂબ જરૂરી છે.. ડૉક્ટરજીએ આપણને આ પાઠ શીખવ્યો છે. સંઘ કાર્યનો પ્રારંભ થયો ત્યારે આવું વિચારનાર ડૉક્ટરજી એકલા હતા, એક માત્ર વ્યક્તિ હતા. આજે આપણે હજારો સ્વયંસેવકો એ ભાવનાથી ઓતપ્રોત છીએ. એ કાર્યને તન - મન - ધનથી પૂર્ણ કરવાની આપણે પ્રતિજ્ઞા લીધી છે. આપણા જેવાં અનેકાનેક હૃદયોને પ્રજ્વલિત કરવાનું અસાધારણ કાર્ય ડૉક્ટરજીએ કર્યું છે.'

'ડૉક્ટરજીમાં અસામાન્ય સામર્થ્ય હતું. મારા જેવા અતિ સામાન્ય માણસ પર તેમણે આટલા મોટા કાર્યની જવાબદારી સોંપી દીધી એ જ આનું ઉદાહરણ છે. શ્રી રામકૃષ્ણ પરમહંસના એક શિષ્યનું મને સ્મરણ થાય છે. હરકોઈ એને મહામૂર્ખ માનતું હતું. છ મહિના સુધી પ્રયત્ન કર્યો તો પણ તે મૂળાક્ષર સુધ્ધાં શીખી શક્યો ન હતો. પણ... તે શ્રી રામકૃષ્ણની પૂજા સામગ્રી અત્યંત તત્પરતાથી એકત્રિત કરતો. પુષ્કળ પત્ર - પુષ્પો લઈ આવતો. પોતાની ઈહલોક લીલા સમાપ્ત કરતી વેળાએ શ્રી રામકૃષ્ણદેવે તેના માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. થોડા જ દિવસોમાં તે એક વિદ્વાન તેમજ અધિકારી પુરુષમાં ગણાવા લાગ્યો. તે ઉપનિષદોનું ઉત્તમ વિવેચન કરવા લાગ્યો. મહાપુરુષો પોતાના સ્પર્શ અને આશીર્વાદ દ્વારા કોઈને પણ મહાન યોગ્યતા પ્રદાન કરી શકે છે.'

'બીજી એક પ્રાચીન કથા યાદ આવે છે. અવંતીનગરી પાસે સમ્રાટ વિક્રમાદિત્યનું સિંહાસન દટાયેલું હતું. તેના પર માટીનો ટીંબો થઈ ગયો હતો. અહીં ગોવાળિયાઓ ગાયો ચરાવ્યા કરતા હતા. તેઓ મોટા ભાગે બાળકો હતા. તેમનામાં પરસ્પર કાંઈ ટંટો - ફિસાદ થતો તો એક બાળક તુરત જ પેલા ટીંબા પર જઈ બેસી જતો અને સુંદર ન્યાય આપતો. દૂધનું દૂધ પાણીનું પાણી. વિક્રમાદિત્યના અપાર પુણ્યના પરિણામે એ ગોવાળિયામાં અલૌકિક શક્તિનો સંચાર થતો હતો. આ સરસંઘચાલકપદ પણ વિક્રમાદિત્યનું સિંહાસન જ છે. હું તો કેવળ ગોવાળિયો છું. આપ સૌ વિશ્વાસ રાખજો; ડૉક્ટર સાહેબ મને સુયોગ્ય પ્રેરણા આપશે અને જે યોગ્ય હશે તે જ મારા હાથે કરાવશે.'

'આપણે નિષ્ઠા તેમજ નિશ્ચયપૂર્વક સંઘકાર્ય વધારવું પડશે. આ સંઘ કાંઈ લજામણીનો છોડ નથી. વિશ્વભરમાં વિભિન્ન મતો અને વાદોનો આક્રોશ ભલે થતો રહે; તેમાં આપણું કાર્ય લોપાશે નહિ. તે સંકટોની આગમાં બળશે નહિ કે કોઈના દબાવ્યે દબાશે નહિ. આ તો એક અભેદ્ય દુર્ગ છે. એના પર આક્રમણ કરનાર પોતે જ પોતાનું માથું ફોડશે. ડૉક્ટરજીએ બતાવેલ માર્ગે આપણે ચાલીએ એમાં આપણને બે લાભ થશે. આપણું વ્યક્તિગત જીવન સફળ થશે અને રાષ્ટ્રનું કલ્યાણ થશે. આપણા આ કાર્ય દ્વારા જ હિંદુ રાષ્ટ્રને વૈભવપૂર્ણ મંગલમય દિન પ્રાપ્ત થશે, પણ... આપણાં હૃદયોમાં પ્રજ્વલિત ધ્યેય જ્યોતિ અખંડરૂપે પ્રજ્વલિત કરવી પડશે. આપણે કોઈપણ પ્રકારના વિકારને વશ થઈએ નહિ કે કોઈ પ્રકારના લોભનો શિકાર બનીએ નહિ. આપણાં ડગ પ્રતિદિન આગળ વધતાં રહે. મને વિશ્વાસ છે કે આપણા સૌ સ્વયંસેવકો તથા સન્મિત્રોના સહકાર્યના ભરોસે આ કાર્ય સારી રીતે પાર પાડી શકીશ.'

આ આશયવાળું શ્રી ગુરુજીનું પ્રવચન સાંભળતી વખતે સૌ શ્રોતાગણ મંત્રમુગ્ધ બની ગયા. તેમનાં હૃદયોમાં અમૃત સ્રોત ફૂટી નીકળ્યો. તેમના મનનું દુઃખ દૂર થઈ ગયું. શંકા કુશંકા નાશ પામી. અંધકાર સમાપ્ત થઈ ગયો.

કાર્યક્રમની સમાપ્તિ થતાં સ્વયંસેવકો તથા ગણમાન્ય નાગરિકો ઘરે પાછા ફરી રહ્યા હતા; ત્યારે અનેકોના મુખેથી આ પ્રકારના ઉદ્‌ગારો નીકળી રહ્યા હતા:

'ડૉક્ટરજી માનવપારખું હતા. તેમણે કેવું નરરત્ન પસંદ કર્યું !'

'ભાષણ કેવું પ્રભાવી હતું ! શબ્દે શબ્દે આત્મવિશ્વાસ ઝળકતો હતો, છતાંય કેવી નમ્રતા હતી !'

'મને તો થતું હતું કે ડૉક્ટરજી પુનઃ યુવારૂપે ઉપસ્થિત થયા છે !'

'શબ્દોની પસંદગી કેટલી માર્મિક હતી !'

'ઉદાહરણો સંતૃપ્ત હતાં તેમજ આશય સ્પષ્ટ કરનાર હતાં.'

'આ નામધારી ગુરુજી નથી. આ તો રાષ્ટ્રગુરુ તેમજ જગદ્‌ગુરુ બનવાની ક્ષમતા ધરાવે છે, છતાંય કહે છે : હું તો કેવળ ગ્વાલ - બાળ છું.'

'આ કોણ છે ? ક્યાંના છે ?'

૩

# વંશ - પરિચય

મુંબઈની દક્ષિણે સહ્યાદ્રિ અને સમુદ્રની વચ્ચે જે ભૂભાગ છે તેને કોંકણ કહે છે. કોંકણમાં ગોળવલી નામે એક ગામ છે. એ ગામમાં એક બ્રાહ્મણ કુટુંબ રહેતું હતું. તેની અટક પાધ્યે હતી. કુટુંબ વિદ્વત્તા તેમજ સદ્પ્રવૃત્તિ માટે પ્રસિદ્ધ હતું. આ કુટુંબની એક શાખા શ્રીક્ષેત્ર પંઢરપુરમાં જઈ વસી હતી. આ શાખામાં 'ધર્મસિંધુ' ગ્રંથના કર્તા બાબા પાધ્યેનો જન્મ થયો. આ કુટુંબની એક ઉપશાખા પૈઠણ જઈ વસી; 'ગોળવલકર' અટક ધારણ કરી. આમાંથી કેટલાક લોકો નાગપુર તથા રાયપુર ગયા અને ત્યાં જ વસી ગયા.

ગુરુજીના દાદાનું નામ બાલકૃષ્ણ. તેમનું આકસ્મિક અવસાન થયું. આથી તેમના પુત્ર અર્થાત્ શ્રી ગુરુજીના પિતાજીને અલ્પાયુમાં જ નોકરી કરવી પડી. તેમનું શિક્ષણ અટકી ગયું. તેમને ટપાલ કચેરીમાં નોકરી મળી. પરિવારના પાલનપોષણ માટે નોકરી કરવી જરૂરી હતી, પરંતુ તેમની સ્વાભાવિક રુચિ તો અધ્યયન અધ્યાપનમાં હતી. કાર્ડ - કવર પર કાળા સિક્કા મારવા કરતાં બાળકોના મન પર ઉજ્જવળ સંસ્કાર પાડવાનું કાર્ય તેમને વિશેષ પ્રિય હતું. તેઓ શિક્ષણ વિભાગમાં નોકરી શોધવા લાગ્યા. આ માટે તેઓ એક શિક્ષણ વિભાગના અધિકારી પાસે ગયા. તેમણે કહ્યું, 'જુઓ ભાઈ, સૌ કોઈ શહેર માગે છે. તમે ગામડામાં જવા તૈયાર હો તો તમને જલદી નોકરી મળી જશે. રાયપુર જિલ્લાના સરાયપલ્લી ગામે જવાની તમારી તૈયારી હોય તો હું તમને અત્યારે જ હુકમ અપાવી દઉં.'

સદાશિવરાવે કહ્યું, 'આ તો મારી મનગમતી વાત થઈ. મને ટપાલ કચેરીમાં 'કડ...કટ્ટ' કરવાનું બિલકુલ પસંદ નથી. મને અધ્યયન અને અધ્યાપન ખૂબ જ પ્રિય છે. પ્રાચીન ઋષિમુનિઓના આશ્રમ ગહન અરણ્યોમાં હતા. આપ તો મને

ગામડામાં મોકલો છો. હું સહર્ષ જઈશ તેમજ શિક્ષકનું કામ કરીશ.'

તે દિવસોમાં આવવા જવાની આજના જેવી સવલતો ન હતી. સરાયપલ્લી ગામ રેલવેથી સાઠ માઈલ દૂર હતું. સદાશિવરાવને પગપાળા મુસાફરી કરવી પડી, પરંતુ તેઓ તત્પરતાપૂર્વક સરાયપલ્લી પહોંચ્યા અને શિક્ષક તરીકેની જવાબદારી સંભાળી લીધી. તેઓ ભણાવતા અને ભણતા. ઈ.સ. ૧૯૨૨માં તેઓએ મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. ઈ.સ. ૧૯૨૪માં તેમણે ઈન્ટરમીડિએટની પરીક્ષા આપી. ઈ.સ. ૧૯૨૬માં તેઓ બી.એ. થયા. ૧૯૨૮માં પ્રાણીશાસ્ત્ર વિષય સાથે એમ.એસ.સી. થયા.

તે દિવસોમાં નાની ઉંમરે લગ્ન થતાં હતાં. પંદર વર્ષની ઉંમરમાં સદાશિવરાવનાં લગ્ન થયાં. તેમની પત્નીનું નામ લક્ષ્મી. નાગપુરના રાયકર પરિવારની એ કન્યા. લક્ષ્મીદેવી ગૃહલક્ષ્મી તો હતાં જ, સાથે સાથે ગુણલક્ષ્મી પણ હતાં. તેઓ યથાર્થમાં સહધર્મિણી હતાં. એક કર્મયોગિનીની જેમ તેઓએ સદાશિવરાવ સાથે રહી સર્વ સંકટોનો અડગતાથી સામનો કર્યો તેમજ વ્યવસ્થિત રીતે ગૃહકાર્ય પણ સંભાળ્યું. મુશ્કેલીઓએ તેમને ડગાવ્યાં નહીં.

સદાશિવરાવને સૌ ભાઉ કે ભાઉજી કહેતા. લક્ષ્મીબાઈને સૌ 'તાઈ' કહેતા. બંનેના સ્વભાવમાં ભિન્નતા હતી, પરંતુ તેમનાં જીવન પરસ્પર પૂરક તેમજ પોષક હતાં. ભાઉજી જ્ઞાનમાર્ગી હતા. તાઈ ભક્તિમાર્ગી હતાં. ભાઉજી અનુશાસન પ્રિય તથા કર્તવ્યદક્ષ હતા. તેમનામાં કડકાઈ હતી. તાઈ સ્નેહશીલા તેમજ મૃદુ હતાં. ભાઉજી ઓછાબોલા હતા. તાઈ બોલવા સાંભળવાનું પસંદ કરતાં. ભાઉજી એકાંત પ્રિય હતા. તાઈ સૌ સાથે હળીમળીને રહેતાં હતાં.

ઈ. સ. ૧૯૨૯ માં ભાઉજી સેવા નિવૃત્ત થયા. નાગપુર જિલ્લાના રામટેક નામક સ્થળે મકાન ખરીદી લઈ ત્યાં જ રહેવા માંડ્યું.

ઈ. સ. ૧૯૪૨માં તેઓ નાગપુર આવ્યા. ચિતારઓળી નામક શેરીમાં ભાડાના એક મકાનમાં રહેવા લાગ્યા. ઈ. સ. ૧૯૫૪માં ભાઉજીએ ઈહલોક લીલા સમાપ્ત કરી. તાઈજી ઈ. સ. ૧૯૬૨ માં સ્વર્ગે સીધાવી ગયાં.

૪

# આદર્શ શિક્ષક

સદાશિવરાવ માટે શાળામાં ભણાવવાનું કામ કેવળ નોકરીનું કામ ન હતું. કેવળ ધન કમાવાનું સાધન ન હતું, પરંતુ તે તેમનો પ્રિય વિષય હતો. ભણાવવામાં તેમને આનંદ આવતો હતો. તેમના ઘરે વિદ્યાર્થીઓનું ટોળું રહ્યા જ કરતું. સદાશિવરાવ સૌને નિઃશુલ્ક ભણાવતા. આ તેમનો જ્ઞાનદાન યજ્ઞ હતો.

વિદ્યાર્થી તેમને વહાલા હતા અને તેઓ વિદ્યાર્થીઓને વહાલા હતા. તેઓ વિદ્યાર્થીઓને દેવતાસ્વરૂપ માનતા હતા. તેમના વિના તેઓ બીજા કોઈની ખાસ ચિંતા કરતા ન હતા. તેઓ નિર્ભય હતા. બેધડક વાત કરતા હતા. કોઈની ચાપલૂસી કરતા ન હતા. તેઓ કોઈનો અયોગ્ય લાભ લેતા ન હતા. આથી તેઓ ક્યારેય કોઈની ખુશામત પણ કરતા ન હતા.

તેમના એક અધિકારીને બીજાની વસ્તુઓ હડપી લેવાની ટેવ હતી. આ મહાશય ક્યારેય બૂટ, છત્રી વગેરે ચીજો ખરીદતા નહિ. એકવાર કોઈને ત્યાં ચા - પાણી માટે કેટલાક લોકોને આમંત્રણ હતું, તેમાં આ મહાશય પણ હતા. તેઓ ત્યાંથી જવા માટે નીકળ્યા ત્યારે તેમણે કોઈના ચમકદાર નવા બૂટ પહેરી લીધા. ઘણાના ધ્યાનમાં આ વાત આવી, પરંતુ તેઓ શ્રેષ્ઠ અધિકારી હતા. તેમને કોણ ટોકે ? બીકના માર્યા સૌએ દેખ્યું ન દેખ્યું કરી નાખ્યું. સદાશિવરાવથી રહેવાયું નહિ. તેઓ ઊઠ્યા અને ધીરે રહી તેમની પાસે જઈ તેમને કહ્યું, 'આપના બૂટ તો ત્યાં છે. આ આપના બૂટ નથી.' તેમણે નવા બૂટ કાઢી નાખી, પોતાના બૂટ પહેર્યા અને 'ક્યારેક ક્યારેક ભૂલ થઈ જાય છે' કહેતા જવા તૈયાર થયા.

સદાશિવરાવે તે જ વખતે તેમના હાથમાંથી નવી છત્રી લઈ લીધી અને તેમની જૂની પુરાણી છત્રી તેમના હાથમાં પકડાવી દીધી.

સદાશિવરાવ આવા હતા ! અધ્યાપનના કાર્યમાં તેઓ સર્વોત્તમ હતા. ક્યારેય કોઈની ખુશામત કરતા ન હતા. તેનું પરિણામ પણ તેમને ભોગવવું પડતું. તેમની ઉપરાછાપરી બદલી કરવામાં આવતી. દુર્ગ, રાયપુર, ચાંદા, ભંડારા, બાલાઘાટ, નરસિંહપુર, ઔરંગાબાદ વગેરે અનેક નાનાં - મોટાં સ્થળોએ તેમને જવું પડ્યું, છતાંય તેમણે ક્યારેય જવા માટે નારાજી બતાવી નહિ. તેમને તો વિદ્યાર્થીઓને ભણાવવા હતા, પછી તેઓ ગમે ત્યાંના હોય. આ જ તેમનું પુણ્યકાર્ય હતું, વ્રત હતું અને ધર્મ હતો. તાઈ ઉપવાસ, પૂજાપાઠ, અનુષ્ઠાન વગેરેમાં પરોવાયેલાં રહેતાં. આ રીતે તેઓ પુણ્ય એકત્રિત કરતાં. બંને ભેગાં મળી ખૂબ આનંદપૂર્વક ગૃહઆશ્રમ સંભાળી રહ્યાં હતાં.

પરંતુ... આ જગતનો નિયમ વિચિત્ર છે. સુખ સાથે દુઃખ જોડાયેલું રહે છે. ભાઉજી તથા તાઈજીને સંતાન માટે અત્યધિક દુઃખ વેઠવું પડ્યું. તેમને કુલ નવ સંતાનો થયાં, તેમાં સાત અલ્પજીવી હતાં. પુત્ર અમૃત ત્રીજા હતા. તે કાંઈક મોટા થયા, પરંતુ પંદર વર્ષની ઉંમરમાં જ યમરાજ તેમને ઊઠાવી ગયા. માધવ ચોથા હતા. તેઓ એકલા જ જીવ્યા. તેઓ દીર્ઘાયુષી થયા અને દીર્ઘ કીર્તિવાળા પણ થયા. 'એકશ્ચંદ્રસ્તમો હન્તિ ન ચ તારાગણાનિ ચ.' એ સુભાષિતને તેમણે સાર્થક કરી બતાવ્યું. 'વંશલતા વહ અમર હુઈ, દેશ હિતાર્થ જો નિર્વંશ ભઈ.' સ્વ. સાવરકરજીના આ કવિવચનને માધવે પોતાના જીવન દ્વારા વિશ્વને સમજાવ્યું. પિતાજી કરતાં કેટલાય ઘણું વધારે કર્તૃત્વ માધવે બતાવ્યું. પિતાજી તો શાળામાં કેવળ બાળકોને ભણાવતા હતા, પરંતુ માધવે તો ભારતભરના આબાલ વૃદ્ધ સૌને શિક્ષણ આપ્યું.

૫

# સવાઈ માધવરાવ

મહા વદ અગિયારસને વિજયા એકાદશી કહે છે. શાલિવાહન શક ૧૮૨૭ના આ પવિત્ર દિને માધવનો જન્મ થયો. એ દિવસ ૧૯મી ફેબ્રુઆરી ૧૯૦૬. તેમનો જન્મ મામા આબાજી રાયકરને ત્યાં નાગપુરમાં થયો. બાળક ગૌરવર્ણું હતું. સુંદર નાક અને તેજસ્વી આંખો. યથાક્રમ, યથાકાલ તે મોટો થવા લાગ્યો. બાળલીલાઓથી સૌને રીઝવવા લાગ્યો. તેનો જન્મ થતાં જ રાયકર પરિવારની ઝડપી ઉન્નતિ થતી જોઈ સૌ તેને શુભલક્ષણો માનવા લાગ્યાં. તેના જન્મ પછી જ સદાશિવરાવ તેમની નોકરીમાં સ્થિર થયા. તેમની પદોન્નતિ થઈ. બાળકનું નામ માધવ રાખવામાં આવ્યું. સૌ લોકો તેને 'મધુ'ના લાડકા નામથી બોલાવવા લાગ્યા. સદાશિવરાવ તેને સવાઈ માધવરાવ કહેતા હતા. આગળ જતાં તેમનો આ પુત્ર કોઈ મહાપુરુષ થશે એવો તેમને વિશ્વાસ હતો.

માધવ બહુ બુદ્ધિશાળી હતા. 'પુત્રનાં લક્ષણ પારણામાંથી' કહેવત પ્રસિદ્ધ છે. શિશુ અવસ્થામાંથી જ માધવની અસાધારણ બુદ્ધિનો પરિચય મળવા લાગ્યો. ભાઉજી પૂજાપાઠ કરવા બેસતા ત્યારે માધવ તેમની પાસે બેસી રહેતા. તેમણે કેવળ સાંભળી સાંભળીને અનેક મંત્રો તથા સ્તોત્રો યાદ કરી લીધાં. રામરક્ષા, મહિમ્ન વગેરે સ્તોત્રો તેમને કોઈએ યાદ કરાવ્યાં ન હતાં. કેવળ સાંભળીને જ તેમણે યાદ કરી લીધાં હતાં. સદાશિવરાવ પાસે નાના મોટા વિદ્યાર્થીઓ દરરોજ આવતા રહેતા. તેમને જે કાંઈ ભણાવવામાં આવતું તે માધવ સાંભળતા અને તુરત જ બોલી જતા. તેમના મોટા ભાઈ અમૃત પુસ્તકો વાંચતા ત્યારે માધવ ધ્યાનપૂર્વક સાંભળતા અને પછી એક શબ્દ પણ છોડ્યા વિના બોલી

બતાવતા. આ રીતે અંગ્રેજી, મરાઠી તથા હિંદીના કેટલાય ઉત્તમોત્તમ ફકરાઓ તેમને કંઠસ્થ થઈ ગયા હતા.

એક વખત અમૃતભાઈએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વર્ગ શિક્ષકે ભાષણ લખી આપ્યું હતું. તેઓ તે ભાષણ ઘરે વારંવાર વાંચતા હતા. માધવના કાને એ ભાષણ અનેકવાર પડવાથી તેમને પૂરેપૂરું યાદ રહી ગયું હતું. સંજોગવશાત્ સ્પર્ધાના આગલા દિવસે અ મૃતને ભારે તાવ આવ્યો. સ્પર્ધામાં ભાગ લેવાનું તેમને માટે અશક્ય બની ગયું. વર્ગ શિક્ષક ચિંતાતુર થઈ ગયા, કહે 'હવે આપણી શાળામાંથી કોઈ વિદ્યાર્થી સ્પર્ધામાં ભાગ નહિ લે !'

માધવ શિક્ષકની પાસે ગયા. તેમણે કહ્યું 'આચાર્યજી ! અમૃતભાઈને બદલે મને સ્પર્ધામાં મોકલો ને ?'

શિક્ષક કહે, 'અરે ! તેં તો ભાષણ વાંચ્યું સુધ્ધાં નથી. તું કેવી રીતે બોલીશ ? એને ગોખવું પડે.'

માધવ કહે, 'જુઓ હું આ રીતે બોલીશ.' માધવે આચાર્યજીને પૂરેપૂરું ભાષણ બોલી બતાવ્યું. ક્યાંય અટક્યા નહિ. ક્યાંક અવાજ ધીમો કરતા તો ક્યાંક ખૂબ આવેશમાં બોલતા. તેમણે ઉત્તમ રીતે ભાષણ સંભળાવ્યું. આચાર્યજી ખૂબ પ્રસન્ન થયા. તેમણે માધવને સ્પર્ધામાં મોકલ્યા. સ્પર્ધામાં માધવને પહેલું પારિતોષિક પ્રાપ્ત થયું.

ઈ.સ. ૧૯૧૭ ની વાત. વેનગંગા નદીના કિનારે વિદ્યાર્થીઓનું વિરાટ સંમેલન યોજાયું હતું. વિદ્યાર્થીઓ માટે ભિન્ન ભિન્ન વિષયોની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. ત્યાં પણ વક્તૃત્વ સ્પર્ધામાં માધવનો પહેલો ક્રમ આવ્યો. સમારોહના અધ્યક્ષ બૅરિસ્ટર મુલાના હતા. તેમને માધવનું પ્રવચન ખૂબ પસંદ પડ્યું. જ્યારે પણ માધવને મળતા ત્યારે તેમના મુખેથી એકાદ ફકરો તો અવશ્ય સાંભળતા જ.

૬

# ધરતીમાતા

સાંજનો સમય હતો. નિશાળ છૂટી ગઈ હતી. માધવ ઘરે આવતા હતા. રસ્તામાં ધૂળમાં બેસી એક બાળકને રડતાં જોયો. તેની ચોપડીઓ આમ - તેમ પડી હતી. પગમાં વાગ્યું હતું અને તેમાંથી લોહી વહેતું હતું. માધવ તેની પાસે ગયા. ચોપડીઓ ભેગી કરી દફતરમાં મૂકી. બાળકનાં આંસુ લૂછયાં અને હાથનો ટેકો દઈ તેને ઊભો કર્યો. તેને પોતાને ઘેર લઈ આવ્યા. ઘરે તાઈજી હતાં. તેમણે બાળકના ઘાને સાફ કર્યો અને મલમ લગાવ્યો. થોડી મીઠાઈ ખાવા આપી અને બાળક હસતો હસતો તેને ઘેર ગયો.

'બેટા મધુ, તારા આ મિત્રનું નામ શું છે ?' તાઈએ પૂછ્યું, 'એ તારો સહપાઠી છે ?'

'તાઈ, એ મારો મિત્ર નથી કે મારો સહપાઠી પણ નથી. એ બિચારો તો સડક ઉપર બેઠો બેઠો રડતો હતો, તેથી તેને ઘેર લઈ આવ્યો.'

'શાબાશ, મધુ તેં બહુ સરસ કામ કર્યું' તાઈએ કહ્યું, 'દુઃખી હોય, પીડિત હોય, તેની મદદે દોડી જવું એ માણસની ફરજ છે.'

માધવ આવા પરોપકારી હતા. તેઓ ખૂબ ભાવનાશીલ હતા. વાંચવાનો

ખૂબ શોખ હતો. હિંદી, મરાઠી તથા અંગ્રેજી નવલકથાઓ વાંચતા હતા. વાંચતાં - વાંચતાં નવલકથાનાં પાત્રો સાથે સમરસ થઈ જતા હતા. એક નવલકથામાં આફતોથી ઘેરાયેલ એક બાળકની વાત હતી. વાંચતાં - વાંચતાં તેઓ રડી પડ્યા. તાઈ ચોંક્યાં. એકાએક માધવને શું થઈ ગયું ? તેમણે પૂછ્યું તો માધવે એ બાળકની વાત કહી સંભળાવી, કહ્યું, 'તાઈ, બિચારો કેવી કપરી પરિસ્થિતિમાં ફસાઈ ગયો છે ? શી ખબર, તેમાંથી તે છૂટશે કે નહિ ?'

તાઈ કહે, 'ચિંતા ન કર. તેની દશા ચોક્કસ સુધરશે. પરમેશ્વર ભલા માણસોને મદદ કરે છે.'

તાઈનું આશ્વાસન પામી માધવના મનનું સમાધાન થયું. તેમનું મન શાંત થઈ ગયું.

તાઈ તેમની સ્વાભાવિક વાતચીત દ્વારા માધવના બાળમન પર સંસ્કાર કરતાં રહેતાં. નાનાં બાળકો કેટલીકવાર કેટલાંક કામ અકારણ કરતાં હોય છે. એકવાર માધવ ઘર બહાર આંગણામાં ખીલો ઠોકી રહ્યા હતા. તાઈએ આ જોઈ કહ્યું, 'બેટા, સમજદાર છોકરાઓ આવું નથી કરતા. આ ધરતી આપણી માતા છે. તેના શરીરમાં ખીલો મારી, તેને દુઃખ દેવું એ તારા માટે શોભાસ્પદ નથી.'

માધવના મન પર 'ધરતી માતા' શબ્દો સદા માટે અંકાઈ ગયા.

૭

# દૃઢનિશ્ચયી માધવ

માધવ સ્વભાવે દૃઢનિશ્ચયી હતા. એક વાત મનમાં નક્કી કરતા તો બીજી બધી વાતો છોડી દઈ, તેની પાછળ પડી જતા. તે સમયે તેમની ઉંમર કેવળ બાર વર્ષની હશે. કોઈ શિક્ષકના મોંએ તેમણે 'રામચરિત માનસ' તથા તેના પારાયણનું મહત્ત્વ સાંભળ્યું. તેમણે ગ્રંથને પૂરેપૂરો વાંચી જવાનો નિશ્ચય કરી લીધો. રજાઓના દિવસો હતા. તેઓ સવાર - સાંજ, રાત - દિવસ કેવળ રામાયણ વાંચતા રહેતા. જમવા માટે પણ તેમને આગ્રહપૂર્વક બોલાવવા પડતા. પાંચ દિવસમાં સંપૂર્ણ ગ્રંથનું પઠન કર્યું. તે કેવળ વાચન ન હતું. અનેક ચોપાઈઓ, દોહા તથા છંદો તેમને કંઠસ્થ થઈ ગયા હતા. આ સમગ્ર સમય દરમિયાન તથા તેના પછી કેટલાય દિવસો સુધી તેમનું ભાવજગત રામાયણમય થઈ ગયું હતું. તાઈ તથા મિત્રોને તેઓ રામાયણના પ્રસંગો સંભળાવ્યા કરતા હતા. તાઈ પણ તેમને પ્રોત્સાહિત કરતાં હતાં. તેઓ જાણી જોઈને પૂછતાં, 'પછી હનુમાનજીએ શું કહ્યું ?' અને માધવ કલાકો સુધી વિસ્તારપૂર્વક એ પ્રસંગ સંભળાવતા રહેતા.

એકવાર માધવે એક અંગ્રેજી કવિતાનો મરાઠીમાં છંદોબદ્ધ અનુવાદ કર્યો. માધવના મિત્રે એ અનુવાદ શિક્ષકને બતાવ્યો. શિક્ષકે માધવને પૂછ્યું, 'આ અનુવાદ ખરેખર તમે જ કર્યો છે ? વિશ્વાસ કરવો અઘરો છે.' માધવ કહે, 'અનુવાદ તો મેં જ કર્યો છે, પણ એને સાબિત કેવી રીતે કરું ? સાક્ષી લાવવાનું શક્ય નથી. હવે તો આટલું થઈ શકે, તમે કોઈ બીજી કવિતાનો અનુવાદ

આપો, તો હું તમારી સામે જ એનો અનુવાદ કરી આપું.'

આચાર્યશ્રીએ અંગ્રેજી પાઠ્યપુસ્તકમાંથી એક કવિતાનો અનુવાદ કરવા કહ્યું. માધવે ત્યાં જ બેસી, થોડી જ વારમાં, એ કવિતાનો મરાઠીમાં છંદોબદ્ધ અનુવાદ કરી બતાવ્યો. તેમને ક્યાંય છેકછાક કરવી પડી ન હતી, કે કોઈ શબ્દ બદલવો પડ્યો ન હતો. ક્યાંય અચકાયા ન હતા, ક્યાંય થોભ્યા ન હતા. થોડા સમય માટે જાણે એ કવિ અને એ કાવ્ય સાથે એકાકાર થઈ ગયા હતા. તેઓ લખતા જતા હતા. શિક્ષક મહોદય તેમને પ્રેમ અને આશ્ચર્યપૂર્વક જોઈ રહ્યા હતા. સંપૂર્ણ કાવ્યનો મરાઠી અનુવાદ વાંચી દંગ થઈ ગયા. તેમના મોંમાંથી 'બહુ સરસ, ઉત્તમ' શબ્દો સરી પડ્યા. તેમણે તે અનુવાદ તેમના સહકાર્યકરોને બતાવ્યો. તેમણે પ્રશંસા કરી. આચાર્યશ્રીએ તે કાવ્ય વર્ગમાં વિદ્યાર્થીઓને વાંચી સંભળાવ્યું. તે દરેકને કહેતા, 'માધવ કાવ્ય લખી રહ્યા હતા ત્યારે તેમની તન્મયતા જોવા જેવી હતી. લેખન - સમાધિનું તેઓ એક ઉત્તમ ઉદાહરણ હતા.'

આટલી બધી પ્રશંસા ગમે તેના મનમાં ઘમંડ પેદા કરી શકે, પરંતુ માધવ પહેલાંના જેવા જ શાંત, નમ્ર તથા વિનયી રહ્યા હતા.

માધવ દૃઢનિશ્ચયી હતા. જે કાંઈ કામ કરતા, તેમાં તેમની સર્વ શક્તિ રેડી, એકાગ્ર ચિત્તે તે કામ કરતા હતા.

દરરોજ પ્રભાત સમયે માધવ સૂર્યનમસ્કારનો વ્યાયામ કરતા હતા. સાંજના હૉકી રમતા તથા વ્યાયામ શાળામાં જતા. ત્યાં તેઓ દંડ - બેઠક કરતા. મલખમ પર કસરત કરતા. ચાંદાના શિક્ષકે માધવના મનમાં વ્યાયામ પ્રત્યે વિશેષ આકર્ષણ પેદા કર્યું હતું. તેઓ પોતે પણ મલખમપ્રેમી હતા. માધવને પણ મલખમનો વ્યાયામ પ્રિય થઈ પડ્યો હતો.

એક દિવસની વાત છે. માધવ મોડી રાતે પણ ઘેર આવ્યા નહિ. તાઈ ચિંતામાં પડી ગયાં. તેમણે ભાઉજીને કહ્યું, 'આજે માધવ હજી સુધી ઘરે આવ્યો નથી. દરરોજ તો વહેલાં ઘરે આવી જાય છે.'

ભાઉજી કહે, 'આવતો જ હશે. હવે એ કાંઈ બહુ નાનો નથી. કુસ્તી વગેરે જોવા રોકાઈ ગયો હશે.'

અડધો કલાક વીતી ગયો, છતાંય માધવ ઘરે આવ્યા નહિ. હવે તાઈથી રહેવાયું નહિ. તેમણે ભાઉજીને કહ્યું, 'આટલો મોડો તો ક્યારેય આવ્યો નથી. તમે જરા જોઈ આવો તો સારું.'

ભાઉજી વ્યાયામ શિક્ષકને ઘેર ગયા. તેમણે પૂછ્યું, 'ભાઈ સાહેબ, મારો મધુ હજી સુધી ઘરે કેમ આવ્યો નથી ?'

વ્યાયામ શિક્ષક કહે, 'મધુ હજી સુધી ઘરે આવ્યો નથી ? બધા છોકરાઓ તો ક્યારનાય જતા રહ્યા છે. સૌના ગયા પછી જ હું ત્યાંથી નીકળ્યો છું.'

આટલું કહ્યા પછી તેમના મનમાં અચાનક એક વિચાર આવ્યો. કદાચ મધુ પાછો ગયો હોય. તે બહુ જીદ્દી છે. તેમણે ભાઉજીને ઘેર જવાનું કહ્યું અને તેઓ વ્યાયામશાળા તરફ વળ્યા. તેમનું અનુમાન સાચું નીકળ્યું. માધવ વ્યાયામશાળામાં જ હતા. તે દિવસે મલખમનો નવો દાવ શીખવાડ્યો હતો, તેનો માધવ અભ્યાસ કરી રહ્યા હતા. તેમની પાસે જઈ શિક્ષકે કહ્યું, 'શાબાશ ! આજે શીખવાડેલો નવો દાવ તને આવડી ગયો. હવે જલદી ઘરે જા. ખૂબ મોડું થઈ ગયું છે. ભાઉજી અને તાઈજી તારી રાહ જોઈ રહ્યાં છે.'

જલદી જલદી કપડાં પહેરી, માધવે ઘર તરફ જવા માંડ્યું.

## ૮

# વિવિધ કાર્યો

ઈ.સ. ૧૯૨૨માં માધવ ચાંદા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા. ત્યાંથી જ તેમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી. વધુ અભ્યાસ સંબંધી તેમણે કોઈને કશું કહ્યું નહિ કે એ વિશે ન કોઈ શરૂઆત કરી.

એક દિવસ ભાઉજીએ તાઈને કહ્યું, 'આપણા સવાઈ માધવરાવ આગળ અભ્યાસ માટે શું વિચારે છે ? તેની કાંઈક વ્યવસ્થા તો કરવી પડશે ને ?'

તાઈએ માધવને પૂછ્યું, માધવ કહે, 'તાઈ, આ વર્ષ હું હનુમાનજીના ચરણે અર્પવા ઈચ્છું છું. અર્થાત્ કેવળ વ્યાયામ કરવા ઈચ્છું છું. લોકમાન્ય ટિળકજીએ પણ આવું જ કર્યું હતું. શારીરિક સ્વાસ્થ્યની મૂડી તેમને આગળ જતાં ખૂબ કામ આવી. હું મારું શરીર મજબૂત કરવા માગું છું, જેથી આગળ જતાં સઘળા પ્રસંગોનો સામનો થઈ શકે.'

તાઈએ આ વાત ભાઉજીને કહી અને ભાઉજીએ આ વાત પોતાના શિક્ષક મિત્રોને કહી. સૌએ મળી માધવને ગમે તે રીતે સમજાવ્યા. ભાઉજી માધવને ડૉક્ટર બનાવવા માગતા હતા. સેવા અને પૈસા પ્રાપ્ત કરાવી આપનાર આ વિદ્યા છે. માધવે તેમનો વિચાર માન્ય રાખ્યો અને તે માટે તેઓ પુણે ગયા. ઈન્ટર સાયન્સની પરીક્ષા આપવા માટે પુણેની સુપ્રસિદ્ધ ફર્ગ્યુસન કૉલેજમાં નામ નોંધાવ્યું, પરંતુ તે વખતે ત્યાં એક નિયમ પ્રચલિત હતો. અન્ય પ્રાંતના વિદ્યાર્થીઓને ત્યાં પ્રવેશ મળી શકતો નહિ. આથી ત્રણ મહિના પછી માધવને તે કૉલેજ છોડવી પડી. માધવ નાગપુર આવ્યા હિસ્લોપ કૉલેજમાં તેમણે પ્રવેશ મેળવ્યો.

સવાર સાંજ વ્યાયામ, ગ્રંથવાચન, સારા પરિચ્છેદો લખી લેવા, તેમને કંઠસ્થ કરી લેવા, મંદિરોમાં જઈ કથા કીર્તન, પ્રવચન ઈત્યાદિનું શ્રવણ, બાકીના સમયમાં અધ્યયન માધવનો એવો દૈનિક કાર્યક્રમ હતો.

ખ્રિસ્તી પ્રચારકો હિસ્લોપ કૉલેજનું સંચાલન કરે. બાઈબલના અભ્યાસ માટે એક કલાક રહેતો. અધિકાંશ વિદ્યાર્થીઓ એને ટાળતા. ઘણા વિદ્યાર્થીઓ આ તાસમાં ગેરહાજર રહેતા અને જો કદાચ હાજર રહેતા તો તેઓ બાઈબલના

અભ્યાસ તરફ સહેજ પણ ધ્યાન આપતા નહિ. માધવરાવ વર્ગમાં પણ ધ્યાન આપતા અને ઘરે આવીને બાઈબલનો સૂક્ષ્મ અભ્યાસ કરતા. તેમણે અનેક ફકરાઓ કંઠસ્થ કરી લીધા હતા.

એક વખત પ્રિન્સિપાલ ગાર્ડિનર બાઈબલના એક પ્રકરણ પર વ્યાખ્યાન આપી રહ્યા હતા. 'બાઈબલના આ પ્રકરણમાં કહેવામાં આવ્યું છે કે' એમ કહી તેમણે પ્રારંભ કર્યો અને કેટલાંક વાક્યો કહી સંભળાવ્યાં. આ વખતે માધવે ઊભા થઈને કહ્યું, 'મહાશય, હું નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે આ વાક્યો આ પ્રકરણમાં નથી, બીજા પ્રકરણમાં છે.' ગાર્ડિનર સાહેબે એ જ વખતે બાઈબલ મંગાવ્યું અને જોયું. તેઓ ઉદાર મનના અને સરળ સ્વભાવના અંગ્રેજ હતા. તેમના ધ્યાનમાં આવી ગયું કે ગોળવલકરનું કહેવું સાચું છે. તેમણે ગોળવલકરની મુક્તકંઠે પ્રશંસા કરી. આ બે વર્ષમાં માધવે બાઈબલ સંબંધી અનેક ગ્રંથોનું પઠન કર્યું.

આ સમય દરમિયાન અંધ બંસરીવાદક સાવલારામજી સાથે તેમની ઘનિષ્ઠતા વધી. તેઓ દરરોજ નિયમસર સાવલારામજી પાસે જવા લાગ્યા અને બંસરીવાદન શીખવા લાગ્યા. થોડા જ સમયમાં તેઓ ઉત્તમ બંસરીવાદક બની ગયા. સાવલારામજીના પ્રેમી ભક્ત બની ગયા. તેઓ તેમને સાઈકલ પર બેસાડતા અને તેમની મરજી હોય ત્યાં લઈ જતા. તેમનાં નાનાં - મોટાં કામ તેઓ કરી આપતા.

આટલાં બધાં કામ કરવા છતાંય તેમણે ઈન્ટર સાયન્સની પરીક્ષા ઉત્તમ રીતે પસાર કરી. તેમને અંગ્રેજીમાં 'પ્રાવીણ્યપદક' પ્રાપ્ત થયો. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવવા તેઓ લખનૌ ગયા. ત્યાં તેમને પ્રવેશ ન મળ્યો. પછી તેઓ કાશી પહોંચ્યા. હિન્દુ વિશ્વવિદ્યાલયની વિજ્ઞાન શાખામાં તેઓ દાખલ થઈ ગયા.

કાશીમાં રહ્યા ત્યાં સુધી, પ્રતિદિન તેઓ ગંગાજીનાં દર્શન અવશ્ય કરતા. ક્યારેક ઘાટ પર જઈ બેસતા તો ક્યારેક રેતીમાં સૂઈ જતા. ક્યારેક નૌકા - વિહાર કરતા તો ક્યારેક ગંગાજીના નિર્મળ ઘાટ તરફ એકીટસે જોઈ રહેતા અને ધ્યાન ધરતા. ક્યારેક પંડિત મદનમોહન માલવીયજી પાસે જઈને બેસતા. અનેકવાર શ્રી રામકૃષ્ણ આશ્રમમાં જતા અને ત્યાંના સેવાકાર્યમાં મદદ કરતા. આ સમય દરમિયાન તેમની અધ્યયનશીલતા ખૂબ જ વધી ગઈ. ભારતીય દર્શનશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર વગેરે વિષયોના અનેક મૂળભૂત પ્રમાણ ગ્રંથોનો તેમણે આ સમય દરમિયાન અભ્યાસ કર્યો. ૧૯૨૬માં તેઓ બી.એસસી. થયા. ૧૯૨૮માં પ્રાણીશાસ્ત્ર વિષય સાથે એમ.એસસી. પરીક્ષા પ્રથમ વર્ગમાં પસાર કરી.

૮

# ત્રિવિધ તાપ

આ તેજસ્વી બુદ્ધિશાળી તથા અધ્યયનશીલ યુવકને લોકો હવે માધવરાવ કહેવા લાગ્યા. એમ.એસસી.ની પદવી પ્રાપ્ત કરી તેઓ ઘરે આવ્યા ત્યારે ભાઉજી અને તાઈને ખૂબ આનંદ થયો. અમારો લાડલો મધુ શિક્ષણ ખાતામાં ક્યાંક નોકરી કરે, લગ્ન કરે અને અમારા ઘડપણનો આધાર બને એમ તેઓ ઈચ્છતાં હતાં. તેમણે પોતાની ઈચ્છા માધવરાવને કહી. માધવરાવ કહે, 'હું સરકારી નોકરી નહિ કરું. અંગ્રેજોની સેવા ક્યારેય કરી શકીશ નહિ.. મારે આગળ ભણવું છે. પ્રાણીશાસ્ત્રમાં સંશોધન કરવા માગું છું. હું ડી.એસસી. બનવા ઈચ્છું છું.'

ભાઉજી વિદ્યાપ્રેમી હતા. તેમનો પુત્ર ખૂબ ભણે તેમજ ઉચ્ચતમ પદવી પ્રાપ્ત કરે તેમ તેઓ ઈચ્છતા હતા, તો સાથે સાથે એમ પણ ઈચ્છતા હતા કે તે તેમનો એકમાત્ર પુત્ર છે. તેણે જલદીમાં જલદી ક્યાંક સ્થિર થઈ જવું જોઈએ. તાઈ પણ આ જ ઈચ્છતાં હતાં. તેઓ તેમના મનની વાત પતિ તથા પુત્ર પાસે વારંવાર કરતાં હતાં. ભાઉજીના મનમાં થોડો વખત તો સંઘર્ષ થયો, પરંતુ આખરે વિદ્યાપ્રેમની જ જીત થઈ. તેમણે માધવરાવને અનુમતિ આપી દીધી. એ વિષયમાં ઉચ્ચ શિક્ષણ અંગેનો યોગ્ય પ્રબંધ મદ્રાસમાં હતો, થોડા જ દિવસોમાં માધવરાવ મદ્રાસ પહોંચ્યા.

મદ્રાસનું વાતાવરણ, અન્નજળ બધું જ જુદું હતું. માધવરાવને માફક આવ્યું નહિ, વારંવાર બીમાર પડવા લાગ્યા. પિતાજી સેવાનિવૃત્ત થઈ ગયા હોવાથી પૂરતા પ્રમાણમાં પૈસા મોકલી શકતા ન હતા. મોટાં - મોટાં પુસ્તકો ખરીદવાં પડતાં હતાં. પેટના દુઃખાવાને કારણે દાક્તરી ઈલાજ કરાવવો પડ્યો. ડૉક્ટરને ફી આપવી પડી. દવાઓ ખરીદવી પડી. શારીરિક અને આર્થિક સંકટોનો

સામનો કરતાં કરતાં તેમના મનમાં પણ સંઘર્ષ પેદા થયો.

'મારે આગળ વધી શું કરવું છે ? મારું જીવનધ્યેય શું છે ? દેશની બગડતી જતી પરિસ્થિતિ સુધારવા માટે હું શું કરી શકું તેમ છું ? મારે શું કરવું જોઈએ ? અંગ્રેજ શાસકો ઉત્તરોત્તર અધિકાધિક ઉદ્દંડ અને અત્યાચારી બની રહ્યા છે. તેમના વિરુદ્ધ લડવું એ મારી ફરજ નથી ? ઉગ્ર ક્રાંતિકારીઓના પ્રયત્નો દેશવ્યાપી થઈ શકશે ખરા ? સામાન્ય જનતા એમાં સહભાગી બનશે ખરી ? આપણો દેશ વિદેશીઓનાં બંધનોમાંથી મુક્ત થશે ? આપણો સમાજ કેવી રીતે કાર્યશીલ અને સાહસી બનશે ? ભારતને તેનું પ્રાચીન ગૌરવ કેવી રીતે પ્રાપ્ત થશે ? આ સઘળી બાબતોમાં મારી જવાબદારી શી ?' ઈત્યાદિ પ્રશ્નો તેમને બહુ સતાવતા હતા.

આ પ્રકારે શારીરિક, આર્થિક, માનસિક તથા બૌદ્ધિક સંઘર્ષમાં રત રહેવા ઉપરાંત પોતાની કાર્યકુશળતા તેમજ પરોપકારી વૃત્તિને કારણે તેઓ પોતાના સહપાઠીઓ તથા પ્રાધ્યાપકોના પ્રેમભાજન બની ગયા. મહાવિદ્યાલયમાં થતા નાના - મોટા કાર્યક્રમોનું સૂત્ર - સંચાલન માધવરાવ ગોળવલકર જ કરતા હતા, તેમની નિ:સ્વાર્થ બુદ્ધિ તેમજ કાર્યદક્ષતાનો પ્રભાવ સૌ પર પડ્યો હતો.

મદ્રાસમાં એક મોટું મત્સ્યાલય છે. એ દિવસોમાં તેની દેખરેખ ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓને સોંપવામાં આવી હતી. મત્સ્યાલયની મુલાકાતે આવનારે પ્રવેશ ફી આપવી પડતી હતી. એકવાર હૈદરાબાદના નિઝામ સપરિવાર મત્સ્યાલયની મુલાકાતે આવ્યા. તેઓ કંજૂસ તો હતા જ, વળી તેમણે એવું પણ વિચાર્યું હશે કે હું તો રાજા છું; મને કોણ પ્રવેશ શુલ્ક આપવાનું કહેશે ! મત્સ્યાલયના વ્યવસ્થાપકો તથા નોકરોએ વિચાર્યું આટલા મોટા માણસ છે. જગપ્રસિદ્ધ છે. સુલતાન છે. તેમને મામૂલી શુલ્ક માટે કોણ કહે ? કેવી રીતે કહે ? એમ કરતાં કદાચ કોઈ આફત આવી જાય. કદાચ નોકરી ગુમાવવી પડે... આથી કોઈ આગળ આવ્યું નહિ. કોઈએ હિંમત કરી નહિ. માધવરાવજી તો સીધા નિઝામશાહ પાસે પહોંચી ગયા અને કહ્યું, 'મહોદય અહીં પ્રવેશ

શુલ્ક નિશ્ચિત છે. એ આપ્યા વિના તથા ટિકિટ લીધા વિના આપે તથા આપના માણસોએ અંદર પ્રવેશ કરવો જોઈએ નહિ.'

આ સાંભળતાં જ નિઝામશાહે પોતાના અંગત સચિવ તરફ જોયું. તેણે નિયમાનુસાર પ્રવેશપત્રો ખરીદ્યાં. વિદ્યાર્થીએ તેમને મત્સ્યાલય બતાવ્યું.

નિઝામશાહના ગયા પછી મત્સ્યાલયનો અધિકારીગણ કાંઈક ચિંતિત થયો. એક કહે, 'આ લોકોના પૈસા ન લેત તો કયો પહાડ તૂટી પડત ? કઈ વિશેષ આર્થિક હાનિ થાત ?'

માધવરાવ કહે, 'પ્રશ્ન ઓછા - વધતા પૈસા મળવાનો નથી. સવાલ નિયમપાલનના મહત્ત્વનો છે. નિયમનું પાલન સૌએ સારી રીતે કરવું જોઈએ. જે મોટા કહેવાય છે તેમણે તો ખૂબ તત્પરતાથી એનું પાલન કરવું જોઈએ. સામાન્ય માણસો હંમેશાં મોટા માણસોનું અનુકરણ કરતા હોય છે. આર્થિક સુવિધા કે છૂટ આપવી જ હોય તો તે ગરીબોને કેમ ન આપવી ?'

માધવરાવનું શરીર સ્વાસ્થ્ય વારંવાર બગડવા લાગ્યું. તેમને માટે મદ્રાસમાં રહેવું લગભગ અસંભવ જેવું બની ગયું. સંશોધન કાર્ય અધૂરું છોડવું પડ્યું. તેઓ નાગપુર પરત આવી ગયા. આ દરમિયાન તેઓ શ્રીરામકૃષ્ણ આશ્રમમાં જવા લાગ્યા, ત્યાંના પ્રમુખ સ્વામી શ્રી ભાસ્કરેશ્વરાનંદજી સાથે આધ્યાત્મિક વિષયો વિશે નિત્ય ચર્ચા થવા લાગી. શ્રી ભાસ્કરેશ્વરાનંદજીની વાતો સાંભળવામાં માધવરાવજીને વિશેષ આનંદ મળતો હતો. આ સમય દરમિયાન તેમણે વિવેકાનંદજીનું સઘળું સાહિત્ય ફરીથી એકવાર વાંચી લીધું.

ઘરની આર્થિક પરિસ્થિતિ પોકારતી હતી : 'જલદી જલદી કાંઈ દ્રવ્યોપાર્જન કરો.' માધવરાવે આ દિશામાં પ્રયત્ન શરૂ કર્યા. સદ્ભાગ્યે ઈ.સ. ૧૯૩૦માં તેમને હિન્દુ વિશ્વવિદ્યાલય, કાશીમાં અર્થાત્ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપકની નોકરી મળી ગઈ.

૧૦

# કાશીવાસ

કાશીનું વાતાવરણ માધવરાવને પૂર્વ પરિચિત હતું અને ખૂબ પ્રિય હતું. વળી, તેમણે ત્યાં અધ્યાપન કાર્ય કરવાનું હતું તે તેમના સ્વભાવને અનુકૂળ તેમજ તેમની રુચિને પોષક હતું. સવારમાં જાગ્યા પછી પ્રાતઃક્રિયા, સ્નાન સંધ્યા વગેરે કર્યા પછી તે દિવસે વર્ગમાં ભણાવવાના વિષયની તૈયારી કરતા. કોઈ દિવસ વિષય બહુ સરળ હોય તો પણ તેઓ તેની ખાતરી કરતા. વિદ્યાર્થીઓ સમક્ષ વિષયને કેવી રીતે રજૂ કરવો તેનો વિચાર કરતા અને તેની નોંધ તૈયાર કરતા. તેમની પાસે વિવિધ વિષયોનો જ્ઞાનભંડાર ભર્યો હતો. આથી તેમનું અધ્યાપન ઉદ્‌બોધક તેમજ મનોરંજક રહેતું. વિદ્યાર્થીઓને લાગતું કે તેઓ તેમના મોટા ભાઈ છે. તેઓ તેમના નિવાસસ્થાને આવવા જવા લાગ્યા અને તેમને પ્રેમપૂર્વક 'ગુરુજી' કહેવા લાગ્યા.

ગુરુજી સાંજના ટેનિસ રમવા જતા. ઘરે આવી સંધ્યાવંદન કરી હળવું ભોજન લેતા, આ પછી તેમનો અભ્યાસ શરૂ થતો. રાતના બે વાગ્યા સુધી તેઓ વાંચતા રહેતા. ઉપનિષદ, સંસ્કૃત મહાકાવ્યો, પાશ્ચિમાત્યોનાં દર્શનશાસ્ત્રો, સમાજશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર વગેરે વિવિધ વિષયોના પ્રમાણભૂત ગ્રંથોનું અધ્યયન કરતા. તેમના ઓરડામાં બધે જ આમતેમ નાનીનોટી ચોપડીઓ પડેલી રહેતી. તેમનું વાચન અખંડિત ચાલુ રહેતું. એકવાર તેમને ખૂબ તાવ આવ્યો તો પણ તેઓ વાંચતા જ રહેલા !

કોઈ મિત્રે કહ્યું, 'શરીર નાદુરસ્ત છે, તાવ વધારે છે, છતાંય હાથમાં પુસ્તક છે ! આ તો સાવ દુરાગ્રહ છે.' માધવરાવ કહે, 'ભાઈ, તાવ તાવનું કામ કરે છે. હું મારું કામ કરું છું. દુરાગ્રહ હોય તો તે તાવનો છે, મારો નહિ. મારો તો આ નિત્યક્રમ છે.'

એકવાર તેમના પગે વીંછી કરડ્યો. ઝેર ઉતારવા તેમણે પાણી ભરેલી ડોલમાં પગ મૂક્યો અને શાંત ચિત્તે વાંચવા લાગ્યા. કોઈ મિત્રે કહ્યું, 'અરે ! ભારે વીછીં કરડ્યો છે. વેદના થઈ રહી છે અને છતાંય વાંચવાનું ચાલુ છે !'

માધવરાવ હસતાં હસતાં કહે, 'ભાઈ, વીંછી મારા પગે કરડ્યો છે. મારા માથામાં નહિ.'

આવી હતી તેમની વાચન પ્રિયતા ! આવી હતી તેમના મનની એકાગ્રતા! ભણાવતી વખતે પણ તેઓ પૂર્ણ તલ્લીનતાથી ભણાવતા હતા. ટૂંક સમયમાં જ તેઓ વિદ્વાન તેમજ કુશળ શિક્ષક રૂપે પ્રસિદ્ધ થઈ ગયા. તેમની પરોપકાર વૃત્તિએ ઘણાને પુસ્તકો ખરીદવા પૈસા આપ્યા, બીમાર વિદ્યાર્થીઓને જાતે જ ડૉક્ટર પાસે લઈ જતા અને પોતાના જ ખર્ચે દવા દારૂનો પ્રબંધ કરતા.

પ્રભાકર બળવંત ઉપાખ્ય, ભૈયાજી દાણી તેમના મિત્ર હતા. તેઓ તેમનો મોટાભાગનો સમય સંઘકાર્ય તથા અન્ય સામાજિક કાર્યોમાં ગાળતા, તેઓ તેમની બી.એ.ની તૈયારી સહેજ પણ કરી શક્યા ન હતા, તેથી તેમણે પરીક્ષા નહિ આપવાનો નિર્ણય લીધો હતો. માધવરાવજીને આ વાતની જાણ થતાં તેમણે ભૈયાજીને બોલાવ્યા અને કહ્યું, 'તમારે પરીક્ષામાં બેસવું જ પડશે.'

ભૈયાજી કહે, 'મેં કાંઈ વાંચ્યું નથી, હું કેવી રીતે જવાબપોથી લખીશ ?'

માધવરાવ કહે, 'હું તમને અભ્યાસ કરાવીશ, હું જેટલી નોંધો તૈયાર કરું, તેટલી તમે મન દઈને વાંચો તો કામ પતી જાય.'

ભૈયાજીએ વાત માની લીધી. બી. એ.ના વિવિધ વિષયોનાં પુસ્તકોનો માધવરાવે પોતે અભ્યાસ કર્યો, નોંધો લખી, પ્રશ્નોત્તર લખ્યા અને ભૈયાજી પાસે બધા મહત્ત્વના અંશો યાદ કરાવી દીધા. ભૈયાજી પરીક્ષામાં બેઠા અને ઉત્તીણ થયા. બીજા વિદ્યાર્થીઓની જેમ ભૈયાજી પણ તેમને ગુરુજી કહેવા લાગ્યા.

ભૈયાજી દાણી તથા બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના અન્ય સ્વયંસેવકોને કારણે માધવરાવજીનો સંઘ સાથે સંપર્ક સ્થપાવા લાગ્યો. સંઘના સ્થાપક ડૉક્ટર હેડગેવારજી કાશી આવ્યા ત્યારે કાર્યકર્તાઓએ માધવરાવ સાથે તેમનો મેળાપ કરાવ્યો.

ડૉક્ટરજીના વ્યક્તિત્વને જોઈ તથા તેમની સાથે વાર્તાલાપ કરી માધવરાવ ખૂબ જ પ્રભાવિત થયા. તેઓ ક્યારેક ક્યારેક સંઘશાખામાં જવા લાગ્યા.

ડૉક્ટર હેડગેવારજીએ તેમને નાગપુરનો સંઘઉત્સવ જોવા નાગપુર આવવાનું નિમંત્રણ આપ્યું. તેઓ નાગપુર આવ્યા ત્યારે ડૉક્ટરજી તેમને પોતાની સાથે ભંડારા લઈ ગયા. માધવરાવે ત્યાંની સંઘશાખા જોઈ. આ પ્રવાસમાં માધવરાવે ડૉક્ટરજીને નજીકથી નીરખ્યા તેમજ તેમને સંઘ વિશે અનેક પ્રશ્નો પૂછ્યા. ડૉક્ટરજીના જવાબ સાંભળી તેમનું સમાધાન થયું. નાગપુરથી કાશી પરત આવ્યા. હવે તેઓ કાશી સંઘશાખા તરફ વધુ ધ્યાન આપવા લાગ્યા.

એ દિવસોમાં સંઘશાખામાં પ્રાથમિક સૈનિક શિક્ષણ આપવામાં આવતું હતું. કવાયત કરતી વખતે સ્વયંસેવક લાકડાની નકલી બંદૂકોનો ઉપયોગ કરતા હતા. સ્વયંસેવકોની સંખ્યાના પ્રમાણમાં બંદૂકો ઓછી હતી. રમતગમતનો બીજો સામાન પણ ઓછો હતો. યોગચાપ નવાં બનાવવાં જરૂરી હતાં. માધવરાવે આ ચર્ચા સાંભળી. કોઈને કહ્યા વિના ચૂપચાપ આ બધો સામાન બનાવવા કારીગરને કહી દીધું. તેમણે પોતે તેના પૈસા ચૂકવ્યા અને આ સઘળો સામાન સંઘના શસ્ત્રાગારમાં વ્યવસ્થિત રીતે ગોઠવી દીધો.

એકાએક નવો તેમજ સુંદર સામાન આવેલો જોઈ સઘળા સ્વયંસેવકો આશ્ચર્યચકિત થઈ ગયા. 'પરંતુ આટલું બધું બનાવ્યું કોણે ? પૈસા ચૂકવ્યા કોણે ? ઘણા દિવસો સુધી આ પ્રશ્નોના ઉત્તરો તેઓ પામી શક્યા ન હતા. પોતે કરેલ સત્કાર્ય વિશે માધવરાવે સ્વમુખે ક્યારેય એક હરફ પણ કાઢ્યો ન હતો.'

તેમનો એક મિત્ર રાજનીતિ વિષયક વાદવિવાદમાં ખૂબ રસ લેતો હતો. એક દિવસ તે કોઈ મતવાદનું જોરશોરથી સમર્થન કરી રહ્યો હતો, ત્યારે માધવરાવે તેને કહ્યું, 'હું જે કાંઈ કહું છું તે લખી લો. એક દિવસ સર્વત્ર સંઘવાદની લહેર ફેલાશે. તેનું નામ બધે ચમકશે. આજે સામ્યવાદ, સમાજવાદ વગેરેનાં નગારાં વાગે છે, પરંતુ સંઘવાદ સામે એ સૌ બોદા સાબિત થશે.'

૧૧

# સૌના ગુરુજી

માધવરાવજી પાસે વધુ સંખ્યામાં સંઘ - સ્વયંસેવકો આવવા લાગ્યા. માધવરાવ પણ સ્વયંસેવકોના નિવાસસ્થાને અનેકવાર જવા લાગ્યા. તેમની સાથે ઊઠવા બેસવા લાગ્યા. તાત્ત્વિક ચર્ચાની હદ વટાવી પ્રેમ તથા બંધુતાનો પ્રત્યક્ષ વ્યવહાર શરૂ થયો. કોઈપણ સ્વયંસેવકની કોઈપણ મુશ્કેલી તેઓ ખૂબ આત્મીયતાથી દૂર કરતા. તેમની સાથે બેસી હાસ્ય વિનોદ કરતા. ઘણીવાર મહત્ત્વના કાર્યકર્તાઓને લઈ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના નિર્માતા તેમજ અધિષ્ઠાતા પંડિત મદનમોહન માલવીયાજી પાસે પહોંચી જતા. માલવીયાજી સંઘકાર્યની ખૂબ પ્રશંસા કરતા. તેમણે વિદ્યાપીઠ વિસ્તારમાં સંઘશાખાનો સરસામાન રાખવા માટે એક નાની સરખી ઈમારત બંધાવી આપી હતી.

એકવાર યુનિવર્સિટીનો કોઈ મોટો ઉત્સવ હતો. સંઘ સ્વયંસેવકોને તેની બધી વ્યવસ્થા સોંપવામાં આવી હતી. કોણ ક્યાં બેસશે ? કયા દરવાજેથી પ્રવેશશે ઈત્યાદિ વાતો નક્કી થઈ ગઈ. એ પ્રમાણે સ્થાન સ્થાન પર સ્વયંસેવકો ઊભા રહ્યા હતા અને આવનારાઓનું માર્ગદર્શન કરી રહ્યા હતા. કેટલાક લોકોને નિર્ધારિત વ્યવસ્થાનો વિરોધ કરવામાં આનંદ આવે છે. નિયમ અમારે માટે નથી. અમે બધા નિયમો તોડી શકીએ છીએ. આ એક મોટાઈ અને પ્રતિષ્ઠાની વાત છે એવી તેમની ધારણા હોય છે. એક વરિષ્ઠે પ્રાધ્યાપક આવા હતા. તેઓ સ્ત્રીઓ માટે નિશ્ચિત થયેલ પ્રવેશદ્વારેથી અંદર જવા લાગ્યા. સ્વયંસેવકોએ નમ્રતાપૂર્વક તેમને યોગ્ય રસ્તો બતાવ્યો તો તેઓ તેમની સાથે વાદવિવાદ કરવા લાગ્યા. ગુસ્સે થઈ જેમ તેમ બોલવા લાગ્યા. હઠ કરવા લાગ્યા. કહેવા લાગ્યા,

'મને રોકનાર તમે કોણ ? હું તો આ દરવાજેથી જ જઈશ. તમારે જે કરવું હોય તે કરી લો.' બધા સ્વયંસેવકો ચૂપ થઈ ગયા, પરંતુ એક ઊંચો હૃષ્ટપુષ્ટ સ્વયંસેવક આગળ આવ્યો. તેણે ધીરેથી એ પ્રાધ્યાપકને ઊંચક્યા અને યોગ્ય દરવાજેથી, યોગ્ય સ્થાને જઈ બેસાડી દીધા.

ચારેકોર પ્રભાવ છવાઈ ગયો. ઉત્સવ ઉત્તમ રીતે પૂર્ણ થયો; પરંતુ પ્રાધ્યાપકના મનમાં પેલી વાત ખટકતી રહી. તેમણે વિદ્યાપીઠના અધિકારીઓની સભામાં સઘળી વાત વધારી વધારીને કહી અને કેટલાક પ્રમુખ સ્વયંસેવકોને વિશ્વવિદ્યાલયમાંથી હાંકી કાઢવાનો પેંતરો રચ્યો. એ જ વખતે માધવરાવજી ઊભા થઈ ગયા. તેમણે દૃઢતાપૂર્વક ઘટનાનું વિવરણ સંભળાવ્યું અને સ્વયંસેવકો તથા અનુશાસનનું સમર્થન કર્યું. તેમણે માલવીયાજીને સભા પહેલાં જ, સઘળી વાતોથી વાકેફ કર્યા હતા. આથી સ્વયંસેવકોને સહેજ પણ આંચ આવી નહિ.

માધવરાવજી કાશીમાં ત્રણ વર્ષ રહ્યા. તેમની કાશીની નોકરી પૂરી થઈ. ભાઉજી અને તાઈએ ઈચ્છા વ્યક્ત કરી કે મધુ રામટેક અથવા નાગપુરમાં રહે અને વકીલાત કરે. માધવરાવે આ જ કારણે બીજે નોકરી માટે પ્રયત્ન ન કર્યો. તેઓ નાગપુર આવ્યા અને મહાવિદ્યાલય કાયદાનામાં પ્રવેશ મેળવ્યો.

કાશી નિવાસ દરમિયાન તેઓ સ્વયંસેવક બન્યા. સંઘના અનેક કાર્યકર્તાઓ સાથે તેમનો સહવાસ થયો. સૌ લોકો પ્રેમથી તેમને ગુરુજી કહેવા લાગ્યા. ગુરુજી તેમનું ઉપનામ જ બની ગયું. એકવાર નાગપુરમાં ડૉક્ટરજીએ તેમને કહ્યું, 'જુઓ ગુરુજી, આજે સ્વયંસેવકો સામે તમારે જ બોલવાનું છે.' તો કંઈક સંભ્રમિત બની તેમણે કહ્યું, 'ડૉક્ટરજી, આપ પણ મને ગુરુજી કહેશો ?'

'કેમ નહિ ?' ડૉક્ટર સાહેબે તરત જ હસતાં હસતાં પ્રત્યુત્તર આપ્યો, 'તમે કેવળ કોઈ વર્ગ કે પાઠશાળાના ગુરુજી ઓછા છો ? તમે તો સૌના ગુરુજી છો.'

૧૨

# ગૃહત્યાગ

શ્રી ગુરુજી હવે નાગપુરમાં રહેવા લાગ્યા. તેમની દિનચર્યામાં ખૂબ પરિવર્તન થઈ ગયું. લૉ કૉલેજમાં કેવળ બે કલાક જ અભ્યાસ માટે જવું પડતું હતું. બાકીનો સમય તેઓ વિવિધ કાર્યોમાં ગાળતા. બંસરીવાદક સાવલારામજીને ત્યાં તેઓ કેટલાક કલાક વિતાવતા. તેઓ ગાયન સાંભળતા રહેતા કે પછી જાતે જ બીન, બંસરી, સિતાર ઈત્યાદિ બજાવતા. ક્યારેક તેમની સઘળી મિત્રમંડળી ભેગી થઈ જતી એ પછી તેઓ જોરશોરથી વાદવિવાદ કરતા. ઘણુંખરું ગુરુજી સામે કોઈ ટકતું નહિ. તેમનું વિવેચન તર્કશુદ્ધ તેમજ સાધાર રહેતું. તેઓ પ્રતિદિન ધંતોલી સ્થિત શ્રીરામકૃષ્ણ આશ્રમમાં જતા. સ્વામી શ્રી ભાસ્કરેશ્વરાનંદજીનો તેમના પ્રત્યે વિશેષ પ્રેમ હતો. ગુરુજીના મામા રાયકરજી ટ્યૂશન કલાસ ચલાવતા હતા. તેઓ ત્યાં બે - ત્રણ કલાક ભણાવવાનું કામ કરતા, અહીંથી દર મહિને જે કાંઈ વેતન મળતું તેનાથી તેમનો નાગપુરનો ખર્ચ પતી જતો.

ગુરુજીના નાગપુર આવ્યા પછી ડૉક્ટરજી તેમને ત્યાં જવા લાગ્યા અને તેઓ પણ ડૉક્ટરજીને ઘરે જવા લાગ્યા. આ વખતે સંઘની કેન્દ્ર શાખા તુલસીબાગમાં ચાલતી હતી. ગુરુજી એ શાખાના કાર્યવાહ નીમાયા. લૉ કૉલેજમાં દશેરા અને દિવાળીની રજાઓ શરૂ થઈ. આ સમય દરમિયાન ડૉક્ટરજી પર મુંબઈથી એક પત્ર આવ્યો તેમાં લખ્યું હતું કે મુંબઈ શાખામાં ખૂબ અવ્યવસ્થા છે. કોઈ સમર્થ કાર્યકર્તા અહીં આવે તો જ આ સુધરી શકે તેમ છે. ડૉક્ટરજીએ આ પત્ર ગુરુજીને વાંચવા આપ્યો. નાની - મોટી વાતોની બીજા પર કેવી પ્રતિક્રિયા થાય છે એ જોવાની ડૉક્ટરજીની આ વિશિષ્ટ પદ્ધતિ હતી. કહ્યા કરાવ્યા વિના કોઈને કાર્યની પ્રેરણા આપવાની તેમની આ એક શૈલી હતી.

પત્ર પરથી સ્પષ્ટ થતું હતું કે પરસ્પર મનદુઃખ તથા વ્યક્તિગત અહંકારને કારણે ત્યાંના કાર્ય પ્રત્યે દુર્લક્ષ્ય સેવાઈ રહ્યું છે. પત્ર વાંચી ગુરુજીએ કહ્યું, 'આપ કહો તો હું ત્યાં જઈ શાખાને વ્યવસ્થિત રૂપ આપવાનો પ્રયાસ કરું.

કૉલેજમાં રજાઓ પણ છે.'

ગુરુજીના મુખેથી આ શબ્દો સાંભળી ડૉક્ટરજીને આનંદ થયો. તેમણે ગુરુજીને તુરત જ મુંબઈ મોકલ્યા. મુંબઈ જઈ ગુરુજીએ ખૂબ પરિશ્રમ કર્યો. નાના - મોટા સૌ સ્વયંસેવકોને મળ્યા. તેમનું મનદુઃખ દૂર કર્યું. શિથિલતા દૂર કરી ત્યાંની શાખાઓને યોગ્ય સ્વરૂપ આપ્યું. સોંપેલું કામ સારી રીતે પૂર્ણ કરી ગુરુજી નાગપુર પાછા આવી ગયા.

ગુરુજીના એક મિત્ર હતા. તેમનું નામ વામનરાવ વાડેગાંવકર. વામનરાવ બાળપણથી જ અંધ, પરંતુ ખૂબ બુદ્ધિશાળી, ગુણવાન તેમજ પરિશ્રમી. તેઓ પોતે જ અંધજન વિદ્યાલય ચલાવતા. આવા લોકોને મદદ કરવાનો ગુરુજીનો સ્વભાવ હતો. તેઓ અંધજન વિદ્યાલય માટે ફાળો એકત્રિત કરતા હતા. કેટલીકવાર વામનરાવને સાઈકલ પર બેસાડી તેઓ જ્યાં કહે, ત્યાં તેમને લઈ જતા. તેઓ તેમને દરરોજ કોઈ ગ્રંથ વાંચી સંભળાવતા. સ્વામી વિદ્યારણ્યકૃત પંચદશી નામક ગ્રંથ બહુ જ અઘરો છે અને પ્રસિદ્ધ પણ છે. ગુરુજીએ વાડેગાંવકરને તે ગ્રંથ વાંચી સંભળાવ્યો, સમજાવ્યો અને આ પછી એના પર લખેલ અનેક ટીકાગ્રંથો પણ વાંચી સંભળાવ્યા.

આટલું બધું કામ કરવા છતાંય તેઓ અભ્યાસ પ્રત્યે પૂરતું લક્ષ્ય આપતા. વિદ્યાભ્યાસ માટે નિત્ય પ્રતિ થોડો સમય જરૂર કાઢી લેતા. એકવાર કોઈ પુસ્તક વાંચી લેતા તો તેમની સ્મૃતિમાં તે વજ્રલેપ જેમ બની જતું. જે કાંઈ વાંચતા, તે ખૂબ તલ્લીનતાથી વાંચતા. એકવાર રામટેક જવા મોટરમાં બેઠા. કાયદાનું એક પુસ્તક તેમની સાથે જ હતું. તે વાંચવા બેઠા. મોટર અનેક સ્થળે રોકાઈ અનેક લોકો ઊતર્યા અને ચઢ્યા. મોટર રામટેક પહોંચી તોય તેઓ વાંચવામાં મશગૂલ હતા. મોટર ફરી નાગપુર જવાની હતી. મુસાફરો મોટરમાં બેસવા લાગ્યા ત્યારે કંડક્ટરે તેમને પૂછ્યું, 'ભાઈસાહેબ, તમારે ક્યાં જવું છે ?' ત્યારે તેમણે ઉપર જોયું. આજુબાજુ જોયું. ઓહ ! રામટેક આવી ગયું ! ચોપડી બંધ કરી નીચે ઊતરી ગયા.

૧૯૩૪માં વિદર્ભના અકોલા શહેરમાં સંઘ શિક્ષણ વર્ગ થયો. ગુરુજી જ તેના સર્વાધિકારી નીમાયા હતા. વર્ગમાં ભાગ લેનાર નાના મોટા સૌ સ્વયંસેવકોની ગુરુજી જાતે કાળજી લેતા. બીમાર સ્વયંસેવકો પાસે બેસતા અને

તેમની સેવાચાકરી કરતા.

૧૯૩૫માં તેમણે વકીલાતની પરીક્ષા પસાર કરી, વકીલાત શરૂ કરી. તેમના નામનું પાટિયું ભીંત પર લટકવા લાગ્યું. તેઓ ન્યાયાલયમાં જવા લાગ્યા. મુકદ્દમા લડવા લાગ્યા. ત્યાં પણ તેમની બુદ્ધિની ચમક સૌને જોવા મળી. વચ્ચે વચ્ચે, સ્વાભાવિકપણે માતાપિતા તરફથી લગ્ન અંગેના પ્રસ્તાવ આવ્યા. ગુરુજીએ તેને ટાળી દીધા. વધુ આગ્રહ થતાં ગુરુજીએ ભાઉજીને સ્પષ્ટપણે કહી દીધું, 'પિતાજી, વિવાહ કરવાની મારી સહેજ પણ ઈચ્છા નથી. મને એ સુખની અભિલાષા નથી. હું એને સુખ માનતો નથી.'

આ વિષય પરત્વે પ્રેમાળ માતાની મોટી ઈચ્છા, આશા અને અપેક્ષા હતી. ગુરુજીએ તેમને સમજાવ્યાં, મનાવ્યાં. વંશસાતત્યનો પ્રશ્ન નાજુક હોય છે. આ અંગે ગુરુજીએ માતાજીને કહ્યું, 'સમાજનું ભલું થતું હોય, દેશનું ભલું થતું હોય તો આપણા જેવા કેટલાયના વંશવેલા અટકી જાય તો પણ તેની ચિંતા કરવી જોઈએ નહિ. સમયની આ માગ છે. એ પૂરી કરવી એને હું મારું કર્તવ્ય માનું છું. વંશ નાશ પામશે એનો મને સહેજ પણ ખેદ નથી.'

તેમનું મન આ દિશામાં દોડી રહ્યું હતું. નિત્ય નિયમાનુસાર બાહ્યજીવન ચાલી રહ્યું હતું. માધવરાવ સદાશિવરાવ ગોળવલકર વકીલ પ્રતિદિન ન્યાયાલયમાં જતા હતા. સાવલારામજીને ત્યાં બેસી ગાયન - વાદનનો આનંદ લૂંટતા હતા. વોડગાવકરજી સાથે ફરી સામાજિક જવાબદારી અદા કરતા હતા. ડૉક્ટર હેડગેવારજી પાસે બેસી તેમની સાથે રાષ્ટ્રીય સમસ્યાઓ પર વિચાર પણ કરતા હતા. આમ એમનું જીવન ચાલી રહ્યું હતું.

ઈ.સ. ૧૯૩૬ના ઑક્ટોબર મહિનાના ત્રીજા સપ્તાહમાં એક અદ્ભુત પ્રસંગ બની ગયો. દિવાળીને સાત - આઠ દિવસ બાકી હતા અને માધવરાવના મિત્રોમાં ભારે ખળભળાટ મચી ગયો. સૌના મોંમાં 'માધવરાવ ઘર છોડી ક્યાંક જતા રહ્યા છે.' 'તેમણે કોઈને કશુંય કહ્યું નથી.' 'એમનો એક દીકરો ?' 'ભૈયાજીને કોણ સમજાવે ?' 'તાઈને કેવી રીતે ધીરજ ધરવાનું કહેવાય ?' ઈત્યાદિ ઉદ્ગારો નીકળી રહ્યા હતા. સૌના મનમાં ચિંતા, વ્યથા, આદર વગેરે ભાવનાઓનો સંમિશ્ર પ્રવાહ વહી રહ્યો હતો. ભાઉજી તથા તાઈને અપાર દુ:ખ થયું. ડૉક્ટર હેડગેવારજીના મોં પર ખિન્નતા પ્રગટી.

૧૩

# અખંડાનંદજીને ચરણે

કોલકત્તાની ઉત્તરે ૧૨૦ માઈલ દૂર મુર્શિદાબાદ જિલ્લામાં એક ગામ છે. નામ છે સારગાછી. સારગાછી શબ્દનો અર્થ છે સઘન વૃક્ષોની હારમાળા. તે પ્રદેશ જ તેનો હતો. ત્યાં પુષ્કળ વનસંપદા હતી; પરંતુ ધનસંપદા તો નામ માત્રનીય ન હતી. લોકો નિર્ધન હતા. દુઃખી હતા. દીનહીન જીવન જીવી રહ્યા હતા.

ઈ. સ. ૧૮૯૬ની આ વાત. એક સંન્યાસી યુવક ફરતાં ફરતાં ત્યાં આવી પહોંચ્યો. નામ એનું અખંડાનંદ. શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય તથા વિવેકાનંદના ગુરુભાઈ. ગંગાના કિનારે કિનારે યાત્રા કરતાં કરતાં ગંગોત્રી સુધી પહોંચવાનો તેમનો વિચાર હતો. વળી, તેમણે એ પણ વિચાર્યું હતું કે જો ત્યાં કોઈ સારી એવી ગુફા જોઈશું તો હિમાલયમાં રહી પડીશું. ધ્યાન - ધારણા જપ - તપ આદિમાં જીવન ગાળીશું વગેરે આ હેતુ માટે કોલકત્તા છોડ્યું હતું અને ફરતાં ફરતાં સારગાછી આવી પહોંચ્યા હતા.

તે ગામમાં ક્યાંય પીવાના પાણીનો પ્રબંધ ન હતો. ગામના લોકો દૂર દૂરથી પાણી ભરી લાવતા હતા. સૌને મોટી મુશ્કેલી હતી. એક નાની ખેડૂત કન્યા પાણી ભરેલો ઘડો માથે મૂકી ઘર તરફ જઈ રહી હતી. તેને ઠોકર વાગી અને તે પડી ગઈ. સ્વામીજીએ દોડી જઈ તેને ઉઠાડી. તેને કાંઈ વાગ્યું તો ન હતું, પણ તેનો ઘડો ફૂટી ગયો હતો. 'હવે મારા પિતાજી મને મારશે. ખૂબ મારશે.' એમ બોલી જોરજોરથી રડવા લાગી. સ્વામીજીએ એક નવો ઘડો મંગાવી આપ્યો ત્યારે તે ટાઢી પડી અને ફરીથી પાણી ભરવા ચાલી ગઈ.

આ વાત ચારેકોર ફેલાઈ ગઈ. આપણા ગામમાં કોઈ દયાળુ મહાપુરુષ આવ્યો છે, ચાલો એનાં દર્શને જઈએ. ગામ લોકો આવીને અખંડાનંદજીના ચરણે બેસી ગયા. સ્વામીજીએ ખૂબ પ્રેમથી સૌનો પરિચય પ્રાપ્ત કરી લીધો. લોકો તેમનાં દુઃખ રડવા લાગ્યા. પોતાની મુશ્કેલ પરિસ્થિતિનું વર્ણન કરવા લાગ્યા. એ

સૌને જોઈ - સાંભળી સ્વામી અખંડાનંદજીનું પરમ કરુણામયી હૃદય પીગળી ગયું. તેમને દરિદ્રનારાયણનો સાક્ષાત્કાર થયો. ગામ લોકોનાં દુઃખ દૂર કરવાની યોજના બનાવી. ગામ લોકો તેમનું કહ્યું માનવા લાગ્યા. તેમના કહ્યા પ્રમાણે કામ કરવા લાગ્યા. થોડા જ વખતમાં ત્યાં એક સુંદર આશ્રમ બંધાઈ ગયો.

રોજ રાતે સૂતી વખતે અખંડાનંદજીને ગંગોત્રી હિમાલયની યાદ આવી જતી ત્યારે તેઓ મનોમન કહેતા : બસ, હવે આટલું કામ પૂરું થતાં જ હું અહીંથી ચાલી નીકળીશ. દિવસ ઊગતો. દીન - દુઃખી અને સંતપ્ત લોકોનાં દર્શન થતાં જ રાતના બધા વિચારો ઊડી જતા અને તેઓ ગામ લોકોનાં હિતકાર્યોમાં લાગી જતા. આમ કેટલાય મહિનાઓ અને વર્ષો વીતી ગયાં. તેમણે નિશ્ચય કરી લીધો કે હવે આ જ મારી ગંગોત્રી અને આ જ મારો હિમાલય. આ બાંધવોની સેવા જ મારી ધ્યાન - ધારણા અને આ જ મારી તપશ્ચર્યા. હવે તો હું અહીં જ રહીશ અને સેવાકાર્ય કરીશ.

વિશ્વવંદ્ય ગુરુભાઈ અર્થાત્ સ્વામી વિવેકાનંદજીને પત્ર લખી પોતાનો આ નિર્ણય જાહેર કર્યો ત્યારે વિવેકાનંદજીને બહુ જ આનંદ થયો. તેમણે સારગાછી આશ્રમ માટે બે સારા કાર્યકર્તા મોકલ્યા તેમજ પૂરતું ધન મોકલ્યું. સ્વામી અખંડાનંદજીને લખેલા એક પત્રમાં સ્વામી વિવેકાનંદે લખ્યું છે :

'જેમ જેમ તમારા કાર્યનો વિસ્તૃત અહેવાલ મળતો જાય છે, તેમ તેમ મારું મન આનંદથી ઊભરાઈ જાય છે. આ પ્રકારનાં કાર્યો દ્વારા વિશ્વવિજય પ્રાપ્ત કરી શકાય છે. આવાં કામોમાં જાતિભેદ કે મતભેદને કોઈ સ્થાન હોતું નથી. તમે ધન્ય છો. હું તમને કોટિકોટિ ધન્યવાદ આપું છું અને હૃદયપૂર્વક આશીર્વાદ આપું છું.'

અખંડાનંદજીએ પોતાનું શેષજીવન ત્યાં જ રહી જનસેવામાં વીતાવ્યું. ચંદન પોતે ઘસાય છે અને બીજાને શાંતિ આપે છે. પોતે બળે છે અને બીજાને સુગંધ આપે છે. સ્વામીજીનું જીવન પણ આવું જ હતું. તેમના ચરણે બેસી મોક્ષમાર્ગનો પાઠ શીખવા માધવરાવજી નાગપુર છોડી સારગાછી આવી પહોંચ્યા. નાગપુરથી લાવેલ પરિચયપત્ર અખંડાનંદજીને આપી, તેમના ચરણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

## ૧૪

# ગુરુસેવા

સ્વામી અખંડાનંદે માધવરાવને હાથ પકડી ઊઠાડ્યા અને પોતાની પાસે બેસાડ્યા. માધવરાવને કેટલાક પ્રશ્નો પૂછી તેમની વ્યક્તિગત તેમજ પારિવારિક માહિતી પ્રાપ્ત કરી લીધી. તેમણે કહ્યું, 'ગોળવલકર, તું અત્યારે આવ્યો ! તું બહુ મોડો આવ્યો છે. હવે તો હું ખૂબ ઘરડો થઈ ગયો છું. બીમાર પણ છું. બહુ થાકી ગયો છું. હું તને શું માર્ગદર્શન આપીશ ?'

માધવરાવ કહે, 'સ્વામીજી, આપ કેવળ આપની સેવાની અનુમતિ આપો. આપની સેવા કરતાં કરતાં મને સઘળું પ્રાપ્ત થઈ જશે. યોગ્ય સમય પારખી આપ મારા પર અનુગ્રહ કરો તો હું કૃતાર્થ થઈ જઈશ.'

સ્વામીજી કહે, 'ઠીક તમે અહીં જ રહો. ઠાકોરજી જેવી પ્રેરણા આપશે તેવું થશે.'

શ્રીમુખે આ શબ્દો સાંભળી માધવરાવને પરમાનંદ થયો. તેઓ તે જ પળથી અખંડાનંદજીની સેવામાં જોડાઈ ગયા. તેઓ તેમની પૂજા સામગ્રી તૈયાર કરતા, તેમને માટે ભોજન બનાવતા, આશ્રમમાં કચરો કાઢતા, વાસણો ઘસતા, લાકડાં વીણી લાવતા અને લાકડાં ચીરતા. આમ અનેક કામો ખૂબ તત્પરતાથી કરતા. દિવસ હોય કે મધરાત ગુરુદેવ જ્યારે પણ બોલાવતા, માધવરાવ તે જ સમયે હાથ જોડી તેમની સમક્ષ હાજર થઈ જતા. અખંડાનંદજીએ માધવરાવની કડક પરીક્ષા લીધી. માધવરાવ ઉત્તમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયા. અખંડાનંદજી તેમના પર પ્રસન્ન થયા. મકરસંક્રાંતિના શુભ અવસરે અર્થાત્ ૧૩ જાન્યુઆરી ૧૯૩૭ના દિવસે તેમણે માધવરાવને ગુરુમંત્ર આપ્યો. પોતાના આ બુદ્ધિશાળી શિષ્યને

હૃદયપૂર્વક આશીર્વાદ આપતાં કહ્યું, 'ગોળવલકર, તમારે હિમાલય જવાનું નથી. ગિરિકંદરામાં બેસવાનું નથી. તમારે જનસમાજમાં કામ કરવાનું છે. એક મહાન કાર્ય તમારી રાહ જોઈ રહ્યું છે. મારા તમને આશીર્વાદ છે. તમે જ્યાં પગ મૂકશો ત્યાં યશ પ્રાપ્ત કરશો. ગોળવલકર, તમારી આ દાઢી અને જટા તમારા મુખમંડળ પર ખૂબ સુંદર શોભે છે, તેને ક્યારેય કઢાવતા નહિ.

થોડા દિવસો પછી અખંડાનંદજી અત્યંત બીમાર થઈ ગયા. માધવરાવે સ્વામીજીની સર્વ પ્રકારે સેવા ચાકરી કરી. કોલકત્તાથી ડૉક્ટરો આવતા હતા. દવા દારૂની યોજના થતી હતી, પરંતુ સ્વાસ્થ્ય સુધરતું ન હતું. વધુ સારી સારવાર માટે કાર્યકર્તાઓએ તેમને કોલકત્તા લઈ જવાનો નિર્ણય કર્યો. સ્વામીજીના આદેશાનુસાર માધવરાવ તેમની સાથે કોલકત્તા ગયા. માધવરાવે ગુરુદેવની સેવામાં ખૂબ કષ્ટ વેઠ્યું. રાતોની રાતો જાગતા તેમની પાસે બેસી રહેતા. માધવરાવની તત્પરતા તેમજ દક્ષતાને કારણે સ્વામીજીની વ્યવસ્થામાં ક્યાંય સહેજ પણ ત્રુટિ રહી નહિ.

સ્વામીજીને લાગ્યું કે હવે અંતિમ દિન નિકટ આવી રહ્યો છે. તેમણે માધવરાવને પોતાની પાસે બોલાવ્યા, બેસાડ્યા અને માથે હાથ મૂકી વિશેષ ઉપદેશ આપ્યો. દિ. ૭ ફેબ્રુઆરી ૧૯૩૭ના દિવસે સ્વામીજીએ ઈહલીલા સમાપ્ત કરી.

માધવરાવ ખૂબ દુઃખી થયા. તેઓ દક્ષિણેશ્વર ગયા. બેલૂર મઠમાં ગયા. કામારપુકુર તથા જયરામબારી ગયા. શ્રી રામકૃષ્ણ પરમહંસ તથા શ્રી શારદામાતા તેમજ સ્વામી વિવેકાનંદના વસવાટથી પાવન બનેલ સ્થાનોનાં તેમણે દર્શન કર્યાં. લગભગ દોઢ મહિનો કોલકત્તામાં રહ્યા પછી માર્ચ ૧૯૩૭ના અંતિમ સપ્તાહમાં તેઓ પુનઃ નાગપુર આવી ગયા.

## ૧૫

# ડૉક્ટરજીના સહવાસમાં

શ્રી ગુરુજી નાગપુર આવ્યા, તેમના મિત્રો તથા કુટુંબીઓને ખૂબ આનંદ થયો. તેઓ રામટેક ગયા. ભાઉજીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ભાઉજીની આંખોમાંથી આંસુ વહી નીકળ્યાં. તાઈએ નાના બાળકની જેમ પાસે બેસાડી તેમના માથે - મોંએ હાથ ફેરવ્યો. ગુરુજી થોડા દિવસ રામટેક રહ્યા. તેઓ દરરોજ પ્રભુ રામચંદ્રજીના મંદિરે જતા હતા. ક્યારેક તેઓ એકલા એક ઊંચી ટેકરી પર જઈ બેસતા અને ધ્યાનમગ્ન બની જતા. ક્યારેક બંસરીના મધુર નાદથી આસમાન ભરી દેતા.

થોડા દિવસો પછી તેઓ નાગપુર આવ્યા, પરંતુ હવે તેમને વકીલાતમાં રસ રહ્યો ન હતો. તેમના આવ્યાની વાત જાણી ડૉક્ટરજીને અપાર આનંદ થયો. હવે તો તેઓ ગુરુજી સાથે સહેતુક સંબંધ વધારવા લાગ્યા. ગુરુજી એક સમાચારપત્રના સંપાદક મંડળના સભ્ય બની ગયા. 'શિકાગો પરિષદમાં વિવેકાનંદે આપેલ વ્યાખ્યાનો' નામક અંગ્રેજી પુસ્તકોનો તેમણે મરાઠીમાં અનુવાદ કર્યો. કોઈપણ કામ તેઓ ખૂબ ઉત્સાહપૂર્વક તેમજ તીવ્ર ગતિએ કર્યા કરતા હતા. અંગ્રેજી ભાષા પર તેમનો સંપૂર્ણ કાબૂ હતો.

'રાષ્ટ્ર મીમાંસા' નામે ક્રાંતિવીર બાબારાવ સાવરકરજીનું એક મરાઠી પુસ્તક. નાગપુરના વકીલ વિશ્વનાથરાવ કેલકર એ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ કરાવી તેને છપાવવા માગતા હતા. તેમણે ભૈયાજી દાણી સમક્ષ પોતાની આ ઈચ્છા જણાવી.

ભૈયાજી કહે, 'શ્રી માધવરાવ ગોળવલકર આ કામ ઉત્તમ રીતે કરી શકશે. હું તેમને પૂછી જોઉં.'

ગુરુજીએ અનુવાદ કરવાનું સ્વીકારી લીધું. કેલકરજીને ત્યાંથી તે પુસ્તક અને

કોરા કાગળ લઈ ગયા, બીજે જ દિવસે તેઓ પાછા આવ્યા. તેમના હાથમાં પેલું પુસ્તક અને કાગળો હતા. તેમને આવતા જોઈ કેલકરે વિચાર્યું, 'અત્યારે મારી પાસે સમય નથી... અનુવાદ કરવો ખૂબ અઘરો છે...' વગેરે વાતો સાંભળવા મળશે, પરંતુ તેમના હાથમાં સંપૂર્ણ અનુવાદ મૂકવામાં આવ્યો છે એવું જાણ્યું ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે કેટલાક અનુવાદિત અંશો વાંચ્યા. અંગ્રેજી શબ્દની પસંદગી, વાક્યરચના, નિવેદનશૈલી, ભાવ પ્રકટીકરણ વગેરે દૃષ્ટિથી અનુવાદ ઉત્કૃષ્ટ થયો હતો. માધવરાવની મુક્તકંઠે પ્રશંસા કરતાં તેમણે ભૈયાજી દાણીને કહ્યું, 'તમારો આ મિત્ર તો એક નવરત્ન છે.'

આ સમય દરમિયાન ડૉક્ટર હેડગેવારજીનું માધવરાવ પર પૂરેપૂરું ધ્યાન હતું. તેઓ તેમના ગુણો તેમજ કર્તૃત્વનું સૂક્ષ્મ નિરીક્ષણ અને પરીક્ષણ કરી રહ્યા હતા. માધવરાવ પણ ડૉક્ટરજીના આદેશોનું પૂરેપૂરું પાલન કરતા હતા. તેઓ નિયમિતરૂપે શાખામાં જતા હતા. સ્વયંસેવકોની બેઠકે લેતા હતા. બૌદ્ધિક વર્ગોમાં બૌદ્ધિક આપતા હતા. એક બેઠકમાં પચાસ સ્વયંસેવકો ઉપસ્થિત હતા. સંઘ પદ્ધતિ પ્રમાણે દરેકે પોતપોતાનો પરિચય આપ્યો. નામ, શાખામાં કામ, ઉદ્યોગ - ધંધો, વગેરે વાતો કરી. ડૉક્ટરજીએ કહ્યું, 'ગુરુજી, આ સૌ આપણા મહત્ત્વપૂર્ણ કાર્યકર્તા છે. તેમનો પરિચય ધ્યાનમાં રાખી લો.'

શ્રી ગુરુજી કહે, 'ના, હું તેમને નહિ ભૂલું.' તેઓ એકેએકનો પૂરેપૂરો પરિચય આપવા લાગ્યા. ક્યાંય ભૂલ થઈ નહિ. એ બધા પચાસે પચાસ સ્વયંસેવકોનો તેમણે વ્યવસ્થિત રીતે પરિચય કરાવ્યો. સૌ તેમની અદ્ભુત સ્મરણશક્તિ જોઈ ચકિત થઈ ગયા. ડૉક્ટરજી ખૂબ પ્રસન્ન થયા. તેમણે એક બીજી વાત પણ જોઈ. આ કેવળ બુદ્ધિનો ચમત્કાર ન હતો. અહીં આત્મીયતા અને લગન હતાં. આવો વિશ્વાસ પામી ડૉક્ટરજી અત્યંત પ્રસન્ન થયા. ગુરુજીને અધિકાધિક મહત્ત્વપૂર્ણ કામો સોંપવા લાગ્યા. ક્યારેક ગુરુજીને હિંદીમાં બોલવા કહેતા, તો ક્યારેક અંગ્રેજીમાં બોલો એમ કહેતા. માધવરાવની વક્તૃત્વધારાના પ્રવાહનો પ્રભાવ શ્રોતાઓના મુખમંડળ પર પડતો જોઈ

ડૉક્ટરજી અત્યંત પ્રસન્ન થતા.

ગુરુજીની પ્રવચન કુશળતા કે વ્યવહાર ચાતુરીની કોઈ પ્રશંસા કરતું તો ડૉક્ટરજી તેના નિવેદનને ધ્યાનપૂર્વક સાંભળતા અને પ્રસન્ન થતા. તેઓ તેને ભાત - ભાતના પ્રશ્નો પૂછતા. પોતાના પુરાણા સહયોગી મિત્રોને ગુરુજી વિશેનો તેમનો મત પૂછતા. બીજી બાજુથી પણ આવી જ પ્રક્રિયા ચાલી રહી હતી. અર્થાત્ માધવરાવ પણ ડૉક્ટરજીની પરીક્ષા લઈ રહ્યા હતા. અનેક નેતાઓ માટે દૂરથી ડુંગરા રળિયામણા કે નામ મોટાં અને દર્શન ખોટાં જેવી કહેવત લાગુ પડે છે, પરંતુ ડૉક્ટરજીનું જીવન પૂર્ણતઃ આનાથી વિરુદ્ધ હતું. દૂરથી તેઓ સીધાસાધા દેખાતા અને પાસે જતાં તેમનામાં અનેક ગુણો જોવા મળતા. સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં ગુરુજીના ધ્યાનમાં એક વાત આવી કે સામાન્ય વેશભૂષામાં તેઓ પ્રત્યક્ષ અખંડાનંદજી જ છે. અખંડાનંદજી જેવી જ ડૉક્ટરજીની ધીર - ગંભીર તથા શાંત વૃત્તિ હતી. તેવો જ તેમનો કર્મયોગ, તેવી જ પ્રસિદ્ધિ - પરામુખતા જનકલ્યાણ દ્વારા સેવા કરવાનું વ્રત, નિત્ય ધ્યેય ચિંતન, ચંદનની જેમ મન - વચન - કાયાથી પ્રતિદિન પ્રતિપળ આયુષ્યને ઘસતા રહેવું, બાળતા રહેવું. કેવળ કપડાં સંન્યાસીનાં ન હતાં, ડૉક્ટરજી સર્વસંગપરિત્યાગી જ હતા.

ગુરુજીએ આધુનિક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. વિજ્ઞાન તથા કાયદા શાખાના પદવીધર હતા. પૌર્વાત્ય તેમજ પાશ્ચાત્ય દર્શનશાસ્ત્રનો તેમણે તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. તેમની બુદ્ધિ અન્વેષકની હતી તો તેમની વૃત્તિ સૂક્ષ્મગ્રાહી હતી. તેમણે ડૉક્ટરજીને વિભિન્ન વિષયો પર અનેક પ્રશ્નો પૂછ્યા. ડૉક્ટરજીએ પોતાની સદૈવની શાંત સુસ્પષ્ટ પદ્ધતિથી એમના સઘળા પ્રશ્નોના ઉત્તર આપ્યા અને તેમને સંઘનું સ્વરૂપ સમજાવ્યું. ડૉક્ટરજીને તેમણે દરેક બાજુથી જોયા, પારખ્યા. ડૉક્ટરજીના વિચાર સુસ્પષ્ટ હતા. ચારિત્ર્ય નિષ્કલંક હતું અને ત્યાગ પ્રખર હતો. શ્રી ગુરુજી તેમના અનુયાયી બન્યા. તેમના અનન્ય ભક્ત બન્યા.

૧૬

# ડૉક્ટરજીની વસમી વિદાય

પ્રતિવર્ષ અનુસાર ૧૯૩૮ના મે - જૂનમાં નાગપુરમાં સંઘશિક્ષાવર્ગ શરૂ થયો. ગુરુજી તેના સર્વાધિકારી હતા. ત્યાં આવેલ સૌ સ્વયંસેવકોનો તેમણે વ્યક્તિગત પરિચય કેળવી લીધો. પ્રત્યેક સ્વયંસેવકની સગવડ - અગવડનો તેઓ પૂરેપૂરો ખ્યાલ રાખતા. શારીરિક કાર્યક્રમ, ભોજન વ્યવસ્થા, દવાખાનું, સ્વચ્છતા વગેરે નાના - મોટા વિભાગોનું કામ સારી રીતે ચાલે છે કે નહિ, તેની કાળજી રાખતા. કોઈ કાર્યકર ભૂલ કરતો હોય કે ઢીલાશ કરતો હોય તો તેઓ તેને સમજાવતા. મધરાતે ભોજનાલયમાં એક આંટો જરૂર મારી આવતા. વધેલું અનાજ બરાબર ઢાંક્યું છે કે નહિ, દેવતા બરાબર ઓલવ્યા છે કે નહિ, કશું બળવાની શક્યતા તો નથી ને ? બધા સારી રીતે સૂતા છે કે નહિ ? સંરક્ષકો પહેરો બરાબર ભરે છે કે નહિ ?... આ બધું રોજેરોજ જોતા.

નાગપુરનો વર્ગ પૂરો થતાં તેઓ ડૉક્ટરજી સાથે પુણે ગયા. પુણેમાં ડૉક્ટરજીના વરદ હસ્તે 'ભગવા ઝંડા' નામક - ફિલ્મનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગુરુજી ઉપસ્થિત હતા.

છેલ્લા કેટલાક મહિનાથી ડૉક્ટરજી વારંવાર બીમાર પડી જતા હતા. પોતાનું દુઃખ કોઈને કહેતા નહિ. તાવમાં પણ પરિશ્રમ કરતા હતા. અનેક પ્રમુખ કાર્યકર્તાઓએ ડૉક્ટરજીને થોડા દિવસ દેવલાલી રહી વિશ્રામ કરવા આગ્રહ કર્યો. ગુરુજીએ આ વાતને ટેકો આપ્યો. ડૉક્ટરજીએ એમની વાત માની લીધી.

મહારાષ્ટ્રમાં નાસિક પાસે દેવલાલી છે. ત્યાંનાં હવાપાણી આરોગ્યવર્ધક માનવામાં આવે છે. ગુરુજી સાથે ડૉક્ટરજી દેવલાલી પહોંચ્યા. સ્વયંસેવકોએ ત્યાંની સઘળી વ્યવસ્થા ઉત્તમ પ્રકારે કરી હતી, પરંતુ થોડા દિવસો પછી ડૉક્ટરજી વધુ બીમાર થઈ ગયા. યોગ્ય ઉપચાર માટે તેમને નાસિક લાવવામાં આવ્યા અને ત્યાં જ રાખવામાં આવ્યા. અનુભવી અને પ્રશિક્ષિત પરિચારક તથા નમ્ર અને શ્રદ્ધાળુ શિષ્યની જેમ ગુરુજીએ ડૉક્ટરજીની રાતદિવસ સેવા કરી. સમયસર

દવા આપવી, પથ્યકર ભોજન જમાડવું, બરડે તેલની માલીસ કરવી, બરડે શેક કરવો, શૌચ - મુખમાર્જન કરાવવાં, કપડાં બદલાવવાં, કપડાં ધોવાં વગેરે નાનાં મોટાં કામોની વ્યવસ્થા ગુરુજી જાતે જ સંભાળતા. ગુરુજીનો સેવાભાવ તથા તેમની તત્પરતા જોઈ ડૉક્ટરજી અત્યંત પ્રસન્ન થયા. ડૉક્ટરજીના મનનો સંયમ તથા તેમની અવિચલ ધ્યેયનિષ્ઠા જોઈ ગુરુજી પ્રભાવિત થયા. ડૉક્ટરજીને ઊંઘમાં પણ સંઘકાર્યની ચિંતા રહેતી હતી. તાવમાં તેમને રાષ્ટ્રહિત યાદ આવતું. ગુરુજીએ ધીરે ધીરે આ મહાપુરુષના હાથમાં પોતાની જીવનદોરી સોંપી દીધી. તો આ બાજુ ડૉક્ટરજીએ સ્વઆત્મા સ્વપ્રાણ તથા સંઘકાર્ય આ તેજસ્વી મૂર્તિને - ગુરુજીને - સોંપવાનું મનોમન નક્કી કરી લીધું.

બે મહિના વીતી ગયા. સ્વાસ્થ્ય સુધર્યા પછી ડૉક્ટરજી નાગપુર આવ્યા. તેમણે એક વાર કૃષ્ણરાવ મોહરીલને કહ્યું, 'કૃષ્ણા, નાસિકની મારી માંદગીનો સમય નકામો ગયો છે એવું સહેજ પણ માનીશ નહિ. ગુરુજીના રૂપમાં સંઘને ખૂબ મોટી ઉપલબ્ધિ થઈ છે.'

ઑગસ્ટ ૧૯૩૯માં નાગપુરમાં ગુરુદક્ષિણા તથા રક્ષાબંધન ઉત્સવ ઉજવાયો ત્યારે ડૉક્ટરજીએ એક મહત્ત્વપૂર્ણ ઘોષણા કરી, 'આપણા સૌના સુપરિચિત શ્રી માધવરાવ ગોળવલકર ઉપાખ્ય ગુરુજી આજથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અખિલ ભારતીય સરકાર્યવાહ તરીકે કાર્યભાર સંભાળશે.'

ફેબ્રુઆરી ૧૯૩૯ના છેલ્લા સપ્તાહમાં નાગપુર અને વર્ધા વચ્ચે આવેલ સિંદી મુકામે ડૉક્ટરજીએ એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કર્યું. શ્રી ગુરુજી, આપ્પાજી જોશી, બાળાસાહેબ દેવરસ, તાત્યારાવ તેલંગ, વિઠ્ઠલરાવ પતકી, નાના સાહેબ ટાલાટુલે, કૃષ્ણરાવ મોહરીર વગેરે પ્રમુખ કાર્યકર્તાઓએ આ બેઠકમાં ભાગ લીધો. તેઓ બધા રોજના આઠ-આઠ કલાક બેસતા અને સંઘકાર્યનાં બધાં પાસાં પર વિચાર કરતા. આ વિચારવિમર્શ દસ દિવસ સુધી ચાલતો રહ્યો. સંઘકાર્યનાં બંધારણ, સંઘસ્થાન, આજ્ઞાઓ, કાર્યપદ્ધતિ, પ્રતિજ્ઞા, પ્રાર્થના ઈત્યાદિ અંગ - પ્રત્યાંગો પર વ્યાપક દૃષ્ટિકોણથી ચર્ચા કરવામાં આવી અને મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા.

ડૉક્ટરજીએ આ બેઠક પછી તુરત જ ગુરુજીને કોલકત્તા મોકલ્યા. બંગાળ ભારતનો જાગૃત અને પ્રગતિશીલ પ્રાંત કહેવાય છે. ડૉક્ટરજી વરસો સુધી

કોલકત્તા રહ્યા હતા. તેમને આ પ્રાંત પ્રત્યે પ્રેમ હતો, પરંતુ ત્યાં કામ કરવું સહેલું નથી એમ પણ તેઓ જાણતા હતા. ઉગ્ર વિચારો ધરાવતા ક્રાંતિકારીઓના ઈતિહાસ, સામ્યવાદનો પ્રભાવ, રૂઢિગ્રસ્ત તેમજ અંધશ્રદ્ધાળુ સામાન્ય માણસો, બંગાળીઓનું પોતાના પ્રાંત તથા પોતાની ભાષા માટે સીમાતીત અભિમાન તથા હિન્દુ સમાજના સર્વસામાન્ય દોષો - આ બધું ત્યાં હતું અને ત્યાં જ સંઘકાર્ય શરૂ કરવાનું હતું. કોઈ પ્રતિભાશાળી કાર્યકર્તા જ આ કાર્ય કરી શકે તેમ હતું તેથી જ ગુરુજીને ત્યાં મોકલવામાં આવ્યા હતા.

ગુરુજીએ કોલકત્તામાં અવિશ્રાંત પરિશ્રમ કર્યો. રાત - દિવસ ગણમાન્ય લોકોને મળતા રહ્યા અને તેમને સંઘ વિશે સમજાવતા રહ્યા. બાળકો અને યુવકોને રમતગમત માટે એકત્રિત કરવાનું શરૂ કર્યું. ધીરે ધીરે તેમનો પ્રયત્ન સફળ તેમજ યશસ્વી થયો. વર્ષપ્રતિપદા અર્થાત્ ૨૨ માર્ચ, ૧૯૩૯ના રોજ કોલકત્તામાં સંઘશાખાનો પ્રારંભ થયો. ત્યાંથી સ્વયંસેવકોને તરુણ સંઘ શિક્ષાવર્ગમાં નાગપુર લઈ આવ્યા. આ વર્ષે પણ સંઘ શિક્ષણ વર્ગના સર્વાધિકારી તેઓ જ હતા. વર્ગ ઉત્તમ રીતે પૂર્ણ થયો.

હવે તેઓ ડૉક્ટરજી સાથે દેશભરમાં ફરવા લાગ્યા. ડૉક્ટરજી ઘણુંખરું તેમને જ સ્વયંસેવકો સમક્ષ બૌદ્ધિક આપવા કહેતા. ગુરુજીની બોલવાની ઢબ, વિષય વિવેચન, દૃષ્ટાંત આપવાની શૈલી વગેરે સઘળી વાતો ડૉક્ટરજી ધ્યાનપૂર્વક જોતા, સાંભળતા રહેતા. સરકાર્યવાહ પદે નિયુક્ત કર્યા પછી ડૉક્ટરજીએ પોતાની જાતે જ તેમના પ્રવાસની યોજના ઘડી કાઢી. તેમને દરેક પ્રાંતનાં પ્રમુખ શહેરોમાં મોકલ્યા. ઈ. સ. ૧૯૪૦ના સંઘ શિક્ષણ વર્ગના સર્વાધિકારી પણ તેઓ જ નીમાયા.

પુણેમાં સંઘ શિક્ષાવર્ગ ચાલતો હતો. ડૉક્ટરજી દર વર્ષે પંદર - વીસ દિવસ પુણેના વર્ગમાં રહેતા હતા. તબિયત કાંઈક નરમ હોવા છતાંય સંઘ શિક્ષાવર્ગના સૌ સ્વયંસેવકોનો તેમણે સારી રીતે પરિચય કેળવી લીધો હતો અને તેમને માર્ગદર્શન પણ આપ્યું. પુણેના સઘળા કાર્યક્રમો સારી રીતે પૂરા થયા.

આ જ રીતે નાગપુર વર્ગમાં ભાગ લેવા માટે ડૉક્ટરજી ૧૬ મે, ૧૯૪૦ના દિવસે નાગપુર આવ્યા; પરંતુ તેમની તબિયત ખૂબ બગડી ગઈ. વર્ગમાં તેમનો કોઈ કાર્યક્રમ થઈ શક્યો નહિ. સ્વયંસેવકોને મળી શક્યા નહિ. ગુરુજી દરરોજ સવાર - સાંજ તેમની પાસે જતા. તેમની દવા - દારૂની વ્યવસ્થા જોતા તથા વર્ગનું

સંપૂર્ણ વૃત્તાંત કહી સંભળાવતા. ડૉક્ટરજી વારંવાર સ્વયંસેવકોને મળવાની ઈચ્છા પ્રગટ કરતા, પરંતુ તેમને પુષ્કળ તાવ રહેતો હતો તથા ચાર ડગલાં ચાલવાની કે ઊઠવા - બેસવાની શક્તિ રહી ન હતી. આમ છતાંય ડૉક્ટરજી સ્વયંસેવકોને મળવા તડપતા હતા. આથી ગુરુજીએ પોતાના સહયોગીઓ સાથે વિચારવિનિમય કરી, વર્ગ સમાપ્તિના જાહેર સમારોહ પછી સ્વયંસેવકો માટે વિદાયનો જે વિશેષ સમારોહ થાય છે, તેમાં તેમને લઈ આવ્યા. ૯ જૂન, ૧૯૪૦નું એ પ્રભાત. સ્વયંસેવકોને તેમણે જે માર્ગદર્શન કર્યું તે જ તેમનું અંતિમ પ્રવચન બની રહ્યું.

ગુરુજી તથા અન્ય કાર્યકર્તાઓએ પ્રયત્નોની પરાકાષ્ટા કરી. નાગપુરના કુશળ ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા. તેમના કહેવા પ્રમાણે દવાની વ્યવસ્થા કરવામાં આવી, પરંતુ ડૉક્ટરોએ લંબર પંક્ચર - કરોડના હાડકામાં સોય નાખી દૂષિત પાણી કાઢવાની ક્રિયા - કરવાનો નિર્ણય લીધો. ડૉક્ટરજીને આની જાણ થતાં તેમણે ગુરુજી તથા અન્ય પ્રમુખ કાર્યકર્તાઓને પાસે બોલાવી કહ્યું : 'મારા શરીર પર હવે છેલ્લો પ્રયોગ થઈ રહ્યો છે. આમાંથી શું ઉપજશે એની ખબર નથી.' આ પછી ગુરુજીને સંબોધતાં કહ્યું : 'આગળનો સંઘકાર્યનો ભાર હવે તમારે જ ઉપાડવાનો છે એ વાત તમે જાણી લો. મને આ શરીરની ચિંતા નથી. હવે તમારે જ્યારે લંબર પંક્ચર કરવું હોય ત્યારે કરજો.'

તો શું ડૉક્ટરજી સદા માટે આપણી વિદાય લઈ રહ્યા છે ? આ લોક છોડી રહ્યા છે ? ગુરુજી માટે આની કલ્પના સુધ્ધાં અસહ્ય હતી. ગમે તેમ કરી પોતાની જાત પર કાબૂ મેળવી કહ્યું : 'ડૉક્ટરજી, આવું કેમ બોલો છો ? થોડા સમય પછી તમે સાજા થઈ જશો. આ પછી અમે સૌ પૂર્વવત્ કામ કરીશું.'

ડૉક્ટરજી કહે : 'મેં જે કાંઈ કહ્યું એ ધ્યાનમાં રાખો. એટલું જ કરો.'

લંબર પંક્ચર કરવામાં આવ્યું, પણ તેનાથી કોઈ લાભ થયો નહિ. ડૉક્ટરજી બેહોશ બની ગયા. તેઓ ફરી ભાનમાં આવ્યા જ નહિ. ૨૧ જૂન, ૧૯૪૦ ને શુક્રવાર, સવારના નવ ને સત્તાવીસ મિનિટે ડૉક્ટરજીનું પ્રાણપંખેરું ઊડી ગયું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નિર્માતા તેમજ તેના આદ્યસરસંઘચાલક રહ્યા નહિ. સ્વયંસેવકોના આદર્શ, તેમના પ્રિયતમ નેતા પરલોક સિધાવી ગયા. નાના - મોટા સૌ સ્વયંસેવકો તથા કાર્યકર્તાગણ શોકાકુળ થઈ ગયો. શ્રી ગુરુજીએ સૌનાં આંસુ લૂછ્યાં, સૌને કાર્યોન્મુખ કર્યા.

૧૭

# દેશભ્રમણ

રેશમબાગ સંઘસ્થાન ડૉક્ટરજીની પ્રિય કર્મભૂમિ હતી. ૩ જુલાઈ, ૧૯૪૦ની સાંજના શ્રી ગુરુજીને અહીંથી જ સરસંઘચાલક જાહેર કરી, તેમને પ્રથમ પ્રણામ કરવામાં આવ્યા હતા. આ દિવસનું તેમનું પ્રવચન અત્યંત પ્રેરક તથા પ્રભાવી હતું. ૨૧ જુલાઈ, ૧૯૪૦ - માસિક શ્રાદ્ધનો એ દિવસ, એ દિવસે ગુરુજીએ પોતાના પ્રવચનમાં સંઘ પર કરવામાં આવતા સઘળા આક્ષેપોનું ખંડન કર્યું. તેમણે સ્વયંસેવક બંધુઓને અંતે કહ્યું, 'કોઈપણ પ્રકારનું સંકટ આવી શકે છે. આપણે ડગીશું નહિ. આપણે નિશ્ચયપૂર્વક કામમાં લાગી જઈએ. બમણા વેગથી કામ વધવું જોઈએ. સઘળા આક્ષેપોનો આ એક સાચો જવાબ છે.'

સરસંઘચાલક તરીકેનો તેમનો પ્રવાસ શરૂ થયો. દરેક પ્રાંતનાં પ્રમુખ નગરોમાં ગયા. ત્યાંની શાખાઓમાં ગયા. ત્યાંના સ્વયંસેવકોને મળ્યા. કાર્યકર્તાઓને મળ્યા. તેમને કહ્યું, 'યાદ રાખો, આપણે સૌ પ્રથમ સ્વયંસેવક છીએ. રાષ્ટ્રસેવા આપણો સાચો અધિકાર છે. એ જ આપણું કામ છે. દેશધર્મ માટે આપણે આપણું સર્વસ્વ અર્પણ કરવાનું છે. પ્રતિદિન કણકણ કરી આપણે આપણું જીવન રાષ્ટ્રદેવના ચરણે ધરી દેવાનું છે. આ ધ્યેયનિષ્ઠાને ગામેગામ પહોંચાડવાની છે. આબાલવૃદ્ધોમાં આ ધ્યેયનિષ્ઠા નિર્માણ કરવાની છે.'

પહેલા દેશભ્રમણ વખતે સંઘનો આ મૂળભૂત વિચાર ગુરુજીએ સૌ સ્વયંસેવકો સમક્ષ રજૂ કર્યો. ૧૯૪૦થી શરૂ થયેલ તેમનો પ્રવાસ અખંડરૂપે તેત્રીસ વર્ષ સુધી

ચાલતો રહ્યો. પગપાળા, સાઈકલ, મોટર, રેલવે, ઘોડાગાડી, હવાઈજહાજ, હોડી... ઈત્યાદિ અનેક પ્રકારનાં સાધનોનો ઉપયોગ કરી તેમણે લાખો માઈલનો પ્રવાસ કર્યો. આટલું બધું ભારત - ભ્રમણ કદાચ કોઈએ ભાગ્યે જ કર્યું હશે. દરેક પ્રાંતનાં પ્રમુખ સ્થાનો પર તેઓ વર્ષમાં ઓછામાં ઓછું બે વખત તો જરૂર જતા જ. તેઓ મહાનગરોમાં જતા અને નાના નાના કસબાઓમાં જતા. પ્રૌઢો સાથે પ્રગલ્ભ વાતો કરતા. સુશિક્ષિતો સાથે વિદ્વત્તાપૂર્ણ વાતો કરતા, બાળકોને કથાઓ કહેતા. અભણ ગ્રામ્ય કિસાનો સાથે સરળ ભાષામાં વ્યવહાર કરતા અને સૌને સંઘકાર્યનું મહત્ત્વ સમજાવતા હતા.

દરેક સ્થાનના પ્રમુખ કાર્યકર્તાઓને તેઓ અવશ્ય મળતા. તેમની સાથે વ્યક્તિગત સંબંધ રાખતા. બેઠકોમાં સૌનો પરિચય કરી લેતા અને તેને ધ્યાનમાં રાખી લેતા. અત્યંત આત્મીયતાથી દરેકની પૂછપરછ કરતા. વ્યક્તિગત તેમજ કાર્ય અંગેની કઠણાઈઓ સમજી લેતા. ગૂંચો સારી રીતે ઉકેલતા. સંઘકાર્ય માટે અધિકાધિક સમય કાઢવા નવા - જૂના સ્વયંસેવકોને પ્રેરતા. નવાં નવાં સ્થાનો પર સક્ષમ કાર્યકર્તાઓને મોકલી સંઘકાર્યનો વિસ્તાર કરાવતા. નવાં સ્થાનો પર જાતે જતા અને ત્યાંના અગ્રગણ્ય લોકોને બોલાવી તેમને સંઘકાર્યનું મહત્ત્વ સમજાવતા. યોગ્ય વ્યક્તિઓને પ્રતિજ્ઞા લેવડાવતા. સંઘકાર્ય પ્રાંત - પ્રાંતમાં, જિલ્લાએ જિલ્લાએ તથા ગામડે ગામડે વધે એ એક માત્ર ધૂન લાગી રહેતી. આ ઈચ્છાપૂર્તિ માટે તેઓ નિરંતર પરિશ્રમ કરતા રહેતા. તેઓ ક્યારેય થાકતા નહિ. ક્યારેય અટકતા નહિ. ક્યારેય રોકાતા નહિ. શારીરિક વ્યાધિઓને તેમણે ક્યારેય ગણકારી નહિ. સૂર્યની જેમ નિત્ય સળગતા રહ્યા. સતત પ્રકાશ દેતા રહ્યા. સૌને અવિરતપણે માર્ગદર્શન આપતા રહ્યા.

ઈ. સ. ૧૯૩૯માં વિશ્વભરમાં મહાયુદ્ધનાં કાળાં વાદળો ઘેરાવા લાગ્યાં. એ વખતે ભારત પર અંગ્રેજોનું રાજ્ય હતું. ચોરની દાઢીમાં તણખલું ! અંગ્રેજો સદૈવ ડરતા રહેતા. તેઓ વધુ સતર્ક રહેતા. કોઈ એમની વિરુદ્ધ ષડ્યંત્ર તો કરતું નથી ને ? દેશભરમાં વિસ્ફોટ તો નહિ થાય ને ? તેમને હંમેશાં આ ભય સતાવ્યા કરતો હતો અને આથી જ તેમણે ભારતમાં દમનચક્ર ચાલુ કર્યું. સંઘને પણ તેની આંચ આવી. સંઘના અનેક કાર્યકર્તાઓને અંગ્રેજ સરકારે પકડી કારાગારમાં ધકેલી દીધા. ત્યાં તેમને ખૂબ દુઃખ આપવામાં આવ્યું. સંઘના કાર્યક્રમો પર ભાતભાતનાં બંધનો મૂકવામાં આવ્યાં. સંઘને તેના ગણવેશમાં પરિવર્તન કરવું પડ્યું. સંઘમાં આપવામાં આવતા સૈનિક શિક્ષણને મર્યાદિત કરવું પડ્યું.

૧૯૪૨ના ઑગસ્ટમાં મહાત્માજીએ હાકલ કરી : 'અંગ્રેજો ભારત છોડો.' દેશભરમાં આંદોલનો શરૂ થયાં. અનેક લોકો સંઘનો અકારણે વિરોધ કરવા લાગ્યા. દેશભક્તિ અંગે લોકોએ વિચિત્ર ધારણા બાંધી લીધી હતી. અનેક પ્રસિદ્ધ લોકો અંગ્રેજોની કૂટનીતિના શિકાર બની ગયા હતા અને સંઘ પર જાતજાતના આરોપ કરવા લાગ્યા હતા. સંઘનો અકારણે વિરોધ કરવા લાગ્યા હતા. ચારેકોર પર્વતાકાર મોજાં ઉછળવા લાગ્યાં હતાં. મોટી - મોટી સંસ્થાઓ ડોલવા લાગી હતી. મહાવિકટ પરિસ્થિતિમાં પણ ગુરુજી ગભરાયા નહિ. ખૂબ કુશળતાપૂર્વક સંઘનાવ આગળ ધપાવી. સંઘનાવ કાદવ - કીચડમાં ફસાઈ નહિ કે ખડકો સાથે અફળાઈ નહિ.

દેશભરમાં ફેલાયેલ આ રાજકીય આંદોલનમાં સંઘના અનેક સ્વયંસેવકોએ સાવેશ ભાગ લીધો હતો. ગુરુજી દેશભક્તિના એ આવેશને સ્થિર કરી, રચનાત્મક રૂપ આપવા માગતા હતા. દેશ માટે ઘરબાર છોડી સંઘના પ્રચારક બનવા અસંખ્ય યુવાનોને તેમણે પ્રોત્સાહિત કર્યા હતા.

## ૧૮

# પંજાબ સળગ્યું

ઉચ્ચ શિક્ષણ પામેલ પદવીધારી અનેક નવયુવકો સંઘકાર્ય કરવા ઘર બહાર નીકળી પડ્યા. તેમણે પારિવારિક સુખ છોડી દીધું. સ્વાર્થને ઠોકરે માર્યો. તેમને દૂર દૂરના પ્રાંતોમાં, જિલ્લાઓમાં અને ગામડાંમાં મોકલવામાં આવ્યા. ગુરુજીએ પણ પોતાના પ્રવાસનો વેગ વધારી દીધો. આંધી, તોફાન, વરસાદ, પૂર વગેરે કોઈપણ આફતથી તેઓ ક્યારેય રોકાયા નહિ. શરીરમાં તાવ હોવા છતાંય તેઓ તેમના નિર્ધારિત કાર્યક્રમ ફેરવવા દેતા ન હતા.

યુદ્ધનો સમય હતો. બંગાળનો પ્રવાસ કાર્યક્રમ નક્કી થયો. જાપાનના આક્રમણથી બંગાળમાં બધે જ ભયનું વાતાવરણ ફેલાયું હતું. લોકો ઘર - ગામ છોડી ભાગી રહ્યા હતા. આ પરિસ્થિતિ જોઈ બંગાળના કાર્યકરોએ પ્રવાસનો કાર્યક્રમ મોકૂફ રાખવાનું વિચાર્યું. 'પરિસ્થિતિ ખૂબ વિચિત્ર છે. અસ્થિર છે. ગુરુજી પર કાંઈ આફત આવે તો ?' પ્રવાસ મોકૂફ રાખવાનું જ યોગ્ય માનવામાં આવ્યું. ગુરુજીને પણ આવો સંદેશો મોકલવામાં આવ્યો.

ગુરુજીએ તે જ વખતે સર્વ સંબંધિત વ્યક્તિઓને તાર કરી સૂચના કરી 'પ્રવાસ થશે. પૂર્વ નિશ્ચિત કાર્યક્રમો પ્રમાણે જ થશે.' પ્રવાસ શરૂ થયો અને સારી રીતે પૂરો થયો. કાર્યકરો સમક્ષ પોતાના વિચારો પ્રગટ કરતાં તેમણે કહ્યું, 'બીજા લોકો ડરતા હોય, ગભરાતા હોય ત્યારે તો આપણે વધુ દૃઢતાથી ઊભા રહેવું જોઈએ. સંઘ નિર્ભયતાનો ઉપાસક છે. તેણે ચારેકોર દૂર - દૂર સુધી નિર્ભયતા નિર્માણ કરવાની છે. આપણે જ ડરીશું તો પછી લોકો કોના મોં સામું જોશે ?'

મુસ્લિમ લીગ અને અધિકાંશ મુસ્લિમ જનતા અંગ્રેજોની ભેદનીતિના ચક્કરમાં આવી ગઈ હતી. અંગ્રેજોએ તેમની નાડ પારખી લીધી હતી. તેમણે જોઈ લીધું

હતું કે આ લોકોને ઈસ્લામના નામે ઉશ્કેરી ભારતીઓમાં ફૂટ પાડી શકાય તેમ છે, તેમજ વિશાળ ભારત દેશને તોડી શકાય તેમ છે. તેમણે તેમને પોતાના હાથા બનાવ્યા. ઈ.સ. ૧૯૪૭માં મુસલમાનોએ દેશભરમાં હુલ્લડો શરૂ કર્યાં. પંજાબમાં મોટી સંખ્યામાં હિન્દુઓની કત્લેઆમ કરવામાં આવી. આખરે ભારતના ભાગલા પડ્યા. પંજાબ અને બંગાળમાં લોહીની નદીઓ વહી.

પંજાબમાં તે વખતે સંઘ શિક્ષણ વર્ગ ચાલતો હતો. ફગવાડાના વર્ગમાં ૧૪૦૦ સ્વયંસેવકો હતા. સંગરૂરના વર્ગમાં ૨૩૦૦ સ્વયંસેવકો હતા. એકાએક વજ્રપાત થયો. વિભાજનની જાહેરાત થઈ. વર્ગોને અધવચ્ચે જ બંધ કરવા પડ્યા. સ્વયંસેવકો જલદી જલદી પોતપોતાના ગામે જવા રવાના થયા, પરંતુ તેમાંના કેટલાક તો ઘરે પહોંચ્યા જ નહિ. તેમને રસ્તામાં મુસલમાનોએ મારી નાખ્યા કે પછી તેમનાં ઘર - ગામ ખેદાનમેદાન કરી નાખ્યાં. પંજાબ પ્રાંત રણમેદાન બની ગયો. ચારેકોર કત્લેઆમ ચાલી. દૂર દૂર સુધી આગની જ્વાળાઓ ભભૂકી ઊઠી. હજારો ખેતરો અને સેંકડો ગામો સળગી ઊઠ્યાં. ડીંગમાર નેતાઓ પૂંછડી દબાવી ભાગ્યા કે સંતાઈ ગયા. તેમને સમાજની કે દેશની ચિંતા ન હતી. તેમને તો પોતાના બચાવની ચિંતા હતી. 'જાન બચી લાખો પાયે' જેવી તેમની સ્થિતિ હતી.

આ પરિસ્થિતિમાં ગુરુજી પંજાબનો પ્રવાસ કરી રહ્યા હતા. લોકોને ધીરજ આપતા હતા. સાંત્વના આપતા હતા. અનાથ, અનિકેત, અસહાય બનેલ પોતાના બાંધવોની શિબિરોમાં જતા હતા સંકટમાંથી મુક્તિનો માર્ગ બતાવતા હતા. તેમની વીરવૃત્તિને જાગૃત કરતા હતા. ગુરુજી બધે નિર્ભયપણે ફરતા હતા. પોતાની ધીરોદાત્ત તેમજ ઓજયુક્ત વાણીથી વિશેષરૂપે સ્વયંસેવકોમાં અને સામાન્યરૂપે સૌ હિંદુ ભાઈઓમાં વીરવૃત્તિ જગવી રહ્યા હતા. આત્મવિશ્વાસ જગવી રહ્યા હતા. તે સમયે પંજાબમાં સંઘના બાળ તથા કિશોર સ્વયંસેવકોએ અભિમન્યુ જેવું પરાક્રમ દાખવ્યું હતું. તેમણે મહાન સેવાકાર્ય કર્યાં હતાં.

# ૧૮

# રુધિર રંગ્યું સ્વરાજ્ય

સ્વરાજ્ય મળ્યું. ભારત બે કે ત્રણ ટુકડામાં વહેંચાઈ ગયું. હિન્દુઓના કષ્ટની સીમા ના રહી. પાકિસ્તાનમાં તો તેમની કત્લેઆમ થઈ. મૃત્યુના જડબામાંથી છટકી જઈ જેઓ કોઈપણ રીતે ભારત આવ્યા, તેઓ અહીં અપમાનિત થયા. પોતાના જ દેશમાં પોતાની જ માતૃભૂમિની ગોદમાં, તેમના જ હિન્દુ બાંધવો તેમને શરણાર્થી કહેવા લાગ્યા.

ભારતના જે મુસલમાનો સુખચેનથી રહેતા હતા, તો પણ કેટલાક મુસલમાનો ઘા પર મીઠું ભભરાવતા હતા. તેઓ કહેતા, ''હસ કે લિયા હૈ પાકિસ્તાન, લડ કે લેંગે હિંદુસ્તાન.'' કૉંગ્રેસી નેતાઓ હિંદુ સમાજને માથે દોષનો ટોપલો મૂકતા હતા. હિંદુ સમાજને જ શાંતિ અને ભાઈચારાનો ઉપદેશ દીધે રાખતા હતા.

શ્રી ગુરુજી સ્વયંસેવકોને સમજાવી રહ્યા હતા. તેઓ તેમની સામે વ્યાપક વિચારો મૂકતા. કૉંગ્રેસી હોય કે બીજા કોઈ પક્ષનો હોય, તે સૌ હિંદુ છે, આપણા બાંધવો છે. તેમનો દૃષ્ટિકોણ આવો હતો. તેઓ કહેતા : પરસ્પર મતભેદ હોવા છતાંય આપણે અંદર અંદર લડવું જોઈએ નહિ. આપણે ધર્મરાજ યુધિષ્ઠિરનું પેલું વાક્ય યાદ રાખવું જોઈએ. ગાંધર્વોએ કૌરવોને કેદ કર્યા ત્યારે ભીમસેન આનંદ પ્રદર્શિત કરવા લાગ્યો હતો. તે સમયે યુધિષ્ઠિરે તેને કહ્યું હતું : 'જુઓ, આપણા પરસ્પરની લડાઈ હોય ત્યારે તેઓ સો અને આપણે પાંચ, પરંતુ જ્યારે બીજા કોઈ સાથે ઠેરી જાય તો આપણે એકસો પાંચ. વયં પંચાધિકં શતમ્ ।'

મુસલમાન નેતાઓ ઉગ્રાતિઉગ્ર વાતો કરી રહ્યા હતા. તેમના અનુયાયીઓને વધુ ને વધુ ભડકાવતા હતા. કાશ્મીર, જૂનાગઢ, હૈદ્રાબાદ, અલીગઢ, રામપુર, અસમ વગેરે ભાગો મુસલમાનોના છે. અમે ત્યાં મુસલમાનોનું રાજ્ય સ્થાપીશું, સ્થાપીને જ રહીશું એવો તેમનો દાવો હતો. નિઝામના રાજ્યમાં નામ માત્રનો ન્યાય બચ્યો ન હતો. બધે જ કુકર્મી રઝાકારો મનફાવ્યું કરી રહ્યા હોવા છતાંય

કૉંગ્રેસી નેતાગણ મુસલમાનોને આજીજી કરી રહ્યા હતા.

સંપૂર્ણ દેશમાં ક્ષોભ ફેલાઈ ગયો હતો. મહાત્મા ગાંધીએ હેતુપૂર્વક તેમનો મુકામ દિલ્હીમાં રાખ્યો હતો. દરરોજ સાંજની પ્રાર્થનાસભામાં લોકોને શાંતિ, પ્રેમ તથા ભાઈચારાનું મહત્ત્વ સમજાવતા હતા. ભારત પાકિસ્તાનને પંચાવન કરોડ રૂપિયા આપે જ એવું કહેતા હતા. એના માટે આમરણાંત ઉપવાસ કરવા તૈયાર હતા. આનું પરિણામ એ આવ્યું કે ઘણા આહત તથા વ્યથિત લોકો ગાંધીજી માટે સારું - ખોટું બોલતા થયા. તેઓ કહેતા : 'તેમના આવા બોલથી મુસલમાનો માથે ચઢી બેઠા છે. તેમનાં પ્રવચનોથી પાકિસ્તાનને બળ મળે છે.' બધે આવી ચર્ચા થવા લાગી. કેટલાક યુવકો આત્મસંયમ ખોઈ બેઠા. તેમાંના એકે ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ સાંજની પ્રાર્થનાસભામાં ગોળી મારી ગાંધીજીનું ખૂન કરી નાખ્યું.

ગુરુજીનો તમિળનાડુ પ્રાંતનો પ્રવાસ ચાલુ હતો. ૩૦ જાન્યુઆરીની સાંજે તેઓ ચેન્નાઈમાં હતા. શ્રી રામસ્વામી ઐયરના ઘરે નગરની નામાંકિત વ્યક્તિઓને ચા - પાણી માટે નિમંત્રવામાં આવી હતી. ગુરુજીએ સૌનો પરિચય મેળવી લીધો અને પછી તેમની સમક્ષ સંઘકાર્યની રૂપરેખા સ્પષ્ટ કરી. એ પછી ચા - પાણી આવ્યાં. લોકો વાતો કરતાં કરતાં ચા પીવા લાગ્યા. ગુરુજીએ માંડ એક ઘૂંટડો ભર્યો હશે ત્યાં કોઈએ આવી રેડિયો પર જાહેર થયેલ આ ભીષણ વાર્તા કહી સંભળાવી. ગુરુજીએ ચાનો પ્યાલો નીચે મૂકી દેતાં કહ્યું, 'આ તો દેશનું મહાદુર્ભાગ્ય !'

ગુરુજીનો આગળનો કાર્યક્રમ મોકૂફ રાખવામાં આવ્યો. તેઓ નાગપુર પાછા ફર્યા. બધી શાખાઓને દસ દિવસ સુધી શોક પ્રદર્શિત કરવાનો આદેશ અપાયો. વર્તમાનપત્રોના પ્રતિનિધિઓ સમક્ષ તેમણે પોતાની લાગણી વ્યક્ત કરતાં કહ્યું : 'મહાત્મા ગાંધી આધુનિક યુગના શ્રેષ્ઠતમ માનવી હતા. આદરણીય પુરુષ હતા. તેમની હત્યા એક નિર્દયી કૃત્ય છે. પાશવી કૃત્ય છે. આ દુર્ઘટનાથી મને ખૂબ જ દુઃખ થયું છે. આવું જઘન્ય કૃત્ય કરનાર હિંદુ જ છે, એ જાણી દરેક વિચારશીલ વ્યક્તિ શરમ અનુભવશે. ગાંધીજી શાંતિની મૂર્તિ હતા. વિવિધ જૂથોમાં એકતા સ્થાપવાની ક્ષમતા ધરાવનાર તેઓ એકમાત્ર મહાપુરુષ હતા. તેમની હત્યા કરનારે રાષ્ટ્રનો અક્ષમ્ય અપરાધ કર્યો છે.'

## ૨૦

# મિથ્યા આરોપો

ગાંધીજીના ખૂન સાથે સંઘનો કે ગુરુજીનો કોઈ સંબંધ ન હતો એ વાત સ્પષ્ટપણે દેખાતી હોવા, છતાંય વડાપ્રધાન, પ્રધાનો તથા અન્ય મોટા કૉંગ્રેસી નેતાઓએ સંઘ પર કાદવ ઉછાળવાનું શરૂ કરી દીધું. તેઓએ સંઘ અને ગુરુજી પર મનફાવતા આરોપો મૂકવા માંડ્યા. તેમનું સાંભળી ગામ - ગામના નાના નેતાઓ પણ જેમ - તેમ બકવા માંડ્યા. સંઘને ગાળો દેવા માંડ્યા. સંઘની વધતી જતી શક્તિ સૌને ખટકતી હતી આથી ચારેકોર ઈર્ષ્યા, મત્સર, દ્વેષ વગેરે વિકારોનું તાંડવ નૃત્ય શરૂ થઈ ગયું. મહાત્મા ગાંધીનું નામ લઈ લોકો જૂઠું બોલવા લાગ્યા અને જૂઠું લખવા લાગ્યા. સમાચારપત્રોમાં પ્રક્ષોભક લેખો, સમાચારો, નોંધો વગેરે છપાવા માંડી. આકાશવાણીએ ઝેર ઓકવા માંડ્યું, પરિણામે કેટલાંય સ્થાનો પર સંઘના સ્વયંસેવકોને મારવામાં આવ્યા. ક્યાંક તેમનાં મકાન, દુકાન, કારખાનાં વગેરે લૂંટવામાં આવ્યાં. બાળવામાં આવ્યાં. આવી પરિસ્થિતિમાં ગુરુજી સૌને શાંત રહેવાનો આદેશ આપી રહ્યા હતા. તેઓ કહેતા, 'આ સૌ આપણા જ ભાઈ છે. કોઈના ચઢાવ્યા ચઢ્યા છે. તેમની ઉન્મત્ત ક્રિયાઓથી આપણે ઉત્તેજિત થવાનું નથી. સમતુલા ખોવાની નથી.'

૧ ફેબ્રુઆરી ૧૯૪૮ની સવારે ગુરુજીના ઘરની ચારેકોર ગુંડાઓ ભેગા થવા લાગ્યા. ગુરુજીના ઘર પર આક્રમણ કરવાની ઈચ્છાથી આગળ વધવા લાગ્યા. તેઓ ગંદી ગાળો દેતા હતા. હિંસક સૂત્રો બોલાવતા હતા. પથ્થરમારો પણ કરતા હતા.

નાગપુરમાં વાત ફેલાઈ ગઈ કે ગુંડાઓએ ગુરુજીના ઘરને ઘેરી લીધું છે. આજુબાજુના અને દૂરના સ્વયંસેવકો પોતપોતાના રક્ષણની ચિંતા છોડી, ઘર બહાર નીકળી પડ્યા. ગુરુજીને ઘેર આવી ગયા. તેઓ કહેવા લાગ્યા, 'હજારોની ભીડથી અમે ડરતા નથી. પરમ પૂજનીય ગુરુજી પર હુમલો કરવો એ મજાક નથી. અમે ભલે મરી જઈએ, પણ તેમને તો અહીંથી હાંકી જ કાઢીશું.'

સંઘસ્વયંસેવકોએ વળતા હુમલાની યોજના ઘડી કાઢી. તેઓ આગળ વધતા હતા ત્યાં તો ગુરુજી પોતે જ ત્યાં ઉપસ્થિત થઈ ગયા. તેમણે સ્વયંસેવકોને કહ્યું, 'એક વાત યાદ રાખો. આ સૌ આપણા ભાઈઓ છે. મારા આ શરીરની રક્ષા માટે કોઈના શરીરમાંથી લોહીનું એકપણ ટીપું પડશે તો મને મરણ જેટલું દુઃખ થશે. તમારા હૃદયની સદ્‌ભાવનાઓ હું સારી રીતે સમજું છું, પરંતુ સાચા સ્વયંસેવકોએ મારું કહ્યું માનવું જોઈએ. તમે સૌ શાંતિથી પોત - પોતાના ઘરે જાઓ. મારી ચિંતા ના કરો. મારો સંરક્ષક પરમેશ્વર છે એ વાત નક્કી માનજો.'

તે શબ્દોમાં દૃઢતા હતી. કડકાઈ હતી. સ્વયંસેવકો તેમના તેજસ્વી મુખમંડળને જોતા જ રહ્યા. ગુરુજીના આદેશને માથે ચઢાવી વાળેલી મુઠ્ઠીઓ છોડી દીધી. તેમણે મહાન નેતાને પ્રમાણ કર્યા. ઈશ્વરને પ્રાર્થના કરતા કરતા તેઓ સૌ પોતપોતાને ઘરે ગયા.

રાતના પોલીસ અધિકારીઓ આવી પહોંચ્યા. તેમની સાથે મોટું પોલીસદળ હતું. ગુરુજીના ઘરને ઘેરો ઘાલ્યો, મધરાતે પોલીસ વડા આવ્યા. ગુરુજીને પકડીને લઈ ગયા. ૪ ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ કેન્દ્રીય સરકારે સંઘકાર્યને ગેરકાયદેસર જાહેર કર્યું. સંઘ અને ગુરુજી પર હિંસા, સાંપ્રદાયિકતા, ગુપ્તકાર્ય, સૈનિક સંગઠન, શાસનવિરોધી કાવતરાં ઈત્યાદિ આરોપો મૂકવામાં આવ્યા. સૂર્ય પર થૂંકવાનો પ્રયાસ થવા લાગ્યો.

## ૨૧

# શાંત રહો, સંયમી બનો

ભગવાન શંકરે વિષપાન કર્યું, તેવી જ રીતે ગુરુજી નિંદાવિષ પી ગયા. તેમણે સ્વયંસેવકોને 'શાંત રહો, સંયમી બનો'નો આદેશ આપ્યો. સૌ સ્વયંસેવકોને સંબોધી પોતાના મિત્ર શ્રી દત્તોપંત દેશપાંડે દ્વારા એક પત્ર લખ્યો. તેનો સારાંશ નીચે પ્રમાણે છે.

'સંઘે હંમેશાં કાયદાનું પાલન કર્યું છે. સંઘ અનુશાસનપ્રિય છે. આપણે આ પહેલાં કોઈ ગેરકાયદેસર કાર્ય કર્યું નથી. આજે પણ કોઈ ગેરકાયદેસર કાર્ય કરવું નથી. આથી હું આજે આપણા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું વિસર્જન કરી દઉં છું. સંઘ પરનો પ્રતિબંધ દૂર નહિ થાય ત્યાં સુધી સંઘ વિસર્જિત રહેશે. સરકારે કરેલા આક્ષેપો પૂર્ણતઃ નિરાધાર છે.'

દેશભરમાંથી હજારો સ્વયંસેવકોને પકડવામાં આવ્યા. તેમના પર અનેક પ્રકારના આરોપો મૂકવામાં આવ્યા. ગાંધીજીના ખૂનનું કાવતરું રચવું, મારપીટ કરવી, સરકારને ઉથલાવી પાડવાનો પ્રયાસ કરવો ઈત્યાદિ આરોપો શ્રી ગુરુજી પર મૂકવામાં આવ્યા, પરંતુ થોડા જ દિવસોમાં અધિકારીઓને તેમની મૂર્ખામી સમજાઈ ગઈ. ફેબ્રુઆરી ૧૯૪૮ના અંતિમ સપ્તાહમાં, ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે વડાપ્રધાન જવાહરલાલ નહેરુને સ્પષ્ટપણે સૂચવ્યું કે મહાત્માજીના ખૂન સાથે સંઘ કે ગુરુજીનો કોઈ સંબંધ નથી. ગુરુજી પર મૂકવામાં આવેલ સૌ આરોપો તેમણે પાછા ખેંચી લીધા. તેમને કેવળ નજરકેદ રાખવામાં આવ્યા.

અનેક વર્ષો પછી ગુરુજીને વિશ્રામ મળી રહ્યો હતો. કદાચ વિધાતાએ વિચાર્યું હશે કે જબરજસ્તી કર્યા વિના આ માણસ આરામ કરશે નહિ ! આથી તેને આ રીતે વિશ્રામ આપવો જોઈએ ! તેમને જેલવાસ વેઠવો પડ્યો. જેલમાં નિત્ય નિયમાનુસાર યોગાસન કરતા હતા. ધ્યાન - ધારણા, જપ - સંધ્યા વગેરે નિત્યકર્મ કાંઈક વધુ પ્રમાણમાં કરવા લાગ્યા. સંઘકાર્યનું ચિંતન તો ત્યાં પણ ચાલતું જ હતું. તેઓ પ્રાંત - પ્રાંતના, નગર - નગરના સેંકડો કાર્યકર્તાઓને નિત્યપ્રતિ મળતા રહેતા હતા. કેવી રીતે ? મનોમન. પથારીમાં સૂતાં સૂતાં માનસિક ભ્રમણ કરતા

હતા. કોઈ એક શહેરમાં પહોંચી જતા. ત્યાંના એકેએક કાર્યકર્તાને યાદ કરતા. આ વખતે કોણ ક્યાં હશે ? શું કરતો હશે ? શું વિચારતો હશે ? આ પ્રકારના કલ્પના સામ્રાજ્યમાં કલાકો સુધી વિહાર કર્યા કરતા હતા.

સવારના પાંચ વાગ્યે ઊઠી જતા. સવારના શૌચ, મુખમાર્જન વગેરે પતાવી ચા પીતા અને નિત્ય ગીતાપાઠ કરતા. સ્નાન સંધ્યા અને અલ્પાહાર પછી, નાનાં - મોટાં પુસ્તકો વાંચતા રહેતા. બપોરના ભોજન પછી થોડો વિશ્રામ કરતા. પોતાનો ઓરડો અને આસપાસનું ચોગાન સ્વચ્છ રાખતા. તેમની સેવામાં એક કેદી મૂકવામાં આવ્યો હતો. તે બહુ મેલો - ઘેલો રહેતો. એકવાર ગુરુજીએ જાતે તેનાં કપડાં ધોયાં. ત્યાં કામ કરવા આવતા કેદીઓની તેઓ પૂછપરછ કરતા. તેમની અનેક રીતે સહાય કરતા. તેમની સાથે હળીમળી વાતો કરતા અને ક્યારેક તો તેમની સાથે હસી મજાક માણતા.

સંઘના સૌ સ્વયંસેવકોને અપરાધ વિના જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. ગુરુજીએ સૌને 'હેબિઅસ કોર્પસ'ની અરજી કરવાની અનુમતિ આપી, પણ ગુરુજીએ પોતે એ અરજી કરી નહિ. હેબિઅસ કોર્પસનો અર્થ છે : 'વ્યક્તિને પ્રત્યક્ષ હાજર કરો અને તેને જે કાંઈ કહેવું છે તે કહેવા દો.'

૬ ઑગસ્ટ, ૧૯૪૮ના રોજ સરકારે તેમને જેલમુક્ત કર્યા, પરંતુ તેમના પર અનેક પ્રતિબંધો મૂક્યા. નાગપુર નગરમાં જ રહો. ક્યાંય પ્રવચન ન કરો. લેખ ન લખો. સરકાર વિરુદ્ધ પ્રચાર કરી જનતામાં અસંતોષ ન ફેલાવો. શાંતિભંગ ન કરો વગેરે.

શ્રી ગુરુજીએ પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ વગેરેને પત્ર લખી સંઘ પર મૂકેલ અન્યાયપૂર્ણ પ્રતિબંધ દૂર કરવાની માગ કરી. સંઘ પર મૂકવામાં આવેલ આરોપો કેટલા વ્યર્થ, છીછરા તેમજ હાસ્યાસ્પદ હતા, તે તેમણે સ્પષ્ટ કર્યું.

૧૭ ઑક્ટોબર, ૧૯૪૮ના રોજ તેઓ દિલ્હી ગયા. સરદાર પટેલને મળ્યા. તેમને સંઘ વિશે સંપૂર્ણ જાણકારી આપી. બીજી નવેમ્બરે પત્રકાર પરિષદમાં તેમણે નિવેદન કર્યું. પત્રકારોના સઘળા પ્રશ્નોના તેમણે જવાબ આપ્યા. તેમની શંકાઓ દૂર કરી. પત્રકાર પરિષદ દ્વારા સંઘને થયેલ અન્યાયનું સંપૂર્ણ ચિત્ર તેમણે જનતા સમક્ષ રજૂ કર્યું. સરકારે તેમને દિલ્હી છોડવાનો હુકમ કર્યો. ગુરુજીએ તે હુકમ ન માન્યો, તેથી ૧૨ નવેમ્બર ૧૯૪૮ના રોજ તેમને પુનઃ કારાગૃહમાં ધકેલી દીધા.

૨૨

# ઊઠો ! જાગો !!

આગળ જતાં શું બનવાનું છે, તેની સંપૂર્ણ કલ્પના ગુરુજીને આવી ગઈ હતી. સરદાર પટેલ સાથેની મુલાકાત વખતે તેમણે તેમનું વલણ પારખી લીધું હતું. તે દિવસોમાં નહેરુજીનાં ભાષણો ન્યાય - નીતિથી દૂર ભાગતાં હતાં. સંઘના હજારો શુભેચ્છકો બધે જ હતા. તેઓ ગુરુજીને અનેક મહત્ત્વપૂર્ણ વાતો કહેતા હતા. ગુરુજીએ પરિસ્થિતિનું સંપૂર્ણ આકલન કર્યું હતું. આથી તેમણે પોતાના કાર્યકર્તાઓ સાથે વિચારવિનિમય કરી આગળની સંપૂર્ણ યોજના તૈયાર કરી લીધી હતી.

ગુરુજીને પકડી લેવાયા એટલે એકનાથ રાનડે તથા પ્રાધ્યાપક ભાઈ મહાવીર આગળનો દોરીસંચાર કરવા લાગ્યા. સરકાર્યવાહ શ્રી ભૈયાજી દાણીએ દેશભરમાં સત્યાગ્રહ કરવાનો આદેશ આપ્યો. તેમણે સ્વયંસેવકોને શ્રી ગુરુજીએ આપેલ સંદેશનું પ્રસારણ કર્યું. સંદેશનો આશય કાંઈક આવો હતો.

'આજે આપણા દેશ પર અભારતીય કલ્પનાઓ અને મતોનો પ્રભાવ વધી રહ્યો છે એ દુ:ખ અને દુર્દૈવની વાત છે. વળી દેશમાં દુષ્ટ પ્રવૃત્તિઓ પોષાઈ રહી છે. આ બંનેના પંજામાંથી આપણે આપણા દેશને મુક્ત કરવો છે. અહીં હરકોઈ સ્વતંત્રતાપૂર્વક રહી શકે, સુખ - સન્માનપૂર્વક જીવી શકે એવું પરિવર્તન

લાવવું છે. આ ઈશ્વરીય કાર્ય છે. તેને અપનાવવાથી જ માનવતા બચી જશે. તેનો સ્વીકાર કરવાથી જ પરમેશ્વરનો સાક્ષાત્કાર થઈ શકશે.'

'ઉત્તિષ્ઠત, જાગ્રત, પ્રાપ્ય વરાન્નિબોધત. ઊઠો, જાગો, ઉદ્યમ કરો અને અભીષ્ટની પ્રાપ્તિ કરીને જ જંપો. છેલ્લા દસ મહિનાથી આપણું પ્રિયતમ સંઘકાર્ય બંધ છે. આપણે તેને ફરીથી શરૂ કરવું છે. દસ માસ સુધી આપણે ચુપચાપ બેસી રહ્યા. હવે તેની કમી પૂરી કરવાની છે. સત્ય આપણા પક્ષે છે. અન્યાય સહન કરવાનો અર્થ અન્યાયીને સહાય કરવી એવો થાય છે. એ પાપ આપણે ન કરીએ. સત્યની પ્રેરણા દેનાર ભગવાન જ છે. તેની મૂર્તિ આપણા હૃદયમાં ધારણ કરીએ. ભારતમાતાનું ધ્યાન ધરીએ. મનમાં વ્યાપક પ્રેમભાવના રાખીએ. પ્રારંભ કરો. પુનરપિ આપણા સંઘકાર્યનો પ્રારંભ કરો. ચાલતા રહો, આગળ ધપતા રહો, આપણું ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ક્યાંય પણ અટકો નહિ.'

'હવે યુદ્ધ શરૂ થયું છે. આ ધર્મનું અધર્મ સામે, ન્યાયનું અન્યાય સામે અને વિશાળતાનું ક્ષુદ્રતા સામે યુદ્ધ આરંભાયું છે. આ સ્નેહભાવનાનું દુષ્ટતા સામેનું યુદ્ધ છે. આપણો વિજય નિશ્ચિત છે.'

'તો પછી ઊઠો. હૃદયાકાશથી જગદાકાશ સુધી ભારતમાતાનો જય જયકાર પોકારી ઊઠો અને કાર્ય પૂર્ણ કરીને રહો.'

## ૨૩

# સત્યાગ્રહ

સમગ્ર દેશમાં જાણે વીજળી પ્રસરી થઈ ! યુદ્ધનું જોમ આવી ગયું. નગર - નગર, ગામ - ગામમાં બેઠકો થવા લાગી. સત્યાગ્રહ ક્યાં ક્યાં થશે ? કોણ ક્યાંથી સત્યાગ્રહ કરશે ? દરેક જિલ્લામાંથી કેટલા લોકો ભાગ લેશે ? વગેરે બાબતો પર વિચારવિનિમય થવા લાગ્યો. યાદીઓ બનવા લાગી. પત્રકો છપાવા લાગ્યાં. ગુપ્ત સ્થળેથી સાઈકલોસ્ટાઈલ મશીન પર નાના - મોટા સમાચારપત્રો છપાવા લાગ્યા.

સત્યાગ્રહની પદ્ધતિ નક્કી કરવામાં આવી. શહેર કે ગામના કોઈ મુખ્ય મેદાન પર સ્વયંસેવકો ભેગા થશે અને ત્યાં શાખા પ્રારંભ કરશે. ત્યાં જ પ્રાર્થના થશે. પોલીસ પકડશે તો શાંતિપૂર્વક તેની સાથે જઈ, કોઈ પ્રકારનો ઉદ્ધત વ્યવહાર કરવામાં નહિ આવે. સંઘના નામને કલંક લાગે તેવો કોઈ વ્યવહાર ક્યારેય કરવામાં આવશે નહિ. જેલમાં ગયા પછી ત્યાં શાખા શરૂ થશે. ત્યાંના અનુશાસનનું સારી રીતે પાલન કરવામાં આવશે વગેરે વાતો સૌને સમજાવવામાં આવી.

૯ ડિસેમ્બર, ૧૯૪૮ના દિવસે ભારતનાં પ્રમુખ નગરોમાં સંઘ વિશે અનેક ચોપાનિયાં વહેંચવામાં આવ્યાં. સત્યાગ્રહ ક્યાં ક્યાં અને કેવી રીતે થશે તેની સૂચના અગાઉથી અધિકારીઓ અને જનતાને આપવામાં આવી. સાંજના નક્કી કરેલ સ્થળે શાખા લાગી. હજારો પ્રેક્ષકો આજુબાજુ એકઠા થઈ ગયા. પોલીસની ગાડીઓ આવી. અનેક સ્થળોએ અધિકારીઓએ લાઠીમાર કર્યો, પરંતુ સ્વયંસેવકોએ સઘળું સહન કર્યું. શાંતિ, ધીરજ અને નિશ્ચયપૂર્વક શાખા લગાવી,

પ્રાર્થના થવા લાગી.

નમસ્તે સદા વત્સલે માતૃભૂમે ।
ત્વયા હિંદુભૂમે સુખં વર્ધિતોડહમ્ ।
મહામંગલે પુણ્યભૂમે ત્વદર્થે ।
પતત્વેષ કાયો નમસ્તે નમસ્તે ॥ ૧ ॥

પ્રાર્થનામાં અંતે સ્વયંસેવકોએ જોરથી ગર્જના કરી :

'ભારત માતા કી જય.'

પ્રેક્ષક રૂપે હાજર રહેલ હજારો નાગરિકોએ પણ જોરથી ગર્જના કરી : 'ભારત માતા કી જય.'

પોલીસે સત્યાગ્રહીઓને ખટારામાં બેસાડ્યા. તેઓ શહેરની અનેક સડકો પરથી પસાર થઈ જેલના દરવાજે ઊભા રહ્યા. સ્વયંસેવકોએ આખા રસ્તે 'ભારત માતા કી જય'નો ઘોષ કર્યો.

આમ ૯ ડિસેમ્બર, ૧૯૪૮ના દિવસે ભારતભરમાં સત્યાગ્રહનો પ્રારંભ થયો.

સેંકડો શહેરો અને હજારો ગામડાંઓમાં આ જ રીતે સત્યાગ્રહ થયો. જેલો સ્વયંસેવકોથી ભરાવા લાગી. બે મહિનામાં સાઠ હજાર સ્વયંસેવકો જેલ ભેગા થયા. આટલો મોટો, સુવ્યવસ્થિત તેમજ અનુશાસનબદ્ધ સત્યાગ્રહ આજ સુધી કોઈએ કર્યો ન હતો.

અનેક જેલોમાં ક્રૂર તેમજ નિર્દય અધિકારીઓ હતા. તેમણે સ્વયંસેવકો પર અનેક અત્યાચારો ગુજાર્યા. ક્યાંક હલકી કક્ષાનું ભોજન આપવામાં આવતું હતું,. ક્યાંક બીમારોની સારી સારવાર થતી ન હતી. ક્યાંક તો પીવાનું પાણી ગંદું અને ઓછું મળતું હતું, પરંતુ સ્વયંસેવકો શાંત અને દૃઢ હતા.

અધિકારીઓએ સ્વયંસેવકોની હિંમત તોડવા ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ તેઓ અટલ અને અડગ રહ્યા. કોઈએ માફી માગી નહિ. વહીવટી અધિકારીઓએ અંદર બહાર ખૂબ પ્રયોગો કર્યા. ડરાવવાના, ધમકાવવાના, તપાસ કરવાના, માલ મિલકત જપ્ત કરવાના, નોકરીમાંથી કાઢી મૂકવાના, બળજબરીથી જેલમાં ધકેલી દેવાના વગેરે અનેક હીન ઉપાયોનો આશરો લીધો, પરંતુ સ્વયંસેવકો મક્કમ હતા. તેમની નિષ્ઠા અવિચળ હતી. જેલમાં અનેક અગવડો હતી, પરંતુ એક બહુ મોટી સગવડ હતી. તેઓ શાખા લગાવી શકતા હતા. એક જ ધ્યેયવાળા પોતાના સ્વયંસેવક બંધુઓને મળી શકતા હતા. ત્યાં અનેક દુઃખો હતાં, પરંતુ ત્યાં એક મહાસુખ હતું. ત્યાં તો જાણે સરકારના ખર્ચે એક શિબિર ચાલતી હતી. સંઘ શિક્ષણ વર્ગ ચાલતો હતો. સંખ્યા, વ્યાપ, અનુશાસન, ત્યાગ, દૃઢતા, સૌજન્ય વગેરે દૃષ્ટિએ સંઘનો સત્યાગ્રહ અતુલનીય હતો.

જનતાની નજરમાં સંઘની નિર્દોષતા વસી ગઈ. સત્તાધારી વ્યક્તિઓનો અન્યાય જોઈ દેશના વિચારવંત લોકો બહુ જ દુઃખી થયા. અનેક તટસ્થ વ્યક્તિઓએ પંડિત નહેરુને પત્ર લખી સંઘ પરનો પ્રતિબંધ હઠાવવાની માગણી કરી. 'કેસરી'ના સંપાદક ગ. વિ. કેતકર, સુપ્રસિદ્ધ વિદ્વાન ટી. આર. વ્યંકટરમણ શાસ્ત્રી, બાળાસાહેબ ખાપર્ડે વગેરે શ્રેષ્ઠ વ્યક્તિઓએ મધ્યસ્થી કરી. સરદાર પટેલ વગેરે પ્રમુખ વ્યક્તિઓને મળ્યા. આખરે સંઘનું લેખિત બંધારણ મેળવી, સરકારે સંઘ પર મૂકેલો પ્રતિબંધ બિનશરતી પાછો ખેંચી લીધો. અગ્નિપરીક્ષા થતાં સોનું વધુ ઝળકી ઊઠે છે, તેવી જ રીતે અનેક સંકટોનો સામનો કરી સંઘ વધુ તેજસ્વી બની બહાર આવ્યો. સંઘનો વિજય થયો. સત્યનો વિજય થયો. શ્રી ગુરુજીનો વિજય થયો.

૨૪

# ફૂલ અને પથ્થર

૧૨ જુલાઈ, ૧૯૪૯ના દિવસે સંઘ પર મૂકેલો પ્રતિબંધ પાછો ખેંચી લેવામાં આવ્યો. ૧૩ જુલાઈના દિવસે શ્રી ગુરુજીને બૈતૂલની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. 'હવે આપણે આપણા સંઘનું કામ પૂર્વવત્ પ્રારંભ કરીએ.' શ્રી ગુરુજીનો આદેશ પ્રાપ્ત થતાં જ નગર - નગર, ગામ - ગામમાં ફરીથી સંઘશાખાઓ ચાલવા લાગી. સંઘસ્થાન પર ભગવો ધ્વજ ફરકવા લાગ્યો. સ્વયંસેવકો નવા ઉત્સાહથી કાર્યમાં જોડાઈ ગયા.

ગુરુજીનો પુનઃ પ્રવાસ શરૂ થઈ ગયો. જ્યાં જતા ત્યાં સ્વયંસેવકો અપાર ઉત્સાહથી તેમનું સ્વાગત કરતા. ગુરુજીને જોતાં જ સ્વયંસેવકો ખૂબ આનંદિત થઈ જતા. સઘળું ભૂલી જઈ, 'શ્રી ગુરુજીની જય,' 'માધવરાવ ગોળવલકરજીની જય' પોકારતા.

ગુરુજી તેમને રોકતા. ક્યારેક કડક શબ્દોમાં ધમકાવતા તો ક્યારેક કોમળ શબ્દોમાં સમજાવતા. 'આપણે સૌ સંઘના સ્વયંસેવકો છીએ. આપણે સૌ 'ભારતમાતા કી જય'ના જયકારથી પરિચિત છીએ. સંઘે કોઈ વ્યક્તિ વિશેષનો જયકાર કરવાનું શીખવ્યું નથી. આ નિયમ ભૂલી તમે કોઈ માધવરાવ ગોળવલકરના નામની જય બોલવશો તો તમે અનુશાસનનો ભંગ કરો છો. આ સમજો અને તમે ધ્યાનમાં રાખી લો કે આવી પરિસ્થિતિમાં હું તમારી સાથે નહિ રહું.'

ગુરુજી દરેક પ્રાંતમાં પ્રમુખ નગરોમાં જતા. તેમના આગમનના ઉપલક્ષમાં મોટા - મોટા સ્વાગત સમારોહ થતા. અપાર ભીડ ઊમટી પડતી. ગુરુજીનું પ્રવચન સાંભળી સૌ પ્રભાવિત થતા. સૌ ચકિત થઈ જતા. તેમના પ્રવચનમાં ઈર્ષ્યા, દ્વેષ, મત્સર, નારાજગી અને ક્રોધની ક્યાંય અસ્પષ્ટ છાયા સુધ્ધાં જણાતી

નહિ. જેમણે દરેક રીતે સતાવ્યા, જેમણે હીનતમ લાંછન લગાવ્યું, જેમણે અપમાન કર્યું, તેમને માટે ગુરુજીના મુખેથી ક્યારેય નિંદાનો એક પણ શબ્દ નીકળ્યો નહિ. તેમણે કહ્યું, 'ભોજન કરતી વખતે એકાદવાર આપણી જ જીભ આપણા દાંતો વચ્ચે આવી કચડાઈ જાય છે ત્યારે ખૂબ વેદના થાય છે, પણ તેથી કોઈએ દાંત પર ગુસ્સો કર્યો છે ? કોઈએ પોતાના દાંત પાડી નાખ્યા છે ? પ્રતિબંધ અંગે પણ આપણે આવી જ રીતે વિચારવું જોઈએ. આપણે કોઈ પર ગુસ્સો કરવો જોઈએ નહિ. આ સૌ આપણા ભાઈઓ છે. તેઓ આવતી કાલના સ્વયંસેવકો છે...'

સ્વયંસેવકોને સંબોધી તેમણે કહ્યું, 'આ ભીડ - ભડાકા, સરઘસો, સૂત્રોચ્ચારો, આગતા - સ્વાગતા, હારના ઢગલા, છબીઓ ઈત્યાદિ... આ આપણું કામ નથી. આનાથી કશું સધાવાનું નથી. આપણે ઉત્તમ શાખાઓ ચલાવવી જોઈએ. પ્રતિદિન ભરપૂર સંખ્યા રહેવી જોઈએ. નિયમસર કાર્યક્રમો થવા જોઈએ. તેજસ્વી શાખાઓ થવી જોઈએ. આપણી રોજની પદ્ધતિ છોડી આજે જે કાંઈ થઈ રહ્યું છે તે પ્રાસંગિક તેમજ તાત્કાલિક છે. તે આપદ્‌ધર્મ છે. કેવળ ઉપચાર છે. આ પ્રદર્શનને આનાથી વધુ મહત્ત્વ આપશો નહિ. નિત્યનિયમપૂર્વક તેમજ શ્રદ્ધાયુક્ત અંતઃકરણથી શાખાઓ તરફ પૂરેપૂરું ધ્યાન આપો.'

'કેટલાક લોકોએ આપણી સાથે દુષ્ટતાપૂર્વક વ્યવહાર કર્યો હશે. તેમની દુષ્ટતા આપણે ભૂલવી જોઈએ. તેમને ક્ષમા આપવી જોઈએ. હંમેશાં ધ્યાનમાં રાખો કે આપણું કાર્ય દ્વેષ પર આધારિત નથી. આપણા કાર્યનો આધાર પ્રેમ છે.

દેશભરમાં ગુરુજીનું સન્માન થયું. મોટાં મોટાં સરઘસો નીકળ્યાં. હજારો સ્વાગત દ્વારો અને કમાનો બન્યાં. દીપોત્સવ થયા. પુષ્પવૃષ્ટિ થઈ. લાખો શ્રોતાઓની વિશાળ સભાઓ થઈ. દિલ્હીમાં તેમનું અભૂતપૂર્વ સ્વાગત થયું. પાંચ લાખ લોકો રામલીલા મેદાન પર એકત્રિત થયા. દિલ્હીના દોઢ હજાર પ્રમુખ નાગરિકોએ માનપત્ર આપ્યું.

દેશભરમાં ગુરુજીના પ્રભાવી પ્રવાસથી સંઘ પર લાગેલ કલંક ધોવાઈ ગયું.

શંકા, નિરાશા, ડર સમાપ્ત થઈ ગયાં. સદાની જેમ સ્વયંસેવકો સંઘનું નિત્યકાર્ય કરવા લાગ્યા.

ગુરુજી પર ફૂલોની અને સ્તુતિની વર્ષા થઈ, તેવી જ રીતે કેટલાક લોકોએ નિંદા પણ કરી. કેટલાક પરદેશ પ્રેરિત મત્સરગ્રસ્ત લોકોએ પથ્થરબાજી કરવાનો પ્રયાસ પણ કર્યો.

ગુરુજી પ્રશંસાથી પ્રફુલ્લિત થયા નહિ કે નિંદાથી નારાજ થયા નહિ. તેમને મારેલ પથ્થરોને પણ તેમણે ફૂલ માની સહી લીધા. હઠીલા સંઘવિરોધીઓ તેમજ ગાળાગાળી કરનારાઓને પણ તેમણે પ્રેમ જ આપ્યો.

તુલ્યનિંદાસ્તુતિર્મોની સંતુષ્ટો યેન કેન ચિત્
અનિકેતઃ સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નરઃ ।

ગીતા; અ - ૧૨. શ્લોક ૧૯

ગુરુજીનું જીવન ગીતાના આ શ્લોકનું સાકાર સ્વરૂપ હતું. સંઘકાર્ય દૂર દૂર સુધી ફેલાયું. દરેક પ્રાંતમાં અને દરેક જિલ્લામાં તેનો વિસ્તાર થવા લાગ્યો. પ્રતિબંધકાળમાં થયેલ નુકસાનને ભરપાઈ કરવા માટે ગુરુજી તથા સૌ કોઈ નાના - મોટા કાર્યકર્તાઓને ખૂબ ખૂબ પરિશ્રમ કરવો પડ્યો.

૭ ફેબ્રુઆરી, ૧૯૫૬ના દિવસે ગુરુજીએ તેમના જીવનનાં પચાસ વર્ષ પૂરાં કરી, એકાવનમા વર્ષમાં પ્રવેશ કર્યો. કાર્યકર્તાઓએ આ પ્રસંગે એક ઉત્સવ ઉજવવાનું વિચાર્યું. ગુરુજીએ તેને મંજૂરી ન આપી. કાર્યકર્તાઓએ ખૂબ જ આગ્રહ કર્યો તો તેમણે કહ્યું, 'નામ મારું અને કામ સંઘનું, સમારોહનું સ્વરૂપ આવું રહેવું જોઈએ.' કાર્યકર્તાઓએ આ પ્રસ્તાવને સહર્ષ માન્ય કર્યો. પ્રાંતે પ્રાંતે યોજનાઓ થઈ. સ્વયંસેવકો નવાં ગામોમાં અને નવા લોકો પાસે પહોંચ્યા. વિપુલ ધનસંગ્રહ કરવામાં આવ્યો. નવી શાખાઓ ખુલી. ગુરુજીનાં ઠેર ઠેર જાહેર ભાષણો થયાં. ગુરુજીએ તેમનાં ભાષણોમાં સંઘકાર્યનું સર્વકાલિક મહત્ત્વ જનતાને સમજાવ્યું. સંઘનું કામ હવે વધુ તીવ્ર વેગે વધવા લાગ્યું.

# ૨૫

# પ્રેરકશક્તિ

સંઘકાર્યની એક વિશેષતા છે. જાતે કામ કરવું અને સાથે સાથે પોતાના સહકારી પણ બનાવવા. સંઘ આ જ શીખવે છે. કોઈપણ કાર્યકર્તાએ 'એકમાત્ર'ની સ્થિતિ પેદા કરવી જોઈએ નહિ. સંઘકાર્ય વ્યક્તિનિષ્ઠ નહિ, પરંતુ ધ્યેયનિષ્ઠ છે. ગુરુજી વિનોદમાં કહેતા, 'નહેરુ પછી કોણ ? એવો પ્રશ્ન સંઘમાં ક્યારેય ઊઠ્યો નથી અને ઊઠશે પણ નહિ.' એકવાર એક પત્રકાર પરિષદમાં આપના પછી કોણ એવું પૂછવામાં આવ્યું. તેમણે કહ્યું, 'તમે કેમ નહીં ?'

ગુરુજી પોતે જેવા એક મહાન કાર્યકર્તા, ચતુર સંગઠક અને ઉત્તમ માર્ગદર્શક હતા, તેવા જ તેમણે પોતાના અનેક સહયોગીઓ ઘડ્યા હતા. ડૉક્ટરજીના વખતના અનેક યુવક તેમજ પ્રૌઢ કાર્યકર્તાઓ તેમનો નિત્ય આદરપ્રેમ પામતા હતા. પુરાણા કાર્યકરો કામમાં ખૂંપી ગયા હતા અને સેંકડો નવા કાર્યકરો તૈયાર થઈ રહ્યા હતા. ગુરુજીમાંથી પ્રેરણા પામી અનેક ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત નવયુવકો ઘર છોડી, સંઘકાર્ય માટે જ્યાં મોકલ્યા ત્યાં ગયા. તેમની પ્રેરણાથી હજારો નવી શાખાઓ ખુલી. હજારો કાર્યકર્તાઓ નવાં નવાં ક્ષેત્રોમાં અગ્રેસર થયા. વિવિધ ઉંમરના, વિવિધ વ્યવસાયના, વિવિધ નાતજાતના લાખો સ્વયંસેવકો દરરોજ નિયમિતપણે શાખામાં જવા લાગ્યા. ગુરુજી દેશભરમાં પ્રવાસ કરતા રહેતા અને સૌને પ્રેરણા દેતા રહેતા હતા. તેઓ કહેતા, 'રેલવેનો ડબો મારું અસલી ઘર છે.'

સૂર્યોદય થતાં જ આકાશ, પ્રકૃતિ અને જનજીવનમાં તેનું પરિણામ આપોઆપ દેખા દે છે. આકાશમાં લાલ - પીળા રંગો ફેલાઈ જાય છે. સુખદ મંદ - મંદ વાયુલહરી વહેવા લાગે છે. ફૂલો ખીલે છે અને તેની સુગંધ દૂર દૂર સુધી ફેલાય છે. પક્ષીઓ મધુર મંજુલ ગૂંજન આરંભી દે છે. ઘરઘરમાં લોકો જાગે છે, ઊઠે છે અને નવા ઉત્સાહથી પોતપોતાનાં કામ કરવા લાગે છે. સૂર્યોદય થતાં આ સઘળું આપોઆપ થઈ જાય છે. બસ આ જ રીતે સંઘનો

ઉત્કર્ષ થતાં જ જીવનના દરેક ક્ષેત્રમાં તેનો પ્રભાવ દેખાવા લાગ્યો.

આજ સુધી રાજનીતિની વાત આવતાં સૌ કોઈ પશ્ચિમમાં જોવા લાગતા. ઘણુંખરું નાના - મોટા નેતાઓ યુરોપીય દેશોમાંથી રાજનીતિની પ્રેરણા પામતા હતા. કોઈ અંગ્રેજોના પ્રશંસક હતા, તો કોઈ અમેરિકનોના પ્રશંસક હતા. કોઈ જર્મનીના તાનાશાહને માનતા હતા, તો કોઈ રશિયાના સરમુખત્યારને માનતા. અનેક લોકોએ રશિયાને પોતાનું સર્વસ્વ અર્પી દીધું હતું. આયર્લેન્ડ, ઈટાલી વગેરે દેશોમાંથી સ્ફૂર્તિ લેનારા પણ કેટલાક હતા. દયાનંદ, વિવેકાનંદ, રામતીર્થ, શ્રી અરવિંદ, ભગિની નિવેદિતા, રવીન્દ્રનાથ, લોકમાન્ય ટિળક વગેરે મહાપુરુષોના સુસ્પષ્ટ આદેશો હોવા છતાંય મોટા મોટા વિદ્વાનો અને નેતાઓ બીજાનાં મોં તાકતા હતા. સંઘકાર્યના પરિણામે અનેક તરુણોમાં આત્મવિશ્વાસ જાગી ઊઠ્યો. તેમને થયું કે રાજનીતિમાં પણ ભારતીય આદર્શ પ્રસ્થાપિત કરી શકાય તેમ છે અને વિશ્વકલ્યાણની દૃષ્ટિએ તેમ કરવું આવશ્યક પણ છે.

ભારતીય જીવન સિદ્ધાંતોના આધારે રાજકીય ક્ષેત્રે કામ કરવા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી તૈયાર થયા. તેઓ ગુરુજીને મળ્યા. બંને વચ્ચે વાટાઘાટો થઈ. પંડિત દીનદયાળજી ઉપાધ્યાય સંઘના કસાયેલ કાર્યકર હતા. પોતાનું સર્વસ્વ અર્પી તેઓ સંઘકાર્ય કરતા હતા. સંઘના પ્રચારક હતા. ગુરુજીનો આદેશ મેળવી દીનદયાળજી શ્યામાપ્રસાદજી સાથે રાજકીય ક્ષેત્રે કામ કરવા લાગ્યા.

શ્રી દત્તાજી ડિંડોળકર વિદ્યાર્થી જગતમાં કામ કરવા લાગ્યા. શ્રી દાદાસાહેબ આપટે તથા રાજાભાઉ ડેગ્વેકર વિશ્વ હિંદુ પરિષદનું કામ સંભાળવા લાગ્યા. મજદૂર ક્ષેત્રે વિદેશી પ્રભાવ નષ્ટ કરવા શ્રી દત્તોપંત ઠેંગડીશિએ કમર કસી. શ્રી એકનાથ રાનડેને કન્યાકુમારી પાસેની શ્રીપાદ શિલા પર ધ્યાનસ્થ થયેલ વિવેકાનંદજીની મૂર્તિ વારંવાર દેખાવા માંડી. શ્રી બાળાસાહેબ દેશપાંડેને વનવાસી બંધુઓના વિકાસ માટે કાર્યારંભ કરવાની પ્રેરણા મળી.

શ્રી ગુરુજીની યોજનાનુસાર ગોહત્યા વિરોધનું દેશવ્યાપી આંદોલન સફળ થયું. કુષ્ઠરોગીઓની સેવા માટે કેન્દ્ર ખોલવામાં આવ્યાં. અનેક શિક્ષિત ત્યાગી તરુણો આ સંસ્થાઓમાં સેવા ભાવનાથી કામ કરવા લાગ્યા. સેંકડો નાની - મોટી શિક્ષણ સંસ્થાઓ પ્રાંત - પ્રાંતમાં શરૂ થઈ. અનેક પ્રાસંગિક સેવાકાર્યો થવા

લાગ્યાં. પરમ પૂજનીય ગુરુજી આ સૌને ક્યારેક પ્રત્યક્ષ તો ક્યારેક પરોક્ષ રૂપે સલાહ આપતા રહેતા.

શ્રી દત્તોપંત ઠેંગડીજી મજદૂર ક્ષેત્રે કામ કરશે એ વાત નિશ્ચિત થઈ. માર્ચ ૧૯૫૦માં તેઓ ઈન્ટુકમાં કામ કરવા લાગ્યા. તેઓ ગુરુજીને મળ્યા, ગુરુજીએ તેમને આશીર્વાદ આપ્યા અને કેટલીક મહત્ત્વપૂર્ણ વાતો સમજાવી, જેનો સારાંશ નીચે પ્રમાણે હતો :

(૧) તમે જે સંસ્થામાં કામ કરવા જાઓ છો, તે સંસ્થાના અનુશાસનનું પૂરેપૂરું પાલન કરજો. અનુશાસન અને સદસદ્ વિવેકબુદ્ધિમાં ઘોર સંઘર્ષ જામી જાય તો ત્યાગપત્ર આપજો, પરંતુ અનુશાસન ભંગ ના કરશો.

(૨) મહાત્મા ગાંધી અને કાર્લમાર્ક્સના આર્થિક સિદ્ધાંતોનો તુલનાત્મક અભ્યાસ કરજો.

(૩) સામ્યવાદીઓની કાર્યપદ્ધતિ સમજી લેજો. તેમનાં ટ્રેડ યુનિયનોનું સૂક્ષ્મ અવલોકન કરજો.

(૪) પ્રવાસમાં મજદૂરોને ત્યાં જ નિવાસ કરજો.

(૫) તમારાં માતાજી જેટલી ઉત્કટતાથી તમને પ્રેમ કરે છે, તેટલી જ ઉત્કટતાથી તમે મજદૂરોને પ્રેમ કરજો.

(૬) મજદૂર ક્ષેત્રના કાર્યનો લાભ અયોગ્ય રીતે રાજકીય કે અન્ય ક્ષેત્રે ઊઠાવવાનો મનમાં વિચાર સરખો ન કરશો.

(૭) સામાજિક કડવાશ દૂર થાય, જૂથબંધી નષ્ટ થાય તથા રાષ્ટ્રહિતની ભાવના જાગે એવા પ્રયત્નો કરજો.

પ્રત્યેક કાર્ય, પ્રસંગ અને વ્યક્તિ પ્રત્યે વ્યાપક, મૂળભૂત તથા સર્વકલ્યાણકારી નજરે જોવાની ગુરુજીની વિશેષતા હતી. આ જ દૃષ્ટિ નાના - મોટા સ્વયંસેવકોને તથા હિંદુ સમાજને આપવાનો તેમણે પુષ્કળ પ્રયત્ન કર્યો હતો.

ઈ. સ. ૧૯૬૫માં પાકિસ્તાન સાથે યુદ્ધ થયું. વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીએ વિશેષ નિમંત્રણ પાઠવી ગુરુજીને દિલ્હી બોલાવ્યા. શાસ્ત્રીજીએ પૂછતાં જ સહેજ પણ આનાકાની કર્યા વગર, જો તો કર્યા વગર, સ્પષ્ટ શબ્દોમાં શાસ્ત્રીજીને આશ્વાસન આપતાં કહ્યું, 'દેશહિતની દૃષ્ટિએ આપ જે કાંઈ કામ સોંપશો તે

સંઘના આબાલવૃદ્ધ સ્વયંસેવકો સંપૂર્ણ નિરપેક્ષ બુદ્ધિથી અને તત્પરતાથી કરશે.'

તેમણે સ્વહસ્તે વિશ્વ હિન્દુ પરિષદનો નાનો છોડ રોપ્યો અને સાવધાનીપૂર્વક તેનું પાલન પોષણ કર્યું. આ માટે તેઓ સેંકડો સાધુ, સંત તથા મઠાધિપતિઓ પાસે ગયા. તેમને અનેક પ્રકારના લોકોને મળવું પડ્યું. કેટલાક તો ભગવાં વસ્ત્રો પહેરતા અને મનમાં અહંકાર પોષતા. સંન્યાસી કહેવડાવતા અને પદ, પ્રતિષ્ઠા, માન, સન્માન, સંપત્તિ વગેરે માટે લડતા. ગુરુજીએ અનેકોને સમજાવી પટાવી કામ કરતા કર્યા.

ગુરુજીએ તેમને કહ્યું : 'તમે તમારી જાતને મર્યાદિત ન બનાવશો. કોઈ મઠ, મંદિર કે સંસ્થા સાથે જકડાઈ ન જશો. વિરાટ સમાજ પુરુષની પૂજા કરો. દલિત, ઉપેક્ષિત, પીડિત તથા આર્ત લોકોને ઉગારવા દોડી જાઓ. અસ્પૃશ્યતાનો નાશ કરો. સાચા ધર્મમાં અસ્પૃશ્યતાને ક્યાંય સ્થાન નથી.'

વિશ્વ હિન્દુ પરિષદનું કાર્ય તીવ્ર ગતિએ વધે અને વિશ્વભરમાં ફેલાય એવી તેમની ઈચ્છા હતી. આથી પ્રારંભિક બધી બેઠકોમાં તેઓ ઉપસ્થિત રહ્યા. ૧૯૬૬માં પ્રયાગ કુંભમેળાના અવસરે વિશ્વ હિન્દુ પરિષદ તરફથી એક વિરાટ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું. અનેક પંથના પ્રમુખો, અનેક મંડલેશ્વરો અને મહામંડલેશ્વરો, સર્વે પૂજ્ય શંકરાચાર્યો તથા સેંકડો પીઠાધીશો આ સમારોહમાં ઉપસ્થિત રહ્યા. સૌએ પૂર્ણ સહયોગ આપ્યો. મન મૂકીને ધર્મચર્ચા કરી. એક હજાર વર્ષ પહેલાં સમ્રાટ હર્ષવર્ધને સર્વ પંથો અને સંપ્રદાયોના પ્રમુખોની એક વિરાટ સભા યોજી હતી. એ પછી શ્રી ગુરુજીની પ્રેરણાથી વિશ્વ હિન્દુ પરિષદે આવું મહાન આયોજન કર્યું હતું. ગુરુજીને તે માટે અત્યંત શારીરિક તેમજ માનસિક કષ્ટ સહન કરવું પડ્યું હતું.

ઘણા મહાનુભાવો સન્મુખ વિનમ્ર બની, હાથ જોડી ગુરુજીએ પ્રાર્થના કરી. ઘણાને તેમણે વાક્પ્રહાર કર્યા. સંપૂર્ણ વ્યવસ્થાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. આ મહાન સમારોહને સફળ બનાવવા તેમણે બધું જ કર્યું, પણ એક વાત ન કરી. તેઓ ક્યારેય ખુરશી પર બેઠા નહિ. તેમણે પોતાના આચરણ દ્વારા 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' - એ ગીતા વચનનો અર્થબોધ દુનિયાને કરી બતાવ્યો.

२६

# અદ્‌ભુત સ્મરણશક્તિ

એકવાર કોઈ સાથે પરિચય થઈ જાય, એ પછી ગુરુજી તેને ક્યારેય ભૂલતા નહિ. વરસો પછી મળે તો પણ તેઓ તેને તેના નામથી જ બોલાવતા. હજારો લોકોએ આ પ્રકારનો સ્વાનુભવ વર્ણવ્યો છે.

એક કાર્યકર્તાને ત્યાં ગુરુજી બે દિવસ રહ્યા. ઘરનાં લોકોની પૂછપરછ કરવી તથા બાળકો સાથે પરિચય કેળવવો, એ તેમનો સહજ સ્વભાવ હતો. ત્યાં પણ એવું જ કર્યું. ત્રણ વર્ષ પછી ગુરુજી એ રસ્તે રેલવે દ્વારા જવાના હતા. ગુરુજીને મળવા અનેક કાર્યકર્તાઓ સ્ટેશન પર આવ્યા. પેલા કાર્યકર્તાને જોતાં જ ગુરુજીએ પૂછ્યું, 'શાંતુને કેમ ન લાવ્યા ?'

કાર્યકર્તા અવાક થઈ ગયા. પેલા કાર્યકર્તા વિચારવા લાગ્યા... ત્રણ વર્ષ વીતી ગયાં. એ પછી ગુરુજી કેટલાંય શહેરોમાં ગયા હશે. શી ખબર કેટલાયના ઘરે રહ્યા હશે. હજારો લોકોને મળ્યા હશે. હજારો સ્વયંસેવકોનો પરિચય થયો હશે. મારો પુત્ર કોઈ મોટો કાર્યકર્તા નથી. તે તો કેવળ એક શિશુ છે, છતાંય તેઓ આટલું ધ્યાનમાં રાખે છે ! આ પ્રકારના વિચારોથી તે ભાવ ગદ્‌ગદ થઈ ગયા.

આવાં તો હજારો ઉદાહરણો આપી શકાય તેમ છે.

એકવાર એક બેઠકમાં સૌનો પરિચય થયો. એક નવયુવક સ્વયંસેવક ઊભો થયો. તેણે પોતાનો પરિચય આપ્યો. ગુરુજીએ જોઈ લીધું કે તેના ઝભ્ભાને બટન નથી. ગુરુજીએ પૂછ્યું, 'ઝભ્ભાનાં બટન કેમ નથી ?' સ્વયંસેવક કહે, 'મેં નિશ્ચિત કર્યું છે કે જાત કમાઈ કરીશ. સોનાનાં બટન બનાવીશ. ત્યાર પછી જ ઝભ્ભાને બટન લગાવીશ.'

પાંચ વર્ષ પછી એક બીજા જ શહેરમાં પેલો સ્વયંસેવક બેઠકમાં હાજર હતો. તેણે પોતાનું નામ બતાવ્યું કે તુરત જ ગુરુજીએ કહ્યું, 'સોનાનાં બટન બનાવી લીધાં લાગે છે.'

'મલયાલમ્ મનોરમા' પત્રિકાના સંપાદક કે. પી. કે. પિશાદ્રી ફેબ્રુઆરી ૧૯૪૮માં દિલ્હી ગયા. ગુરુજી ત્યારે સિવની કારાગારમાં હતા. પિશાદ્રીજીને કોઈ પૂર્વ પરિચય ન હતો કે તે સંઘના સ્વયંસેવક ન હતા. પત્રકાર તરીકે તેઓ ગુરુજીને મળવા માગતા હતા. તેથી તેઓ સિવની ગયા, અધિકારીઓએ તેમને અનુમતિ આપી નહિ. જેલના અધિકારીને તેમણે વિનંતી કરી 'તેમને કહેજો કે હું મળવા આવ્યો હતો.' જેલના અધિકારીએ ગુરુજીને વાત કરી કે પિશાદ્રી નામક એક વ્યક્તિ આપને મળવા આવી હતી.

ઈ. સ. ૧૯૬૫માં ગુરુજી પાલઘાટ ગયા હતા. પિશાદ્રી મહાશય ગુરુજીને મળવા ત્યાં આવી પહોંચ્યા. જેવું તેમણે નામ કહ્યું કે તુરત જ ગુરુજીએ કહ્યું, 'તમે એ પિશાદ્રી તો નહીં કે જેઓ મને મળવા સિવની આવ્યા હતા? તમારો એ પ્રયત્ન અસફળ રહ્યો હતો ને ?'

પિશાદ્રીજી ગુરુજીની સ્મરણશક્તિનો ચમત્કાર જોઈ ચકિત થઈ ગયા.

આખરે એકવાર એક સ્વયંસેવકે પૂછી જ નાખ્યું, 'ગુરુજી, આપને આટલા બધા સ્વયંસેવકોનાં નામ કેવી રીતે યાદ રહે છે ?'

ગુરુજી કહે, 'તમે તો કરિયાણાના વેપારી છો. તમારી દુકાનમાં નાની - મોટી સેંકડો વસ્તુઓ છે. તેના અલગ અલગ ભાવ છે. તમને એ સૌના ભાવ કેવી રીતે યાદ રહે છે ? તમે એને ગોખતા નથી કે વારંવાર ચોપડામાં જોતા નથી. કારણ એનું એ કે દુકાન તમારો આધાર છે. તમારું સર્વસ્વ છે. તમારું બધું ધ્યાન એમાં જ રહે છે. મારી વાત પણ એવી જ છે. સંઘ અને સંઘના સ્વયંસેવકો મારું સર્વસ્વ છે. હું તેમને કેવી રીતે ભૂલી શકું ?'

## ૨૭

# અનેક વિષયોના જ્ઞાતા

ગુરુજીની બુદ્ધિ સર્વગામી હતી. તેઓ વિવિધ વિષયોના ઉત્તમ જ્ઞાતા હતા. તેમની કુશાગ્ર બુદ્ધિ દરેક વાતનું મૂળ પકડી લેતી હતી.

તેમણે મહાવિદ્યાલયમાં જ પ્રાણીશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કર્યો હતો. વિજ્ઞાનની અન્ય શાખાઓ પર પણ તેમનો અધિકાર હતો. ઉપનિષદ, ગીતા વગેરે ગ્રંથો તો તેઓ નિત્ય વાંચતા રહેતા. મોટા મોટા ગ્રંથો તો તેઓ કેવળ ઉપરથી જોઈ જતા અને એક ઉપર બે કલાકમાં તેનું રહસ્ય પામી જતા.

એકવાર, મુંબઈમાં અર્થશાસ્ત્રના નામાંકિત વિદ્વાન તેમને મળ્યા. અર્થશાસ્ત્રના ગહન પ્રશ્નોની બે કલાક સુધી ગુરુજી સાથે ચર્ચા થઈ. એ પછી તેમણે પોતાનો અભિપ્રાય આપ્યો, 'સંઘ સાથે મારો કોઈ ખાસ પરિચય નથી. કદાચ કાંઈક મતભેદ હશે, પરંતુ ગુરુજીએ અર્થશાસ્ત્રનો ઊંડો અભ્યાસ કર્યો છે એ વાત નિશ્ચિત છે.'

તેઓ ઔષધિઓના જાણકાર હતા. તેઓ અનેક ઘરગથ્થુ ઉપચારો જાણતા હતા. કોઈએ તેમને કહ્યું, 'મને ઊંઘ બહુ સતાવે છે.' ગુરુજીએ એમને હોમિયોપથિક દવા બતાવી અને દરરોજ નિયમિત દીર્ઘ શ્વાસોશ્વાસ લેવાનું કહ્યું.

એકવાર બેંગલોરના સંઘશિક્ષણ વર્ગમાં વિશાળ વૃંદવાદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ગુરુજી ત્યાં હતા. કાર્યક્રમ પત્યા પછી તેમની સાથે દરેક વાદકનો પરિચય કરાવવામાં આવ્યો. એ સમયે દરેક વાદ્યની વિશેષતાનું તેમણે જે વિવેચન કર્યું તે સાંભળીને વાદકોએ કહ્યું, 'અમે આ વાદ્યોના અધ્યયનમાં વરસો ગાળ્યાં છે, છતાંય આજે અમને નવું જ્ઞાન મળ્યું.'

કેટલીક નવી ઈમારતો બંધાતી જોઈ, ગુરુજી જે સૂચનો કરતા તે સાંભળી કુશળ ઈજનેરો પણ દંગ રહી જતા. તેમની સૂચનાઓ શાસ્ત્રશુદ્ધ રહેતી.

૨૮

## સમયપાલન

એકવાર દિલ્હીમાં કોઈ એક મોટી સંસ્થાનું ખૂબ વિશાળ અધિવેશન થયું. સંસ્થા પાસે પૈસા અને અન્ય સાધનોની વિપુલતા હતી, પરંતુ અનુશાસન ન હતું. તેનો કોઈપણ કાર્યક્રમ સમયસર થયો નહિ. મોટા લોકો પણ કલાકો મોડા પહોંચવામાં પોતાનું ગૌરવ માનતા હતા.

આ પાર્શ્વભૂમિકામાં, ત્રણ દિવસ પછી તે જ સ્થળે સંઘનો કાર્યક્રમ થયો. હજારો સ્વયંસેવકો અને નાગરિકો ત્યાં એકત્રિત થયા. ગુરુજીનો દિવસભરનો કાર્યક્રમ ખૂબ ભરચક હતો અને લાંબો પ્રવાસ કરીને તેઓ દિલ્હી આવ્યા હતા છતાંય નિશ્ચિત સમયે તેઓ ઉત્સવ સ્થળે પહોંચી ગયા. એક સેકંડ વહેલા નહિ કે એક સેકંડ મોડા નહિ. કોઈપણ કામ હોય, તે સમયસર થવું જોઈએ એ બાબત પર તેઓ ખૂબ ભાર મૂકતા.

એકવાર તેઓ પુણેમાં હતા. સાંજના કોઈ શાખામાં જવાનો તેમનો કાર્યક્રમ નિશ્ચિત થયો. પોણા છ વાગે તેમના નિવાસસ્થાને મોટર આવશે એવું નક્કી થયું. તેમણે છમાં દસ સુધી મોટરની રાહ જોઈ. મોટર ન આવી એટલે તેમણે સાઈકલ લીધી અને શાખામાં જવા રવાના થયા. ગુરુજીને સાઈકલ પર આવતા જોઈ પ્રમુખ અધિકારીઓ આશ્ચર્યચકિત થઈ ગયા. ગુરુજીએ શાંતચિત્તે કહ્યું, 'ભાઈ, એ તો યંત્ર છે. તેમાં ગરબડ થઈ શકે છે. તેની મદદ લેવી

સારી છે, પરંતુ તેના ભરોસે મોડું કરવું સારું નથી. હું કયા વાહનમાં આવ્યો એ મહત્ત્વનું નથી. નિશ્ચિત સમયે પહોંચી ગયો એ મહત્ત્વનું છે.'

એકવાર ગુરુજીનો પંજાબનો પ્રવાસ હતો. કેટલાય દિવસોથી ત્યાં ખૂબ વરસાદ પડી રહ્યો હતો. નદીઓમાં પૂર આવ્યાં હતાં. નાળાં ભરાઈ ગયાં હતાં. ગુરુજીને જલંધરથી લુધિયાણા જવાનું હતું. મોટર દ્વારા ચહેડૂ સુધી ગયા. આગળનો પુલ તૂટી ગયો હતો. રેલવે લાઈન પણ ખતરામાં હતી. ટ્રેનો બંધ હતી. રેલવેની નીચેના સ્લીપરો તણાઈ ગયા હતા. કેવળ પાટા લટકી રહ્યા હતા. ગુરુજી સાથેના કાર્યકર્તાઓ વિચારતા હતા કે હવે શું કરવું ? પણ... ત્યાં સુધીમાં ગુરુજી તો પાટા પર, પોતાનું શરીર સંકોરીને પુલ પાર કરી રહ્યા હતા. નીચે ભયાનક ઝડપે પાણી વહી રહ્યું હતું, પણ તેઓ ખચકાયા નહિ કે ક્યાંય અટક્યા નહિ. અબાધ ગતિએ તેઓ ચાલતા જ રહ્યા. ઈશ્વરકૃપાએ સૌ સકુશળ પેલી પાર પહોંચી ગયા. પછી તો એક મોટર મળી, પણ તેને ફગવાડા છોડી દેવી પડી કારણ કે આગળ તો પાણી જ પાણી હતું. રસ્તો બંધ હતો. રેલવે સ્ટેશન પર કોઈ પૅસેન્જર ટ્રેન ન હતી. એક માલગાડી ઊભી હતી. ડ્રાઈવર લઈ જવા તૈયાર થયો. ગુરુજી કોલસાના ઢગલા પર બેસી ગયા. વીસ માઈલનો પ્રવાસ આ રીતે પૂરો થયો. નીચે ઊતર્યા ત્યારે સૌનાં મોં અને કપડાં કાળાં કાળાં થઈ ગયાં હતાં. સામાન પાછળ રહી ગયો હતો. ગુરુજી નિવાસસ્થાને પહોંચ્યા. હાથ - મોં ધોઈ બીજા કોઈનાં ધોતિયું - ઝભ્ભો પહેરી લીધાં. સમયસર સંઘસ્થાન પર પહોંચી ગયા.

૨૯

# ઈશ્વરને ભરોસે

ગુરુજી દેશભરમાં હરહંમેશ ઘૂમતા રહેતા. અનેક પ્રાંતો તથા ગામડાંમાં સંઘકાર્યના કટ્ટર વિરોધીઓ સાથે પનારો પડતો. ક્યારેક ગુરુજી સામે ઉગ્ર દેખાવો પણ કરવામાં આવતા, તો ક્યારેક પથ્થરબાજી પણ થતી.

ગુરુજી ક્યારેય પાછા પડ્યા નહિ, તેમણે મૃત્યુની ક્યારેય દરકાર કરી નહિ. ઘણા લોકો તેમને સલાહ આપતા, 'તમારે બે - ચાર શરીર - રક્ષકો તો ચોક્કસ રાખવા જ જોઈએ.' તેઓ હસતાં હસતાં કહેતા, 'મારી પાસે એક જ બળવાન રક્ષક છે અને તે હજારો મારનારાનો સામનો કરી, તેમને ભગાડી મૂકે છે અને તે છે પરમેશ્વર.'

'જાકો રાખે સાઈયાં મારી સકૈ નહિ કોય.'

એકવાર વિદેશના એક મોટા સજ્જન ગુરુજીને મળવા આવ્યા. સાંજના સંઘનો એક બહુ મોટો કાર્યક્રમ હતો. તેઓ કાર્યક્રમ જોવા ગયા. ત્યાંની વ્યવસ્થા જોઈ તેઓ ખૂબ આશ્ચર્યચકિત થઈ ગયા. ધ્વજની આસપાસ તેમજ સભામંચની આજુબાજુ થોડાક સ્વયંસેવકો લાઠી લઈ ઊભા હતા. વિદેશી સજ્જન વારંવાર કહેતા હતા, 'આટલા મોટા નેતા છે અને તેમના રક્ષણનો કોઈ પ્રબંધ નથી ? કોઈ ગોળી મારી દેશે તો શું થશે ?'

કાર્યક્રમ જોઈ તથા પ્રવચન સાંભળી વિદેશી સજ્જન ખૂબ પ્રભાવિત થયા. તેમનાથી રહેવાયું નહિ. તેઓ ગુરુજીના નિવાસસ્થાને પહોંચી ગયા. ગુરુજીને મળી તેમણે કહ્યું, 'આપે આપના રક્ષણની શી વ્યવસ્થા કરી છે ? દુનિયાભરમાં રોજબરોજ મારકાપ થઈ રહી છે. આપે કોઈ યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ.'

પહેલાં તો ગુરુજી હંમેશની જેમ જોરથી હસી પડ્યા. તેમણે કહ્યું, 'હું એટલો મોટો માણસ નથી.,

પેલા સજ્જન કહે, 'આપ ન માનો, પરંતુ જનતા આપને માને છે. વિરોધીઓ પણ આપને જાણે છે. આપના વિરોધીઓ ખૂંખાર પણ હોઈ શકે.'

ગુરુજી કહે, 'વિશ્વાસ રાખો. બધું ઈશ્વરની ઈચ્છાથી જ થાય છે. ઈશ્વરની ઈચ્છા થઈ કે હવે આનું જીવન પૂરું થઈ ગયું છે, એની પાસે જે કામ કરવાનું હતું તે થઈ ગયું છે, તો ઈશ્વર તેની પાસે બોલાવી લે છે. જુઓ, કાલે જ કેનેડીની હત્યા થઈ ગઈ. તેમની સુરક્ષાનો પ્રબંધ ખૂબ કડક હતો, તો પણ તેઓ માર્યા ગયા. એનો અર્થ એટલો જ કે સાધનો અને મનુષ્યકૃત વ્યવસ્થા કરતાં પરમેશ્વરની યોજના મહાન હોય છે.'

૩૦

# આત્મીય સંબંધ

સંઘજીવનનાં અનેક પાસાં છે. તેમાંનું એક મહત્ત્વનું પાસું એટલે આત્મીય સંબંધ, વ્યક્તિગત સંબંધ, મિત્રતાના સંબંધ. ગુરુજી આ સંબંધોને ખૂબ કાળજીથી ટકાવી રાખતા હતા. તેઓ કેવળ સરસંઘચાલક ન હતા, તેઓ હજારોના મિત્ર હતા, આપ્તજન હતા, મોટા ભાઈ હતા, પિતા, સંરક્ષક અને પથપ્રદર્શક હતા.

ગુરુજીનાં બારણાં સૌને માટે ઉઘાડાં હતાં. નાના બાળકથી માંડી વૃદ્ધો સુધીના સૌ કોઈ તેમને મળતા હતા અને દિલ ખોલીને પોતાની મુશ્કેલીઓ રજૂ કરતા હતા. તેઓ શાંત ચિત્તે સૌની વાતો સાંભળતા અને તેમના કોમળ હાથે ગૂંચ ઉકેલી આપતા હતા.

આટલા બહોળા પ્રમાણમાં વ્યક્તિગત સંપર્ક રાખનાર આટલો મોટો નેતા કદાચ વિશ્વભરમાં ક્યાંય થયો નહિ હોય. વિદ્યાર્થીઓ ગુરુજીને અભ્યાસ વિશે પૂછતા. મોટાઓ તેમનાં પુત્ર - પુત્રીઓના વિવાહ વિશે તેમની સલાહ લેતા. વિભિન્ન રાજકીય પક્ષોના નેતાઓ તેમને મળતા અને તેમનો અભિપ્રાય માગતા. ગાયક, વાદક, નાટ્યકાર અને અભિનેતા તેમને પોતાની કળા દેખાડી તેમનો અભિપ્રાય માગતા. કોઈ યોગ્ય સાધનામાં તેમની મદદ ઈચ્છતા, તો કોઈ દવા પૂછવા આવતા. દરેક સાથે તેઓ ખૂબ આત્મીયતાથી હળતામળતા હતા.

ગુરુજી સૌને યાદ કરી પત્ર લખતા. લગ્ન જેવા મંગલ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવતા. કોઈનું મૃત્યુ થતાં તેઓ તેમના પરિવારના લોકોને મળી સાંત્વના આપતા. સંઘના નાના - મોટા કાર્યકરોને પત્ર લખી પ્રોત્સાહિત કરતા. દરરોજના પાંચ - દસ પત્રો તો જરૂર લખતા. તેઓ સ્વહસ્તાક્ષરમાં પત્ર લખતા અને ખૂબ ઝડપથી લખતા. આ તેત્રીસ વર્ષોમાં તેમણે નાના - મોટા ચાલીસ હજાર પત્રો તો જરૂર લખ્યા જ હશે. દુનિયાભરમાં આટલા બધા પત્ર લખનાર ભાગ્યે જ કોઈ હશે.

## ૩૧

# કાળાં વાદળ

૧૯૬૯ના ઑગસ્ટ મહિનાની વાત. એક સંન્યાસી ગુરુજીને મળવા આવ્યા. ગુરુજીના જૂના સ્નેહી હતા. વરસો પછી બંનેનો મેળાપ થયો હતો. જોતાં જ બંનેને અપાર આનંદ થયો. બંને એકબીજાને ભેટી પડ્યા.

અત્યધિક સુખની પળોમાં જ દુ:ખનાં બી વવાય છે. કદાચ અહીં પણ આવું જ થયું. ગુરુજીના બનિયાનના ખિસ્સામાં ફાઉન્ટન પેન હતી. મિત્રને ભેટતી વખતે તે પેન તેમની છાતીમાં વાગી ગઈ. થોડી પીડા થઈ. મિત્ર સાથે વાતચીત થઈ. સંન્યાસી ચાલ્યા ગયા પણ વેદના થતી રહી. ત્યાં એક નાનીશી ગાંઠ નીકળી આવી હોય તેમ લાગ્યું. ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા. વૈદ્યો પણ આવ્યા. જાતજાતના ઉપાયો કરવામાં આવ્યા, પરંતુ દુ:ખ તો રહ્યું જ. પ્રવાસ, બેઠકો, પ્રવચનો, બૌદ્ધિક વર્ગો વગેરે કાર્યક્રમો નિયમાનુસાર ચાલુ રહ્યા.

પ્રતિવર્ષ અનુસાર સંઘ શિક્ષણ વર્ગનો તેમનો પ્રવાસ શરૂ થયો. આ નિમિત્તે તેઓ પુણે આવ્યા. ડૉક્ટર નામજોશીએ તેમને તપાસ્યા. તેમણે કહ્યું, 'આ દુ:ખની અવગણના કરવા જેવું નથી. આપે મુંબઈ જઈ આધુનિક સાધનો દ્વારા સર્વપ્રકારની તપાસ કરાવી લેવી જોઈએ.' ગુરુજી મુંબઈ આવ્યા ત્યારે ડૉક્ટર શ્રીખંડે તથા ડૉક્ટર ફડકેએ તેમના શરીરને સંપૂર્ણપણે તપાસ્યું, તેઓને શંકા ગઈ. કદાચ કર્ક રોગ અર્થાત્ કૅન્સર હોય. કર્કરોગ વિશેષજ્ઞ ડૉ. પ્રફુલ્લને બોલાવવામાં આવ્યા. કમનસીબે શંકા સાચી ઠરી. ડૉક્ટર પ્રફુલ્લે કહ્યું, 'જલદીમાં જલદી ઑપરેશન કરવું જોઈએ. થોડો સમય પણ વેડફવો જોઈએ નહિ.' પ્રમુખ કાર્યકર્તાગણ ચિંતાતુર બન્યા. ખૂબ વિચારવિનિમય થયો. ગુરુજીએ તો નિ:સંદિગ્ધ શબ્દોમાં કહી દીધું, 'અત્યારે નહિ, સંઘ શિક્ષા વર્ગ માટે યોજાયેલ પ્રવાસ પૂરો થયા પછી જ ઑપરેશન થશે.'

કૅન્સરનું નામ સાંભળતાં જ અધિકાંશ લોકો ગભરાઈ જાય છે, પરંતુ ગુરુજી શાંત હતા. માથે તલવાર લટકતી હોવા છતાંય તેઓ રોજની જેમ શિક્ષણ વર્ગના કાર્યક્રમો કરી રહ્યા હતા. બૌદ્ધિક વર્ગ, બેઠકો, હાસ્ય વિનોદ,

બધું જ રોજની જેમ થતું રહેતું હતું.

પ્રવાસ પૂરો થયો. ગુરુજી મુંબઈ આવ્યા. તેમની છાતીનું ઑપરેશન થયું. તેમના વક્ષસ્થળનો ડાબો ભાગ ખોલવામાં આવ્યો. પાંસળી, બગલ વગેરે જગ્યાએ જ્યાં પણ રોગાંશ જોવા મળ્યો તે ભાગ ખોતરી કાઢવામાં આવ્યો. ત્રણ કલાક સુધી ઑપરેશન ચાલ્યું, છવ્વીસ દિવસ હૉસ્પિટલમાં રહેવું પડ્યું. મનોબળ તેમજ આનંદી સ્વભાવને કારણે ખૂબ જલદી પૂર્વવત્ પ્રવૃત્તિ કરવા લાગ્યા. ધીરે - ધીરે તેમનો પ્રવાસ પણ શરૂ થયો. કેટલીકવાર તાવ આવતો. કેટલીકવાર બેભાન થઈ જતા, છતાંય તેમનું સંઘકાર્ય અખંડિત ચાલુ રહ્યું. આ જ દિવસોમાં કેટલાક શ્રેષ્ઠ કાર્યકર્તાઓનો ચિરવિયોગ સહેવો પડ્યો. બીજા આઘાતો પણ થતા રહ્યા, છતાંય તેમનો તપોયજ્ઞ ચાલુ રહ્યો.

કોઈ મળવા આવતું અને કહેતું : 'ગુરુજી, હવે તો આપે થોડો વિશ્રામ લેવો જોઈએ.' તો તેઓ તુરત જ કહેતા. 'ભાઈ, હવે વિશ્રામ શાનો ? હવે તો થોડા સમયમાં ઘણું કામ કરવાનું છે. જવાબવહી લખતી વેળા છેલ્લા અડધા કલાકમાં વિદ્યાર્થી તેના લેખનની ગતિ ખૂબ વધારી દે છે, મારે પણ એવું જ કરવું પડશે.'

ક્યારેક ગુરુજી કહેતા, 'ભાઈ, વિશ્રામ લેવો જ છે તો પછી થોડો વિશ્રામ શા માટે લઉં ? ચિર વિશ્રામ કેમ ન લઉં ?'

સંઘચક્ર ચાલુ હતું. પ્રવાસ, પત્રલેખન, વ્યક્તિગત સંપર્ક, બૌદ્ધિક વર્ગ, બેઠકો વગેરે પહેલાંની જેમ ચાલુ જ હતાં.

કોઈ દવા - દારૂ - પરેજીની વાત કરતું તો ગુરુજી કહેતા, 'આ દેહનો કંઈક ઉપયોગ હોય ત્યાં સુધી જ તેની કાળજી લેવી જોઈએ. તે બિનઉપયોગી થઈ જાય તોય તેને સાચવવો એનો અર્થ, શક્તિ અને સમયનો અપવ્યય છે. આખરે આ દેહ તો નશ્વર જ છે.'

ક્યારેક કોઈ ખૂબ ગંભીરતાથી ગુરુજીના સ્વાસ્થ્ય વિશે કહેતું તો તેઓ કહેતા, 'મને તો કશી પીડા નથી. જુઓ, હું તો જાડો થતો જાઉં છું. હાથથી શરૂઆત થઈ છે. ધીરે ધીરે આખું શરીર જાડું થઈ જશે' અને પછી તેઓ મળવા આવનાર લોકોની તબિયતની પૂછપરછ કરવાનું શરૂ કરી દેતા.

કોઈ કેન્સરની ભયાનકતાની વાત કરતું તો ગુરુજી કહેતા, 'અરે, કેન્સરની વાત છોડો. તે રોગ મને ખાવા આવ્યો હતો, પણ હું જ તેને ખાઈ ગયો. તેની વાત ન કરો. આપણા કામની વાત કરો.'

## ૩૨

# વિજય સંદેશ

સંઘની એક મહત્ત્વપૂર્ણ બેઠક મુંબઈ પાસે થાણામાં બોલાવવામાં આવી. ૨૯ ઑક્ટોબર, ૧૯૭૨ થી ૨ નવેમ્બર, ૧૯૭૨ સુધી, અર્થાત્ પાંચ દિવસ બેઠક ચાલી. સંપૂર્ણ ભારતવર્ષના મહત્ત્વના કાર્યકર્તાઓ તે બેઠકમાં ભેગા મળ્યા હતા. તેમની સંખ્યા લગભગ સાડા ચારસોની હતી. શ્રી ગુરુજીએ પોતાના પ્રમુખ સહયોગીઓને એકત્રિત કર્યા હતા. જાણે, તે સૌને ધરાઈને જોઈ લેવા માગતા ન હોય ! ત્યાં સંઘ વિશે અનેક મૂળભૂત પ્રશ્નો પર સર્વ પ્રકારે વિચારવિનિમય કરવામાં આવ્યો. અનેકોએ અનેક પ્રશ્નો પૂછ્યા. ગુરુજીએ સૌના સાંગોપાંગ જવાબ આપ્યા.

૨૩ માર્ચ, ૧૯૭૩ના દિવસે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની અખિલ ભારતીય પ્રતિનિધિ સભાની બેઠક નાગપુરના કેન્દ્રીય કાર્યાલયમાં મળી. ૨૫મીની સવારે શ્રી ગુરુજીએ તે બેઠકનો સમારોપ કર્યો. લગભગ ચાલીસ મિનિટ બોલ્યા. તેમને ખૂબ વ્યથા થઈ રહી હતી. બોલતાં બોલતાં વારંવાર હાંફ ચઢી આવતો અને તેમને અટકી જવું પડતું હતું. વચ્ચે વચ્ચે ખાંસી આવી જતી, છતાંય હૃદયની તડપન કાર્યકર્તાઓ સમક્ષ રજૂ કરતાં તેમને આનંદ થતો હતો. ગુરુજી અટકી અટકીને બોલતા હતા. સૌ એકાગ્ર ચિત્તે સાંભળી રહ્યા હતા. અનેકોની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. તે તેમનું અંતિમ ભાષણ સિદ્ધ થયું. તેનો સારાંશ નીચે પ્રમાણે છે :

આજકાલ બધી સંસ્થાઓમાં ફાટફૂટ પડી રહી છે. લોકો ઝઘડે છે.

પરસ્પર વિશ્વાસ રાખતા નથી. આ મોટા દુઃખની વાત છે.

આપણે દેશના લડાઈ ઝઘડા મિટાવવા તથા વિભાજકવૃત્તિ સમાપ્ત કરવા કટિબદ્ધ છીએ. સંગઠન આપણું ધ્યેય છે. ઝઘડા કરવા - કરાવવા એ આપણું ધ્યેય નથી. આ વાત આપણે દૃઢતાપૂર્વક હૃદયમાં અંકિત કરીએ અને આપણા સૌ બાંધવોને એ કહીએ. આ વાત એમના હૃદયમાં પણ આંકી દઈએ. આપણા દેશમાં અનેક પ્રકારના લોકો છે. તે સૌને આપણે સંગઠિત કરવાના છે. એકબીજાને સમજી અને સંભાળી કેવી રીતે આગળ વધી શકાય તે આપણે શીખવાનું છે, શિખવવાનું છે. આપણા મનમાં ધ્યેય અંગે કોઈ મલિનતા પ્રવેશવા દઈએ નહિ, તેમજ સહયોગીઓ વિશે ભ્રમમૂલક ધારણાઓ બાંધીએ નહિ.

આપણા સ્વયંસેવકો શિક્ષણ, રાજનીતિ, સામાજિક કાર્ય, અર્થવ્યવસ્થા, ધર્મ વગેરે વિભિન્ન ક્ષેત્રોમાં કામ કરશે. તેમણે તે ક્ષેત્રોના નિયમ ઈત્યાદિનું યોગ્ય રીતે પરિપાલન કરવું જોઈએ. સંઘમાં આવી આપણે જે કંઈ સારી વાતો શીખ્યા છીએ, તેને આપણે અન્યત્ર તેમજ સર્વત્ર લઈ જવાની છે અને તેનું પાલનપોષણ તેમજ સંવર્ધન કરવાનું છે. બહારનું ગંદું વાતાવરણ આપણા પર અસર ન કરે એ વાતનો આપણે ખ્યાલ રાખવાનો છે.

આપણે ધ્યેયપૂજક બનીએ. એકનિષ્ઠ બનીએ. આપણું ચારિત્ર્ય ઉત્તમ રહે. રાષ્ટ્રને શીલવાન બનાવવાનું તો આપણું કામ છે. ચક્રવર્તી રાજગોપાલાચારીનો એક અનુભવ કહી સંભળાવું. કોઈ પણ ફંડફાળાની યોજનાની અપીલમાં તેઓ સહી કરતા ન હતા કારણ કે તે અંગે તેમને ખૂબ કડવો અનુભવ થયો હતો, પરંતુ જ્યારે મેં પત્ર લખીને જણાવ્યું કે આ કાર્ય તો સંઘના સ્વયંસેવકો કરવાના છે ત્યારે તેમણે તુર્ત જ સહી કરી આપી હતી.

તે વખતે તેમણે કહ્યું હતું, 'મને એમના પર વિશ્વાસ છે. આ લોકો જે કામ માટે પૈસા ભેગા કરશે તે માટે જ તેઓ ખર્ચશે. આપણી કરણીથી સૌ લોકોના મનમાં આવો વિશ્વાસ પેદા કરીએ. આપણો વ્યવહાર નિર્દોષ રહે, નિષ્કલંક.

આપણી શાખાઓ સારી ચાલે. ત્યાંના કાર્યક્રમો વ્યવસ્થિત થાય. આપણે આપણી આચારસંહિતાનું પાલન કરીએ. સ્વયંસેવકોનો સ્વભાવ મધુર હોય. તેમના ગુણોનું સંવર્ધન થતું રહે. શાખામાં આ સૌ થાય છે કે નહિ એ તરફ આપણે પૂરેપૂરું ધ્યાન આપીએ. આજ સુધીના યશનું આ રહસ્ય છે. એના ભરોસે જ આપણી દૂર દૂર સુધી જીત થશે.

આજે લોકો દરેક વાત સરકારને સુપરત કરી દેવામાં માને છે. તેઓ માને છે કે સૌ રોગોની આ એક અક્સીર દવા છે, પરંતુ આ બહુ મોટો ભ્રમ છે. આપણને ફરીથી ગુલામીની બેડીઓમાં બાંધી લેવાનો આ ઉપાય છે.

આજે આપણી જવાબદારી બહુ વધી ગઈ છે. આપણે રાષ્ટ્રની અસ્મિતા જગાડવાની છે. લોકોમાં ચારિત્ર્ય નિર્માણ કરવાનું છે. એ પછી સૌને સંગઠિત કરવાના છે. આપણું આ ધ્યેય છે, પરંતુ આ કામ સરળ નથી. આજે ખૂબ મોટા પ્રમાણમાં, આપણા દેશમાં વિઘટનકારી શક્તિઓ પોતાના હાથ - પગ પ્રસરાવી રહી છે. તેમના પ્રયત્નો સમૂળગા નષ્ટ કરવા માટે આપણે આપણી શક્તિ ખૂબ ખૂબ વધારવી પડશે. આપણું સંગઠન સર્વ સ્પર્શી તેમજ સર્વગામી બનાવવું પડશે. આથી આ હેતુ માટે આપણે પોતપોતાનાં કાર્યક્ષેત્રોમાં પ્રાણોની બાજી લગાડી દઈ પ્રયત્નો કરવા પડશે.

'આટલું પૂરતું છે. આ સભામાં ફરીથી બોલવાનો અવસર પરમાત્મા આપશે કે નહિ તેની ખબર નથી.'

૩૩

## મહાપ્રયાણ

ઈ. સ. ૧૯૭૩ની ગ્રીષ્મ ઋતુ શરૂ થઈ. હંમેશની જેમ પ્રાંત - પ્રાંતમાં સંઘ -શિક્ષણવર્ગ ચાલવા લાગ્યા. શ્રી ગુરુજી માટે આવવા - જવાનું અશક્ય હતું. તૃતીય વર્ષનું શિક્ષણ કેવળ નાગપુરમાં જ આપવામાં આવે છે. આ માટે ભારતના પ્રત્યેક પ્રાંતમાંથી સ્વયંસેવકો નાગપુર આવે છે. ગુરુજીની સ્વયંસેવકોને મળવાની તીવ્ર ઈચ્છા હતી, પરંતુ તેમનું શરીર અશક્ત હતું. સંઘના અધિકારીઓએ વચલો માર્ગ શોધી કાઢ્યો. વારાફરતી પ્રાંત - પ્રાંતના સ્વયંસેવકો તેમના ઓરડામાં જ તેમને મળવા આવે. અહીં તેઓ પંકિતમાં બેસે. એક એક કરી બધા સ્વયંસેવક પોતાનો પરિચય આપે. ગુરુજી યથાશક્તિ બે - ચાર મિનિટ બોલે અને પછી સ્વયંસેવકો પાછા જાય એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી. એક બેઠક અડધો કલાક ચાલતી હતી.

૨૬મી મે સુધી તો આ બેઠકો ચાલતી રહી, પરંતુ તે પછી ગુરુજીનું શરીર વધુ ને વધુ નબળું પડતું ગયું. શ્વાસે શ્વાસે તકલીફ પડવા લાગી. ડૉક્ટરો અને વૈદ્યોના ઉપચારો ચાલુ રહ્યા, પરંતુ તેનું ધાર્યું પરિણામ આવતું ન હતું.

૫ જૂન, ૧૯૭૩ના પ્રભાત સમયે જ ગુરુજીએ પોતાના અંગત સચિવ ડૉક્ટર આબાજી થત્તેને કહ્યું, 'આબા, લાગે છે કે આજે તેડું આવી ગયું છે. ઘંટારવ થઈ ચૂક્યો છે. આમ તો કોઈ ચિંતાનું કારણ નથી, પરંતુ સંઘ શિક્ષણ વર્ગ ચાલે છે. આપણા સૌ કાર્યકર્તાઓ નિયોજિત પ્રવાસમાં છે. તેમના કાર્યક્રમોમાં કોઈ અડચણ ન આવે એવી ઈચ્છા છે.'

શ્રી ગુરુજી નાની - મોટી વાતોનું ખૂબ જ ઝીણવટથી ધ્યાન રાખતા હતા.

તેમના ગુરુદેવ શ્રી અખંડાનંદજીએ તેમને એક કમંડળ આપ્યું હતું. તે તેમની પ્રિય વસ્તુ હતી. તેને તેઓ હંમેશાં પોતાની સાથે રાખતા. કમંડળ હંમેશાં તેમની ડાબી બાજુએ મૂકતા, કેવળ પ્રવાસમાં નીકળતી વખતે જ તેને જમણી બાજુ કરી દેતા. આજે પ્રભાતમાં જ તેમણે કમંડળ પોતાની જમણી બાજુ કરી લીધું. મોટી યાત્રા પર જવા તેઓ તૈયાર થઈ ગયા.

અનેક ડૉક્ટરો આવ્યા. પોતપોતાની રીતે તપાસ કરતા રહ્યા. દરેકે ઘણુંખરું એક જ વાત કહી, શરીર ખૂબ દુર્બળ થઈ ગયું છે. સહેજ પણ હિલચાલ ન કરે. આ પણ અસંભવ હતું. ગુરુજી આરામખુરશીમાં બેસી રહ્યા. નામસ્મરણ કરતા રહ્યા.

તેઓ ઈશ - ચિંતનમાં મગ્ન હતા. તેમનાં નેત્ર અર્ધોન્મીલિત રહેતાં, તેમની દૃષ્ટિ નાસિકાગ્રે સ્થિર હતી.

ડૉક્ટરોએ કેટલાક કૃત્રિમ ઉપાયો બતાવ્યા. ગુરુજીએ અત્યંત સૌમ્યતાથી સૌને તેની ના કહી દીધી. બપોરના નામમાત્રનું ભોજન લીધું. બપોરની ચા પણ બહુ જ થોડી પીધી. તેઓ વારંવાર હાથ - પગ ધોતા અને કોગળા કરતા. સાંજ પડી. સાત અને દસ થઈ. હવે પ્રાર્થના થશે. આજ સુધી ક્યારેય પ્રાર્થના છોડી નથી. તેઓ ઊઠવા લાગ્યા. ડૉક્ટર આબાજી થત્તેએ કહ્યું, 'આજે આપે અહીં બેસીને પ્રાર્થના કરવાની છે.' ગુરુજીએ આરામખુરશીમાં બેસીને પ્રાર્થના કરી. ઉચ્ચારણ ખૂબ જ સ્પષ્ટ હતું.

રાતના નવ અને પાંચ થઈ. તેમણે એક દીર્ઘ શ્વાસ લઈ પોતાની ઈહલોક યાત્રા સમાપ્ત કરી. તેત્રીસ વર્ષથી અગ્નિકુંડ પ્રજ્વળી રહ્યો હતો. ધધકી રહ્યો હતો. આજે એ શાંત થઈ ગયો. એક મહાન જીવનયજ્ઞ સમાપ્ત થયો. ૬૭ વર્ષ સુધી સતત ખીલી રહેલ, વિકસી રહેલ, સુંદર સુગંધયુક્ત જીવનપુષ્પ મા ભારતીને ચરણે સમર્પિત થઈ ગયું. 'મહામંગલે પુણ્યભૂમે ત્વદર્થે, પતત્વેષ કાયો નમસ્તે નમસ્તે' સ્વયંસેવકની આ ઈચ્છા પૂર્ણ થઈ.

# અંતિમ દર્શન

ગુરુજીના દેહાવસાનના દુઃખદ સમાચાર ચારેકોર વાયુવેગે ફેલાઈ ગયા, 'આપણા પ.પૂ. શ્રી ગુરુજી ચાલ્યા ગયા.' આપણા દ્વિતીય સરસંઘચાલક હવે હયાત નથી રહ્યા. પ્રાંત - પ્રાંત, નગર - નગરમાં સમાચાર પહોંચ્યા. ઘરઘરમાંથી દુઃખદ ઉદ્ગારો પ્રગટી ઊઠ્યા.... 'આપણો આધાર ચાલ્યો ગયો...' 'દેશનો નિઃસ્વાર્થ અને નિષ્પક્ષ નેતા વિદાય થયો...' 'ઓહ ! એ તો સહુના માર્ગદર્શક હતા.'

અંતિમ દર્શન માટે નાગપુરના સ્વયંસેવકો સંઘના કાર્યાલયે પહોંચવા લાગ્યા. અન્ય સ્થળો તેમજ અન્ય પ્રાંતોમાંથી ટ્રેનો ભરી ભરીને લોકો આવવા માંડ્યા. કોઈ મોટરકારથી આવ્યા, કોઈ હવાઈજહાજ દ્વારા આવ્યા. તમામ પક્ષોપક્ષના અને તમામ વયમર્યાદા ધરાવતા લોકો ત્યાં પહોંચ્યા. દિ. પાંચ ની મધ્યરાત્રીથી દિ. છ ની સાંજ સુધી દર્શનાર્થીઓની લાંબી લાંબી કતારો જામી. જે વ્યક્તિ ફૂલહારથી હંમેશાં બચતી રહી હતી, એના દેહ પર ફૂલ અને પુષ્પહારના ઢગલા છવાઈ ગયા. તેઓ ક્યારેય કોઈને ચરણસ્પર્શ નહોતા કરવા દેતા. આજે મોટા મોટા લોકોએ એમના ચરણ પકડીને આંસુ વહાવ્યાં.

છઠ્ઠી તારીખની સાંજે, અસાધારણ અંતિમયાત્રાની તૈયારી થઈ. મહાયાત્રાના આરંભ પૂર્વે શ્રી ગુરુજીએ આપેલાં બંધ કવર ખોલાયાં. તેમણે લખેલા પત્રો ધ્વનિવર્ધક પર વાંચી સંભળાવવામાં આવ્યા. મહારાષ્ટ્ર પ્રાંતના સંઘચાલક શ્રી બાબારાવ ભીડેજીએ પહેલો પત્ર વાંચ્યો :

'.... અન્યાન્ય પ્રાંત સંઘચાલકો સાથે મેં આ અંગે ચર્ચા કરી. આપણા પ્રમુખ કાર્યકર્તાઓ સાથે વિચારવિનિમય કર્યો. એનો સારભૂત નિર્ણય હું પ્રગટ કરું છું... મારો દેહ શાંત થયા પછી સરસંઘચાલકની જવાબદારી શ્રીમાન્ મધુકર દત્તાત્રેય ઉપાખ્ય બાળાસાહેબ દેવરસ સંભાળશે... આપણે યાદ રાખીએ કે આપણું કાર્ય ધ્યેયનિષ્ઠ છે, વ્યક્તિનિષ્ઠ નથી. આથી નાના - મોટા સૌ સ્વયંસેવકો આપણા પરમ પૂજનીય સરસંઘચાલકજીના નેતૃત્વમાં સંઘકાર્ય કરે.

તેને માટે કાયા - વાચા - મનસા પ્રયત્નશીલ રહે.'

બીજા બે પત્રો પરમ પૂજનીય શ્રી બાળાસાહેબ દેવરસજીએ વાંચી સંભળાવ્યા. બીજા પત્રનો આશય આવો હતો :

'આપણું કાર્ય રાષ્ટ્રપૂજક છે, ધ્યેયપૂજક છે. એ વ્યક્તિપૂજક નથી. મારું કોઈ સ્મારક વગેરે ન બનાવાય. વ્યક્તિનું માહાત્મ્ય વધારવામાં ન આવે... મેં બ્રહ્મકપાલમાં મારું પોતાનું શ્રાદ્ધ કરી લીધેલું હોવાથી ધાર્મિક દૃષ્ટિએ પણ સૌ ક્રિયાકર્મ બિનજરૂરી છે...'


ત્રીજો પત્ર હૃદયસ્પર્શી હતો, તેનો આશય હતો :

'...પરમ પૂજનીય શ્રી ડૉક્ટરજીએ ૨૧ જૂન, ૧૯૪૦ના દિવસે ઈહલોક લીલા સમાપ્ત કરી. તે પછી આ મહાન કાર્યનો ભાર મારે માથે આવી પડ્યો. તે વખતે મને સંઘકાર્યનો કોઈ જ અનુભવ નહોતો, પરંતુ આપણા જૂના કાર્યકર્તાઓએ મને સંભાળી લીધો... ૩૩ વર્ષ સુધી હું આ કાર્ય કરતો રહ્યો. આ દીર્ઘકાળ દરમિયાન મારા સ્વભાવવૈચિત્ર્યને કારણે કે અન્યાન્ય દોષોને કારણે અનેક કાર્યકર્તાઓને મેં દુ:ખ પહોંચાડ્યું હશે. હું તે સૌની હાથ જોડીને ક્ષમાયાચના કરું છું... મારા હૃદયની ભાવનાઓને હું સંત તુકારામજીના શબ્દોમાં વ્યક્ત કરું છું.

અંતિમ હૈ યહ પ્રાર્થના, સંતજન સુનેં સભી;
વિસ્મરણ ન હો મેરા, આપ કો પ્રભુ કભી.
અધિક ઔર ક્યા કહું, વિદિત સભી શ્રી ચરણોં મેં;
તુકા કહે ચરણ ગ્રહં, રખે કૃપા કી છાંહ મેં

પત્ર વાંચતાં વાંચતાં પરમપૂજ્ય શ્રી બાળાસાહેબનો કંઠ રૂંધાઈ ગયો. એને સાંભળતી વખતે હજારો સ્વયંસેવકની આંખમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી.

મહાયાત્રા આરંભાઈ. સમયસર રેશમબાગ સંઘસ્થાન પર પહોંચી આદ્ય સરસંઘચાલક પરમ પૂજનીય ડૉ. હેડગેવારજીની પ્રતિમા સમક્ષ જ શ્રી ગુરુજીનો દેહ અગ્નિને સમર્પિત કરવામાં આવ્યો. શ્રી ગુરુજીનું જીવન પણ અગ્નિમય જ હતું; એક યજ્ઞ હતું. એક જીવનયજ્ઞની જ્વાળાઓ ઊંચી ઊઠીને આકાશને જઈ મળી અને દિગદિગંતમાં પહોંચી ગઈ. ઘણાએ તેમનામાંથી તેજકણ પામી પોતાનાં અંત:કરણને પ્રજ્વલિત કર્યાં. અનેકોએ એ જ્વાળાઓમાંથી નવો પ્રકાશ પ્રાપ્ત કર્યો. ઘણાને એ પ્રકાશમાં નવા નવા માર્ગો દેખાવા માંડ્યા.




मूल्य रू. ३०-००

સાહિત્ય સાધના ટ્રસ્ટ
રામનિવાસ, બળિયાદેવના મંદિર પાસે, કાંકરિયા
અમદાવાદ ૩૮૦ ૦૨૮ • દૂરભાષ ૦૭૯ ૨૫૪૩૪૫૪૯